

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • 10, November 2023 | ₹ 75

# વિશ્વકર્મા વિશ્વ



# Forging the Future

"આંતરરાષ્ટ્રીય ગુણવતા પ્રમાણે મોડર્ન ફોર્જીંગ ટેકનોલોજી તેમજ સી.એન.સી. મશીન દ્વારા બેરીંગ રીંગ, ગીયર બ્લેન્ક અને ઓટોમોટીવ પાર્ટસ્‌ના ઉત્પાદક. ભારત, અમેરીકા તથા યુરોપની નામાંકિત કંપનીઓ જેવી કે SKF, SCHAEFFLER, TIMKEN, TACO, NTN-SNR-ICSA, KOYO, NACHI, NBC, MAHINDRA GEARS & DANA-OERLIKON ના ગ્રીનફ્લો કેટેગરીના સપ્લાયર."





RTL

## રવિ ટેકનોફોર્જ પ્રા. લી.

IATF 16949 : 2016, ISO 14001 : 2015 & ISO 45001 : 2018

ઉત્પાદક : બેરીંગ રીંગ, ગીયર બ્લેન્ક અને ઓટોમોટીવ પાર્ટસ્‌

રજીસ્ટર્ડ ઓફિસ એન્ડ ફેક્ટરી : સર્વે નં. 50/પી, ટોલનાકાની પાછળ, રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે નં.27, પીપળીયા, તા. ગોંડલ, જી. રાજકોટ. ગુજરાત (ભારત) ફોન : +91-2827-350200

E-mail : info@ravitechnoforge.com | Web : www.ravitechnoforge.com


Vijay electronics
mega store
ઓનલાઈન અને
મોલથી સસ્તુ
મળશે ફક્ત વિજયમાં
આ દિપાવલી પર આપને મળે ખુશીઓનો ખજાનો
દિપાવલી અને નવવર્ષની
હાર્દિક શુભકામનાઓ
LG | SAMSUNG | Panasonic | MITSUBISHI ELECTRIC | IFB | BOSCH
nextview | JBL | VU | Treeview | SIEMENS | BAJAJ
Carrier | miniMAX | HAVELLS | Symphony | BPL
વિજય
મલ્ટી બ્રાન્ડ શો-રૂમ
ઈલેક્ટ્રોનિક્સ મેગા સ્ટોર
ઈમ્પિરીયલ હાઈટ્સ
બિગ બઝાર સામે, 150 ફૂટ રીંગ રોડ, રાજકોટ. M: 90999 70086
સર્વેશ્વર ચોક
ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ. M: 90999 70315
અંબિકા ટાઉનશીપ
સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, તુલસી ઈમ્પીરીયા. M: 90999 70771
કોઠારીયા મેઈન રોડ
સન પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M: 99980 85777
નારાયણનગર
મેઈન રોડ, ત્રિશુલ ચોક, રાજકોટ. M: 99980 57762
ગોંડલઃ ગુંદાળા રોડ | ધોરાજીઃ સ્ટેશન રોડ | ઉપલેટાઃ બાવલા ચોક | સુરેન્દ્રનગરઃ મિલન ટોકીઝ રોડ | ઉનાઃ ડેલવાડા રોડ

YAMUNA®




HÖFLER HELIX



MAXIMUM FLEXIBILITY
WITH GEAR GRINDING

YAMUNA GEARS PVT. LTD.
Plot No. : 138/141, Survey No.: 43/1, B/h Jackgon Co., 150 Feet Ring Road,
Vavdi, Rajkot - 360 004. (Gujarat) INDIA. Mo. : +91 99798 49922 | 99798 49933
Email : info@yamunagears.com | sales@yamunagears.com
Website : www.yamunagears.com




**: શુભેચ્છક :**

**સુનિલ ગજજર - ૯૮૨૪૨ ૧૦૯૧૦**

**જીજ્ઞેશ સંચાણિયા - ૯૮૯૮૦ ૧૦૯૧૦**

---

INNOVATIVE
mould works

**H.O. :** Plot No. 72/2, Nr. Old tall Plaza, NH-8B Gondal Highway, Kothariya, Rajkot-04
**Plant :** Plot No. 56, Shreenathji Ind. Estate, Lothada, Inside Pardi Village NH-8B Gondal Highway, Rajkot-04

# Arvee Mechatech®

Passion and Precision in Mechatronics Synergy

Advance machinery solution for Eyewear industries.
Advance machinery solution for Laser cutting Industries.
Multi Axis Multi turn Advance CNC Automation

## WE KNOW HOW BETTER

Our current machines are the result of more than 40 years of experience in the field of Eyewear manufacturing and so that we, better understand customer's needs and fixing their material removing and joining processes issues with standard or customized solution.

## MACHINE DESIGN

Driven by innovation and quality. Our goal is to design performing and long lasting machines, based on leading edge technologies. Every new project is a challenge and we push our R&D to always aim for excellence.

## MACHINE MANUFACTURING

Every machine is assembled in our facilities and many serve quality checks are carried out before the delivery. Our special care goal is to only provide value to out customers.

## READY FOR INDUSTRY 4.0

In market increasingly oriented towards automation and the new standards imposed by the 4.0 industrial revolution, we decided to take our offer to a higher level, by implementing cutting-edge technology solutions. By adapting our experiences and advance knowledge in the field of Eyewear industries, we have developed high speed CNC machines for standard and customized machining processes


*Best Wishes from*

Mr. Ramesh Vadgama
(B.sc. In Physics)
Mr. Akash Vadgama
(Mechatronics System Developer)
+91 7487 99 5758

E-mail : arvee.mechatech@hotmail.com
export.arvee@hotmail.com
+91 7874 9393 92

*High Speed cnc solution*

1. VMC400 E series
   production 120 to 140 frames/min (Single operations)
2. VMC400 S serise
   production 160 to 180 frame/min (Single operations)
3. VMC400 XF series
   production 1 frame/min (Full operations)
4. VMC400 X Line
   production 1 frame/ 20 second (Full operations)
5. VMC400 B serise
   Specially for bespoke Eyewear designer



Introducing
VMC400 XLine 4.0
Revolutionizing for
manufacturing for E-Commerce Companies


High and Flexible Production capacity
Automatic Storage and Retrieval System
Customer-Dirven Production Planning
Digital Inspection

The VMC400 XLine 4.0 is custom-tailored for E-commerce companies. It optimizes your production process to meet the unique challenges of the E-Commerce landscape, from handling diverse product model to real-time order fulfillment.

Unit 1
Madhapar circle, Opp. Gandhi Society, Madhapar industrial area, Near kishan steel, Rajkot-360005.Gujara India.

Unit 2
Kalawad Road, Kevalam Valley Resort Gate, besides Teraflow Engineering Pvt. Ltd. Village Devada, Lodhika, Rajkot - 360021, Gujarat ,India.

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-12, Issue No.10
Date : 10-11-2023

Page : 100
Retail Price Rs.75/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**

## તંત્રી સ્થાનેથી...

# દિલમાં ભાવ અને પ્રેમનો પ્રકાશ ઝળહળી ઉઠે એ જ સાચી દિવાળી



*સ્વાર્થ ત્યાગીને પરમાર્થ કરવો તે સાચી દિવાળી છે. માનવ હૃદયમાં ચેતના જાગે અને આત્મજયોત પ્રગટે અને જ્ઞાન દિવડા ઝળહળી ઉઠે અને હૃદયમાં આનંદના ફુવારા ઉછળી નીકળે તેજ સાચી દિવાળી છે. જે દિવસ હૈયામાં આનંદ પ્રગટાવે તે જ સાચી દિવાળી છે, આવી દિવાળી કયારે આવે ? જયારે માણસ મારાપણાની નહીં પણ આપણાપણાની ભાવના કેળવે. સમાજમાં પણ હું પણું નહીં પરંતુ આપણાપણાની ભાવના દેખાય એ સાચી દીવાળી છે. દર દિવાળીએ દિવાળી પર્વમાં ઘરની સફાઈ કરવાનો અને કચરો કાઢવાનો રીવાજ છે. પરંતુ મનમાં રહેલ હું પણું અને મનમાં રહેલો અહમ રૂપી કચરો માણસ કાઢે છે ખરો ? જો માણસના હૃદયમાંથી અહમરૂપી કચરો નીકળી જાય તો તેના દિલમાં ભાવ અને પ્રકાશ ઝળહળી ઉઠે. આજ સાચી દિવાળી છે. દિવાળીનો અવસર છે. ગૃહસ્થધર્મની શોભાનો, આતિથ્ય ભાવનાના ઉત્સવનો. આવો આપણે ગૃહસ્થ જીવનના દ્વારે કોડીયાના શાંત અને સ્વસ્થ તેજને અંતરમાં ઉતારીએ.*

*'વિશ્વકર્મા વિશ્વ'એ ૧૯ વર્ષ પહેલા દીપોત્સવી વિશેષાંક આપવાની પરંપરા શરૂ કરી. 'વિશ્વકર્મા વિશ્વ'ના દ્વિદશાબ્દી વર્ષમાં આ ૨૦માં દીપોત્સવી વિશેષાંક પ્રસિદ્ધ થઈ રહયો છે અને વિશ્વકર્મા જયંતિએ વિશ્વકર્મા વિશ્વ સફળતાના ૨૦ વર્ષ પુરા કરશે ત્યારે દિવાળીની તેજોમય વિદાય સાથે નવલા વર્ષનું પ્રભાત સૌનુ જીવન પ્રસન્નતામય બનાવવાની સાથે પ્રકાશમય, કલ્યાણકારી અને યશસ્વી બને. સૌનો સાથ સૌનો વિકાસ એ સુત્રને સાર્થક કરીને સમાજ ઉન્નતિના શીખરો સર કરીને સૌનો આર્થિક, સાંસ્કૃતિક, સામાજીક અને ધાર્મિક વિકાસ થાય અને સૌના દિલમાં ભાવ પ્રેમનો પ્રકાશ સદાય પથરાયેલો રહે તેવી ભાવના સાથે દેશ-વિદેશના વાંચકો, વિજ્ઞાનપદાતાઓ, સમાજના અગ્રણીઓ, સગા-સ્નેહીજનોને નૂતન વર્ષાભિનંદન.*

PDGajjar
◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

દીપોત્સવી વિશેષાંક-૨૦૨૩

# અનુક્રમણિકા...

વિશ્વકર્મા વિશ્વ



૧. દિવાળીના તહેવાર વિશે તમને આ ખબર છે ? ........................ નિતુલ ગજ્જર .............. ૯
૨. નૂતન વર્ષાભિનંદન ................................................ બાબુભાઈ ડી. મેવાડા ......૧૧
૩. કારખાનાઓમાં દિવાળીની ઉજવણી : પહેલા અને આજે............... જયંતીભાઈ નગેવાડિયા .. ૧૩
૪. 'કહો કહોને કયારે ?' ................................................ પ્રો. ડી.જે. બાવલેચા ..... ૧૯
૫. સાચી દિપાવલી...................................................... વિદ્યા ગજ્જર (મહીધરીયા) ..૨૦
૬. સમુમા ............................................................... જોરાવરસિંહ જાદવ .........૨૩
૭. મનના મોરપીંછ ...................................................... દીનેશ પાંચાલ...............૨૬
૮. દેવું (હાસ્યલેખ) ..................................................... પલ્લવી જિતેન્દ્ર મિસ્ત્રી......૩૧
૯. શાંતિ (વાર્તા) ....................................................... હસમુખ બોરાણિયા .........૩૩
૧૦. કન્યાદાન(વાર્તા) ................................................... જ્યોતિ ગજ્જર, વડોદરા......૩૫
૧૧. નાટક : પ્રકાશનો પર્વ................................................ દિનેશ ગજ્જર ...............૪૩
૧૨. હવે તો બસ લડી જ લેવાનુ ! ......................................... અનિલ ખારેચા ..............૪૭
૧૩. ખેવૈયા .............................................................. કોમલ દિપેન બકરાણિયા ..૪૮
૧૪. રતનના સમ (લઘુકથા) ................................................ ભાવિન કથ્રેચા ..............૫૩
૧૫. કાવ્યો (જયોતિ ગજ્જર, વિદ્યા ગજ્જર, નમદીપ–નમ્રતા દીપકસિંહ ડોડીયા,
ભાવિન કથ્રેચા, મનીષા ગજ્જર) .................................................................૫૫
૧૬. મોરારિબાપુની જયોતિર્લિંગ રામકથા : એક વિરલ આધ્યાત્મિક અવસરનીતિન વડગામા .......... ૫૭
૧૭. જિંદગીને લલકાર.................................................... શાંતિભાઈ ખોડદીયા........૬૩
૧૮. કલ્પનાતીત પદ્મનાભસ્વામી મંદિરની સફર ............................ લલિત બાબુભાઈ ખંભાયતા૬૪
૧૯. મેડિસિન કે મેડિટેશન? પસંદગી આપણે કરવાની છે ................. ગીતા માણેક................૬૭
૨૦. સ્પંદનો :સંબંધોમાં સામીપ્યનું સ્થાપન કરતું એક મહત્વનું પરિબળ... અનિલ અંબાસણા..........૭૫
૨૧. ભાતીગળ પહેરવેશની ગઈકાલ અને આજ ............................. અમૂલ પરમાર ...............૭૮
૨૨. 'વાતોનું વિચારવા જેવું વિજ્ઞાન – ૬' : વાતોના પ્રયોગો ............... ડો. વિષ્ણુ પ્રજાપતિ........૮૦
૨૩. આત્મવિશ્વાસ જીવનઘડતરનો પાયો છે ................................ નટવર આહલપરા ..........૮૭
૨૪. શ્રી વિશ્વકર્મા પ્રભુની અવતાર લીલા અને આધુનિક યુગને સંદેશ ...... નટુભાઈ ગજ્જર ...............૮૮
૨૫. સરળ રીતે બનાવો દિવાળીની અવનવી મિઠાઈઓ ...................... શુભદા ભટ્ટી .................૯૨
૨૬. હાસ્ય વિશ્વ ......................................................................................૯૪



: કુલ પાના : ૧૦૦

**ટાઈટલ ફોટો :**
મોડલ : હાર્દી સંજયભાઈ અંબાસણા

માર્કેટીંગ : **રમેશભાઈ વાઘસણા**



# દિવાળીના તહેવાર વિશે તમને આ ખબર છે ?

● નિતુલ ગજ્જર

ભારતમાં સૌથી વધુ ધામધૂમથી કોઈ તેહવાર ઉજવવામાં આવતો હોય તો એ દિવાળી છે. દિવાળીના દિવસે ભગવાન શ્રીરામ પોતાનો વનવાસ પૂરો કરી અયોધ્યા પરત ફર્યા હોવાથી દેશભરમાં વિવિધ રીતે આ તહેવાર મનાવવામાં આવે છે. દિવાળીના દિવસોમાં ઠેર ઠેર રોશની, આતશબાજી અને ઉત્સાહભર્યો માહોલ જોવા મળે છે અને આપણે ત્યાં ગુજરાતમાં તો દિવાળીના બીજા દિવસથી નવું વર્ષ શરૂ થતું હોવાને કારણે આ તહેવારની રોનક અનોખી હોય છે. ભારતભરમાં દિવાળીનો ઉત્સવ અલગ અલગ રીતે મનાવવામાં આવે છે. ક્યાંક દિવાળીના દિવસે પૂજા અર્ચના કરવામાં આવે છે તો ક્યાંક રાક્ષસોના પૂતળાનું દહન કરી દિવાળી ઉજવવામાં આવે છે. આવી જ દિવાળી વિશેની કેટલીક ઓછી જાણીતી વાતો અહી કરવામાં આવી છે

દિવાળી માત્ર હિન્દુ ધર્મના લોકો જ ઉજવે છે એવું નથી. આ તહેવાર શિખ અને જૈન ધર્મમાં પણ એટલી જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ભારતની બહાર પણ દિવાળી ઉજવવાનો રિવાજ છે. ભારત સિવાય ઈન્ડોનેશિયા, ફિઝી, મોરેશિયસ, મલેશિયા, સિંગાપોર, શ્રીલંકા, નેપાળ, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ઇંગ્લેન્ડ તેમજ ત્રિનિદાદ અને ટોબેગો ટાપુ પર પણ દિવાળી મનાવવામાં આવે છે. આ બધા દેશમાં ભારતની જેમ જ ભવ્ય આતશબાજી સાથે દિવાળીનો પર્વ ઉજવવામાં આવે છે. જે સિવાય ફિઝી અને ત્રિનિદાદ જેવા કેટલાક દેશમાં તો પરંપરાગત રીતે દિવાળીની પૂજા પણ કરવામાં આવે છે. મજેદાર વાત એ કે ભારતની જેમ જ આ તમામ દેશમાં પણ દિવાળીના દિવસે જાહેર રજા આપવામાં આવે છે.

પશ્ચિમ બંગાળમાં નવરાત્રી દરમિયાન યોજાતી દુર્ગાપૂજા વિશ્વ પ્રખ્યાત છે. પણ અહી દિવાળીના દિવસોમાં ફરી એક વાર દુર્ગાપૂજા જેવો જ માહોલ સર્જાય છે. દિવાળીના દિવસે સમગ્ર બંગાળમાં કાલીપૂજા યોજવામાં આવે છે. અહી બંગાળમાં દિવાળીના દિવસે માહાકાલી માની મૂર્તિ સ્થાપિત કરી તેની પૂજા કરવામાં આવે છે



અને થોડા દિવસ બાદ માની પ્રતિમાનું વિધિસર વિસર્જન કરી દેવામાં આવે છે. અહીંના લોકો માને છે કે દિવાળીના દિવસોમાં મહાકાળી માને પૂજવાથી નકારાત્મક પ્રભાવ પાડનાર શક્તિ આખું વર્ષ તેમનાથી દૂર રહેશે.

દિવાળી શબ્દનો સંસ્કૃતમાં અર્થ થાય છે 'દિવડાઓની હારોળ'. એક માન્યતા અનુસાર ઘરની બહાર એક હારોળમાં મૂકેલા દિવડાઓ મા લક્ષ્મીને ઘરમાં દોરી લાવે છે. મા લક્ષ્મી આપણે ઘરે પધારે અને દિવાળી બાદ આખું વર્ષ ઘરમાં સમૃદ્ધિ બની રહે તે માટે જ દિવાળી પહેલા ઘરને સાફ કરીએ સજાવવામાં આવે છે.

દિવાળીના દિવસોમાં ફટાકડા ફોડવાનો રિવાજ આપણે ત્યાં છે. દર વર્ષે દિવાળી દરમિયાન લોકો કરોડો રૂપિયાનું દારૂખાનું ફોડે છે. ૨૦૦૦ વર્ષ પૂર્વે શોધાયેલા ફટાકડા અસલમાં પ્રકાશ પ્રસરાવવાનું કામ કરે છે. ફટાકડા ફોડવાને કારણે નકારત્મક શક્તિઓ નષ્ટ થઈ જશે તેવી માન્યતા વ્યાપકપણે દુનિયાના ઘણા પ્રાંતમાં ફેલાયેલી છે. આમ તો ફટાકડાની શોધ ચીનમાં થઈ હોવાનું માનવામાં આવે છે પંરતુ આપણા દેશ ભારતમાં પણ ફટાકડા બનાવવાનો ખૂબ મોટો ઉદ્યોગ વિકસિત થયો છે. દક્ષિણ ભારતના શિવાકાશીમાં વર્ષે લાખો ટન દારૂખાનું બને છે. ચીન પછી દુનિયામાં સૌથી વધુ ફટાકડાનું નિર્માણ ભારતમાં થાય છે. શિવાકાશીમાં બનતા ફટાકડાનો દુનિયાના ઘણા દેશમાં વિવિધ અવસરો માટે નિકાસ કરવામાં આવે છે.

ફટાકડા બાદ દિવાળીમાં સૌથી વધુ કોઈ વસ્તુ પાછળ ખર્ચ કરવામાં આવતો હોય તો એ રંગોળી છે. ઘર આંગણે વિવિધ રંગોથી તૈયાર કરવામાં આવતી કલાત્મક ડિઝાઈન ઘરે આવતા સૌ કોઈને આકર્ષવા પૂરતી હોય છે. આપણે ત્યાં તો જોકે રંગોળી કરવા માટે માત્ર કૃત્રિમ રંગો જ વાપરવામાં આવે છે, પંરતુ ભારતના જ કેટલાક અન્ય પ્રાંતમાં રંગોળી માટે ફૂલ, લોટ, ચોખા અને રેતીનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

ગુજરાત સિવાય સમગ્ર ભારતમાં પણ દિવાળીને પાંચ દિવસના ઉત્સવ તરીકે જ મનાવવામાં આવે છે. દિવાળીના આ પાંચ દિવસ એટલે ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, નવુવર્ષ (માત્ર કેટલાક પ્રાંતમાં જ, બાકી બધે આ દિવસ લક્ષ્મીપૂજન તરીકે મનાવવામાં આવે છે) અને ભાઈબીજ.

ધનતેરસના દિવસે આપણે ત્યાં સોનું ખરીદવાનો રિવાજ છે એ વાતો તો જાણીતી છે. પણ શું તમને ખબર છે ભારતના ઘરોમાં ગૃહિણીઓ પાસે દુનિયાનું કુલ ૧૧ ટકા સોનું સંઘરાયેલું છે. રસપ્રદ બાબત એ કે આમાંથી મોટાભાગનું સોનું ધનતેરસના દિવસે ખરીદવામાં આવેલું છે.

**"ભારતમાં દિવાળીના સેંકડો રૂપ જોવા મળે છે, ઓડિશામાં આ દિવસને કાર્તિક પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે તો વારાણસીમાં દિવાળીના દિવસે ગંગા નદીના ઘાટ પર એક સાથે લાખો દિવડા પ્રગટાવી મા ગંગાની ભવ્ય આરતી કરવામાં આવે છે."**

ભારતની બહાર સૌથી શાનદાર દિવાળી બ્રિટનના લેસ્ટરમાં ઉજવવામાં આવે છે. દિવાળીના દિવસે અહી ભવ્ય આતશબાજી યોજવામાં આવે છે. દિવાળીના દિવસે ફટાકડાને લીધે આકાશમાં સતત ફેલાતા રંગબેરંગી પ્રકાશને જોવા દર વર્ષે હજારો લોકો રસ્તા પર ઉતરી આવે છે. સાથે જ આતશબાજી પત્યા બાદ લોકો એકબીજાને મળીને નવાવર્ષની મુબારકબાદ આપતા ખાણીપીણીની લ્હાણી કરે છે.

દિવાળી કેટલાક ઝૂઝ દિવસો પૈકી એક છે જ્યારે ભારત અને પાકિસ્તાન બંને દેશના સૈનિકો એકબીજા સાથેની દુશ્મની ભૂલી નજીક આવે છે. ભારત અને પાકિસ્તાન ત્રણ વખત યુદ્ધ લડી ચૂક્યા છે, જે સિવાય આવરનવર આ બંને દેશ વચ્ચે કોઈને કોઈ બાબતે તણખા ઝરતા રહે છે તેમ છતાં દિવાળીના દિવસે દર વર્ષે ભારત અને પાકિસ્તાનમાં સૈનિકો એકસાથે ભાઈચારાથી એકબીજાનું મોઢું મીઠું કરાવી અરસપરસમાં ભેટી ઉત્સવની શુભેચ્છા પાઠવે છે.

ભારતમાં દિવાળીના સેંકડો રૂપ જોવા મળે છે, ઓડિશામાં આ દિવસને કાર્તિક પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે તો વારાણસીમાં દિવાળીના દિવસે ગંગા નદીના ઘાટ પર એક સાથે લાખો દિવડા પ્રગટાવી મા ગંગાની ભવ્ય આરતી કરવામાં આવે છે. અયોધ્યામાં પણ મોટાપાયે દિવડાની સજાવટ કરવામાં આવે છે. પૌરાણિક માન્યતા અનુસાર ભગવાન શ્રીરામ જ્યારે અયોધ્યા પાછા ફર્યા તે વખતે હજારો દિવડા પ્રગટાવી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ રિવાજ આજે પણ પ્રચલિત છે. આજે પણ અયોધ્યામાં સરયુ નદીના કાંઠે લાખોની સંખ્યામાં દિવડા પ્રગટાવવામાં આવે છે.

સિંધી સમાજના લોકો દિવાળીના આગલા દિવસને છોટી દિવાળી તરીકે ઉજવે છે. આ દિવસને તેઓ ઘરની બહાર તલના તેલનો દીવો મૂકી ઉજવે છે.

ગોવામાં દિવાળીના આગલા દિવસે નરકાસુર રાત્રિ મનાવવાનો રિવાજ છે. આ દિવસે અહીંના લોકો નરકાસુરના વિશાળ પરંતુ દેખાવમાં ગંદા એવા પૂતળા બનાવી બાળે છે. અહીંની સ્થાનિક માન્યતા અનુસાર આ રીતે નકારાત્મક શક્તિનો નાશ થાય છે અને જીવનમાં સકારાત્મકતાનો સંચાર થાય છે. દિવાળી પછી ભાઈબીજના દિવસને ગોવામાં ભાઉ બીજ તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે બહેન પોતાના ભાઈના કપાળ પર નારિયલની 'પેસ્ટ' લગાડી તેની આરતી ઉતારે છે અને ભાઈની રક્ષા અને પ્રગતિ માટે પ્રાર્થના કરે છે.



# નૂતન વર્ષાભિનંદન

● બાબુભાઈ ડી. મેવાડા

દિવાળીનો તહેવાર એટલે સૌને મળવાનો તહેવાર.

જેના ઘેર ના જવાયુ હોય તેના ઘેર જવાનો તહેવાર.

જેનાથી ના બોલતા હોય તેનાથી બોલવાનો તહેવાર.

સંબંધીઓના સંબંધ તાજા કરવાનો તહેવાર.

પહેલાના જમાનામાં ગામડાઓમાં બેસતા વર્ષે અનુકૂળ સમયે દિવસે કે રાત્રે સૌ એકબીજાના ઘેર રૂબરૂ મળવા જતા ને વખતે ખાંડ, સાકર, પતાસા કે ગોળથી ઘેર મોં મીઠુ કરાવવામાં આવતું. એક બીજાને હાથ મિલાવીને કે ભેટીને નૂતનવર્ષાભિનંદન, જયશ્રીકૃષ્ણ, રામરામ, સાલમુબારક કે હેપી ન્યુ યર કહેવામાં આવતું. શહેરોમાં તો જેમ દિવાળી નજીક આવે તેમ ઘેર ઘેર સ્ત્રીઓ જાતજાતના નાસ્તા ઘરે જ તૈયાર કરતી, એક બીજાના ઘેર મદદમાં પણ જતી અને નાસ્તા માટે વડા, સુવાળી, સેવ, ઘુઘરા, મઠીયા અને જાતજાતની મીઠાઈઓ બનાવવામાં આવતી અને મળવા આવનારને નાસ્તો આપવામાં આવતો અને સૌને નૂતન વર્ષાભિનંદન પાઠવવામાં આવતી. સમયની સાથે ઘણું બદલાય છે તેમ હવે બજારમાં તૈયાર નાસ્તા મળે છે તેથી ઘેર નાસ્તા બનાવવામાં આવતા નથી. ઘેર ઘેર જઈને મળવાનું પણ ઓછું થતું જાય છે. ઘણા પરિવારો તો ખાસ આ દિવસોમાં ઘર બંધ કરીને બહારગામ જાત્રા કે પ્રવાસે ઉપડી જાય છે. જેથી કોઈના ઘેર જવાનો કે ઘેર કોઈ આવવાનો પ્રશ્ન જ રહેતો નથી.

જે સગા, સંબંધી, મિત્રો એક જ ગામમાં કે એક જ શહેરમાં રહેતા હોય તેમને રૂબરૂ મળી શકાતું પરંતુ જે બહારગામ કે બીજા શહેરમાં રહેતા હોય તેમને રૂબરૂ મળી શકાતું નહીં. તેમને ટપાલ મારફતે અભિનંદન પાઠવવામાં આવતા. પહેલાના જમાનામાં માહિતી મોકલવાનું કે મેળવવાનું એકમાત્ર માધ્યમ ટપાલ સેવા હતી અને ટપાલ સેવામાં પણ સહેલુ અને સામાન્ય માણસને પોસાય તેવું પોસ્ટકાર્ડ ખુબ જ લોકપ્રિય હતું. દુર રહેતા સંબંધીઓને પોસ્ટકાર્ડ લખાતૂં. દિવાળીના થોડા દિવસ પહેલા પોસ્ટકાર્ડ લખવામાં આવતા જેથી દિવાળી સુધીમાં મળી જતા. પોસ્ટકાર્ડ લખનારના પોતાના હસ્તાક્ષર જોવા અને વાંચવા મળતા અને રૂબરૂ મળ્યા જેટલો આનંદ થતો.

પોસ્ટકાર્ડ પણ અલગ અલગ પ્રકારે લખાતા. જેની સાથે જેવો સંબંધ, જેની જેવી ઉમર તે પ્રમાણે દરેકને અનુરૂપ લખાણ લખાતું. કેટલીકવાર પોસ્ટકાર્ડમાં લખાણની સાથે જાતે ચિત્રો દોરવામાં આવતા જાતે ચિત્રો દોરવાની, ડિઝાઈન કરવાની અને લખાણ લખવાની મજા આવતી, પોસ્ટકાર્ડને કોને લખવાનું છે જેમ કે પ્રેમીને, પ્રેમીકાને, મિત્રોને, બાપુજીને કે અન્ય વડીલોને



તે પ્રમાણે ચિત્રો દોરાતા, શેર શાયરીઓ લખાતી અને લખાણ લખાતું. આવા કેટલાક પોસ્ટકાર્ડ વર્ષો સુધી એક સંભારણા તરીકે સંગ્રહી રાખવામાં આવતા. આવા પોસ્ટકાર્ડ તૈયાર કરવાથી માણસમાં રહેલી કલા અને સાહિત્યની સુષુપ્ત શક્તિઓ ખીલીઅને આવા પત્રો વાંચવાથી ખૂબ આત્મિયતા લાગતી.

છાપકામનો વિકાસ થયો તે પછી તો છાપેલા તૈયાર દિવાળી-કાર્ડ બજારમાં મળતા. આવા તૈયાર કાર્ડ પર દેવી-દેવતાના ફોટા, લાગણીશીલ ચિત્રો, શુભેચ્છાઓ અને કુદરતી દશ્યો છાપેલા તૈયાર મળતા તેના પર લખાણ પણ છાપેલું જ હોય. લોકો તેવા તૈયાર દિવાળી કાર્ડ ખરીદતા તેમાં ફક્ત સરનામું જ જાતે કરવાનું રહેતું. જેથી જેને દિવાળી કાર્ડ લખીએ અને સરનામુ કરીએ ત્યારે તેની યાદ આવતી અને વાંચનારને સંબંધીના હસ્તાક્ષર જોવા, વાંચવા મળતા.

વેપારીઓ અને ધંધાદારી વર્ગ પોતાની પેઢી કે કંપનીના નામથી ખાસ લખાણ અને ફોટાવાળા દિવાળી કાર્ડ છપાવીને તૈયાર કરાવતા. દિવાળી આવે એટલે વેપારીઓને, ગ્રાહકોને અને સંબંધીઓને અગાઉથી તૈયાર કરેલ યાદી પ્રમાણે ઓફિસના માણસો સરનામુ કરીને કે સરનામાનું સ્ટીકર લગાવી નૂતન વર્ષની શુભેચ્છા મોકલી આપતા. મુખ્ય માણસને તો ખબર પણ ના હોય કે કયા કયા માણસોને કેવા કાર્ડ મોકલ્યા છે. આ તો એક યંત્રવત્ પ્રક્રિયા જ હતી, તેમાં કોઇ આત્મિયતા કે લાગણીનો કોઇ પ્રશ્ન જ ન હતો. કેટલીક કંપનીઓ અને સંસ્થાઓ તો સમાચારપત્રોમાં કે મેગેઝીનોમાં સામૂહિક નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.

> **જેમ જેમ જમાનો આગળ વધ્યો તેમ તેમ નૂતન વર્ષાભિનંદન પાઠવવાની રીત બદલાતી ગઇ. લેન્ડલાઇન ટેલીફોન આવ્યા એટલે ટેલીફોન કરીને શુભેચ્છા પાઠવી દેવામાં આવતી. ટેલીફોનમાં સંબંધીનો અવાજ સાંભળવા મળતો, સુખ-દુઃખના સમાચાર પણ પૂછાતા.**

જેમ જેમ જમાનો આગળ વધ્યો તેમ તેમ નૂતન વર્ષાભિનંદન પાઠવવાની રીત બદલાતી ગઇ. લેન્ડલાઇન ટેલીફોન આવ્યા એટલે ટેલીફોન કરીને શુભેચ્છા પાઠવી દેવામાં આવતી. ટેલીફોનમાં સંબંધીનો અવાજ સાંભળવા મળતો, સુખ-દુઃખના સમાચાર પણ પૂછાતા. હવે તો ડીજીટલ યુગ આવ્યો છે. માહિતી મોકલવાનું કે મેળવવાનું અગત્યનું સાધન મોબાઇલ છે. મોબાઇલમાં વોટસએપ કે એસએમએસ કરીને વ્યક્તિગત રીતે કે સામૂહિક ગૃપમાં નૂતન વર્ષાભિનંદન પાઠવી દેવામાં આવે છે.

પરિવર્તન જગતનો નિયમ છે સમયની સાથે બધુ બદલાય છે. જમાનો ખુબ જ આગળ વધ્યો છે. પહેલા લોકો રૂબરૂ મળતા તેથી સુખ-દુઃખના સમાચાર પૂછતા, હાવભાવ પરથી આત્મિયતા જોવા મળતી. આજે તો રૂબરૂ મળવાનો કોઇની પાસે સમય જ નથી. પોસ્ટકાર્ડ લખતા તેમાં સંબંધીના હસ્તાક્ષર જોવા મળતા અને આનંદન થયો આજે તો પોસ્ટકાર્ડ ચલણમાં છે પણ જોવા મળતા નથી પોસ્ટકાર્ડ કોઇ લખતું જ નથી. નવી પેઢીને તો પોસ્ટકાર્ડ એટલે શું ? તે ખબર નહીં હોય, પોસ્ટકાર્ડ જોયુ પણ નહીં હોય. લેન્ડલાઇન ટેલીફોનમાં અવાજ તો સંભળાતો. અવાજ પરથી પણ માણસની લાગણી જાણી શકાતી. પરંતુ હવે તો લેન્ડલાઇન ફોન પણ ભૂતકાળ બનતા જાય છે. વોટસએપ અને એસએમએસમાં નથી તો અક્ષર જોવા મળતા કે નથી અવાજ સાંભળવા મળતો. આ પણ સમયની બલિહારી છે. માણસે સમયને માન આપવું પડે છે સમયની સાથે ચાલવું પડે છે, બદલાવું પડે છે.




અસાધ્ય રોગોની દવા વગરની સચોટ સારવાર

સુજોક એક્યુપ્રેશર સેન્ટર

વિશાખા ગજ્જર - મો. ૯૯૭૯૮ ૭૧૨૮૪

૪૩, રામવાડી સોસાયટી, શાંતારામ હોલની સામે, નિર્ણયનગર પાસે, ગરનાળુ, અમદાવાદ.



# કારખાનાઓમાં દિવાળીની ઉજવણી : પહેલા અને આજે

● જયંતીભાઇ નગેવાડિયા

વિશ્વકર્મા વિશ્વ સહિત દરેક મેગેઝીનોમાં દીપોત્સવી વિશેષાંકમાં દિવાળી અંગે જુદા જુદા દ્દષ્ટિકોણથી આર્ટીકલો જોવા મળશે. દિવાળી એટલે પ્રકાશનું પર્વ, દિવાળી એટલે વર્ષના વિદાયનું પર્વ વગેરે વગેરે હેડિંગો સાથેના લેખો જોવા મળશે. પરંતુ અહી મારે દિવાળી અંગે જે પહેલાના જમાનામાં કારખાનામાં દિવાળી અને આજના સમયમાં કારખાનામાં દિવાળી અંગે વાત કહેવી છે.

પહેલાના સમયમાં એટલે કે મારા અનુભવ પ્રમાણે કહું તો ૧૯૭૫ થી ૧૯૯૦–૯૫ સુધીના વર્ષમાં નાના–મોટા કારખાનામાં એટલે કે બે–પાંચ કારીગરથી માંડી પંદર–વીસ કારીગર સુધીનાં કારીગરોવાળા કારખાનાની વાત કરીએ તો પહેલા દિવાળી પહેલા એકાદ મહિના પહેલા કારખાનામાં રાતપાળી ચાલુ થઇ જતી. રાતના ૧૧–૧૨ વાગ્યા સુધી રાતપાળી કરતા અને બુધવારે પણ કારખાના ચાલુ રાખવામાં આવતા કારણ કે દિવાળીની પાંચ–છ દિવસની રજા આવતી. દિવાળી આવતી તેનો ઉત્સાહ કારીગરોમાં જોવા મળતો. દિવાળીના એકાદ અઠવાડિયા પહેલા નવા હિસાબી વર્ષના ચોપડા–ખાતાવહીનો ઓર્ડર સ્ટેશનરીવાળાને ત્યાં લખાવવામાં આવતા અને ધનતેરસના શુભદિવસે સારા મુહુર્તમાં ચોપડા લેવા જતા. જેમાં સ્ટેશનરી વાળા બ્રાઉન પેપરમાં વિટીને ચોપડા આપતા સાથે ખીતો અને લાલશાહીનો ખડીયો પણ આપતા.



દિવાળી પહેલા ધનતેરસ તો કોઈ કાળી ચૌદશના દિવસે કારખાનામાં મશીન સાફ–સફાઇ ચાલુ કરી દેતા. મશીન પણ ખુબ જ વ્યવસ્થિત સાફ કરતાં. કેરોસીનનું પોતુ મારી મશીનમાં ચોંટેલો કાળો ઓઇલવાળો મેલ ને પલાળતાં અને નાની ડીશમીશ જેવા સાધનોથી ખુણે ખાચરેથી સાફ કરતા અને છેલ્લે કટીંગ ઓઇલવાળું પોતુ મારી મશીનને ચમકાવતાં. દરેક કારીગર પોતે જે મશીન પર કામ કરતાં હોય તે મશીન દિલથી સાફ કરતાં બાદમાં કારખાનામાં પડેલા લોખંડના સળીયા કે કાસ્ટીંગ, માલ (પહેલા કોથળા કે પીપળા બહાર શેરી કે રોડ પર કાઢતા અને બાદમાં કારખાનું પાણીમાં કોસ્ટીક સોડા કે પાવડર નાખી આવરણાથી ઘસીને સાફ કરીને કારખાનું ચોખ્ખુ ચણાટ કરતાં. ઘણા ઘણાં કારખાનાવાળા દર વર્ષે ચુનો મારતા ચુનો પણ પથ્થરીયો ચુનો લાવી ડોલમાં પલાળતાં ફુટી જાય પછી ફોડીને ગાળીને કારીગર પાસે ચુનો મરાવતા. આમ મશીન અને કારખાનુ સાફ થઇ જાય પછી બહાર કાઢેલો માલ ફરી પુર્વવત જગ્યાએ મુકી દેતાં.

દિવાળીના દિવસે સાંજે ચોપડા પુજનની તૈયારી કરવાની હોય કારખાનામાં નામનાં બોર્ડ ઉપર ફુલ કે કાગળની પટ્ટીનું ડેકોરેશન કરતાં સાંજે શુભ મુહૂર્તમાં ચોપડા પુજન રાખવામાં આવતું. મોટાભાગના કારખાના રાત્રે ૯ વાગ્યા બાદ જ ચોપડા પુજન રાખવામાં આવતું. કારખાનાની બહાર મોટો ૨૦૦ વોલ્ટ લેમ્પ ચડાવી લાઇટ કરતાં કોઇ લાઇટની સીરીઝ પણ ગોઠવતા કારખાનની બહાર ટેપરેકોર્ડર તથા બાદમાં સીડી આવતા સીડી પ્લેયર વગાડી અને મોટા સ્પીકર રાખી મોટું વોલ્યુમ રાખી ફિલ્મીગીતો વગાડતાં, ચોપડા પુજનમાં ગોર મહારાજ કારખાનાની દુકાન જેવી નાની જગ્યામાં મશીનરી વચ્ચે ગમે તેવી સાંકડ–મુકડમાં પણ સ્થાપન કરી કારખાનેદારનો પરિવાર પુજામાં બેસતા સ્થાપન પાસે નવા વર્ષ માટે ખરીદેલાં ચોપડા ખોલીને રાખવામાં આવતા અને તેનુ પુજન કરવામાં આવતું અને પુજા બાદ તેમા શ્રી ૧૧ લખવામાં આવતું.

ચોપડા પુજન સમયે કારખાનેદારના પરિવારના વડીલો,

બાળકો તેમજ તેમના નજીકના સગા–સ્નેહીઓને પણ આમંત્રણ આપવામાં આવતું તેમજ ઘણા કારખાનેદારો કારીગરોને પણ તેમના પરિવાર સહિત બોલાવતા અને કારીગરો પણ દિવાળીને દિવસે રોજના કામના કપડાને બદલે નવા કપડા પહેરી પત્ની અને બાળકો સાથે ઉમંગ અને ઉત્સાહ સાથે દિવાળીનો આનંદ માણવા જગ્યા નાની હોય તો બહાર શેરી કે રોડ પર ખુરશી ગોઠવી બેસાડતા. ચોપડા પુજન બાદ દરેકને ચા–પાણી તેમજ ચેવડો પેંડા જેવો નાસ્તો કરવામાં આવતો અને બાદ કારીગરોને બોનસ આપવામાં આવતું. કારીગરોને બંધ કવરમાં રોકડમાં બોનસની રકમ આપવામાં આવતી જેની કારીગરો દિવાળી પહેલાથી રાહ જોતા હોય છે.

પુજન, ચા–નાસ્તો અને બોનસ બાદ ફટાકડા ફોડવામાં આવતા. ફટાકડાનો મોથો જથ્થો મંગાવવામાં આવતો અને કારખાનેદારની પરિવારજનો, પધારેલા મહેમાનો અને કારીગરો તેમજ તેમના બાળકો સહિત સૌ મોડી રાત્રી સુધી ફટાકડા ફોડતા અને વાતાવરણ ફટાકડાના અવાજથી ગાંજી ઉઠતું અને વાતાવરણ ધુવાણો ધુવાણો થઇ જતું. આવુ વાતાવરણ દરેક ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં જોવા મળતું. આજુબાજુના દરેક કારખાનામાં આવુ જ ચાલતુ હોય. એ જમાનાની દિવાળીની કારખાનામાં કારખાનેદારો કારીગરોમાં અંદરથી એક ઉમળકો ઉમંગ અને ઉત્સાહ જોવા માણવા મળતો અને અને રાતના બે–ચાર વાગ્યા સુધી કારખાના ખુલ્લા રહેતા અને ચા–નાસ્તો અને ફટાકડાની મોજ માણતા અને બાદમાં નવા વર્ષમાં લાભ પાંચમનાં દિવસે સવારે શુભ મુહુત ભગવાનને દિવાબતી કરીને મશીનને ફુલહાર ચડાવી. અબીલ દુલાલ અને કંકુ છાંટી અને શ્રીફળ વધેરીને કામ શરૂ કરવામાં આવતું અને બોણીમાં માલ મોકલવાનો હોય તો માલના કોથળા અને બોકસમાં તેમજ તેના ચલણ બીલમાં શ્રી ૧ા લખી અને અબીલ ગુલાલ કંકુ છાંટી માલ મોકલી નવા વર્ષના વેપારની શરૂઆત કરવામાં આવતી.

**પહેલા એકાદ મહિના પહેલા રાતપાળી ચાલુ થઇ જતી અને બુધવારે પણ કામ ચાલુ રાખતા : પહેલા દિવાળીની રાત્રે ચોપડાપુજનમાં ચા-નાસ્તો અને આખી રાત ફટાકડા ફોડતા**

જુના જમાનાની કારખાનાની ઉત્સાહપૂર્વકની ઉજવણી સામે હવે છેલ્લા લગભગ એકાદ દાયકાથી વધારે સમયથી કારખાનામાં દિવાળીની ઉજવણીનો ઉત્સાહ ઓસરતો જોવા મળે છે. કારણ કે હવે પહેલાના સમય જેવા ધંધા નથી. એટલે દિવાળી પહેલા રાતપાળી કરવામાં આવતી નથી. બુધવારે પણ રજા રાખવામાં આવે છે. દિવાળી પેહલા ધનતેરસ કે કાળી ચૌદશના દિવસે કારખાનામાં મશીન પણ ઉપર છલ્લા સાફ કરવામાં આવે છે. કારખાનું થોડું વ્યવસ્થિત રીતે વાળી ચોળી અને ધોઇ નાખવામાં આવે છે. હવે કોમ્પ્યુટરનો યુગ આવતા કારખાનાનો હિસાબ કિતાબ ચોપડા ખાતાવહીને બદલે કોમ્પ્યુટરમાં જ કરવામાં આવે છે તેથી ઘણા કોમ્પ્યુટરની પુજા કરે છે. ચોપડા લેવામાં આવતા નથી. છતાં કોઈ કોઈ પરંપરા જાળવવાં એકાદ ચોપડો લઇ દિવાળીના દિવસે કોઇ ગોરમહારાજને બોલાવવાને બદલે પોતે જાતે જ સ્થાપન કરી નાનુ સ્થાપન કરી દિવાબતી કરી પુજા કરી લ્યે છે. બાદમાં ચા–પાણી પી બાદમાં કારીગરોને બોનસ આપવામાં આવે છે. જો કે હવે સગા–સ્નેહીઓ કે કારીગરોને પરિવાર સહિત બોલાવવામાં આવતા નથી અને આ પુજન પણ સાંજના વહેલાસર કરવામાં આવે છે. જો કે હવે કોક જ કારખાનેદાર ફટાક્ડા ફોડે છે. જે ફોડે છે તે પણ થોડા ઘણા જ ફોડે છે. હવે કારખાનેદારો આ બધુ બે–ત્રણ કલાકમાં આટોપી લ્યે છે અને ઘણા તો આ બધુ પતે એટલે દિવાળીના દિવસે નવા વર્ષનું મુહૂર્ત કરી લ્યે છે. ખરેખર તો નવા વર્ષનું મુહુર્ત નવા વર્ષમાં કરવાનું હોય છે તો પણ ઘણા લોકો દિવાળીના દિવસે નવા વર્ષનું મુહુર્ત જુના વર્ષમાં કરી નાખે છે. અને મુર્હત બાદ ઘણા ખરા કારખાનેદારો પરીવાર કે મિત્રો સાથે દિવાળીની રજા માણવા બહારગામ ફરવા નીકળી જાય છે અને દિવાળી બાદ લાભપાંચમ કે જે દિવસે કારખાનુ ખોલે છે ત્યારે સીધુ કામકાજ શરૂ કરી દયે છે.

આમ પહેલાના જમાનામાં કારખાનેદારો અને કારીગરોમાં દિવાળી પહેલાથી દિવાળીના તહેવારનો જે ઉમંગ–ઉત્સાહ હતો તેવો હવે નથી. પહેલા મોટભાગના કારીગરો આપણા ગુજરાતી અને આપણા સમાજના હતા તે કારીગર વર્ષોથી એક જ જગ્યાએ કામ કરતા હોવાથી કારખાના પ્રત્યે એક લગાવ હતો અને પરિવારની ભાવનાથી કામ કરતા. હવે મોટાભાગના કારીગરો પરપ્રાંતીય આવી ગયાં તેથી તેમનો આપણા ગુજરાતી કારીગરો જેવી ભાવના–લગાવ ઓછો જોવા મળે છે. એકંદરે પહેલાના સમયમાં કારખાનાઓમાં કારખાનેદારો અને કારીગરો દિવાળી જેવો મહત્વના તહેવાર, એક ઉમંગ, ઉત્સાહ અને આનંદ પરિવારની ભાવના ઉજવતા જયારે આજે ઉમંગ ઉત્સાહ વગર ફકત એક પરંપરા જાળવા ખાતર નિરૂત્સાહપૂર્વક દિવાળી ઉજવાય છે.

VIJAY® trolley wheel & castor wheel

# VIJAY CASTOR PVT. LTD.

Mfg.: Trolley Wheel & Castor Wheel

AN ISO 9001:2015 CERTIFIED COMPANY



OUR PRODUCT RANGE

SINCE 2005

+91 9725366689
+91 9773187494

Dhareshwar Estate, Nr. MRF Pretreads,
Atika Ind. Area, Dhebar Road (South),
Rajkot-360002 (Gujarat).


info@vijaycastorwheel.com
www.vijaycastorwheel.com

Prashant Bakrania
Cell : 9925501439

Manoj Bakrania
Cell : 9879173762

TP

# Techknow Products




Mfrs. of : Brass, M. S. Parts Machinery, S. P. M. Machine For Non Ferrous Metal & Sanitary Parts

Biren Bakrania
Cell : 9825125406

PMP

# P. M. Products

Pradeep Bakrania
Cell : 9925510945

B-4, Udyognagar, Shanker Tekri, JAMNAGAR-361 004. Ph. : +91-288-(F.) 2561668 / 2560699
R. 2712854 / 2712456 Email : techknow07@rediffmail.com # pmproducts07@rediffmail.com

# દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદનની હાર્દિક શુભેચ્છા...

॥ શ્રી વિશ્વકર્મણે નમઃ ॥

સ્થાપના ૧૯૫૦

Trust Reg. No. A/2537 - Mumbai

## શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ, મુંબઇ


૩૬/૩૭ બજાજ રોડ,વિલે પાર્લે (વેસ્ટ) મુંબઈ ૪૦૦ ૦૫૬ ફોન : ૭૯૬૯ ૩૫૧૦ / ૨૬૨૮ ૩૯૪૮ / ૮૭૬૭૪ ૪૫૨૦૨

Email : vishwakarmabaugmumbai@gmail.com | webside : www.vishwakarmabaugmumbai.com


### ટ્રસ્ટ કમિટી (૨૦૨૨ - ૨૦૨૫)



: પ્રમુખ :
શ્રી આશીતભાઇ ધીરૂભાઇ
ઘોરેચા



: ઉપપ્રમુખ :
શ્રી વિઠ્ઠલભાઇ બાબુભાઇ
અઘેડા



: સચિવ :
શ્રી તુષારભાઇ નાગજીભાઇ
કથ્થેચા



: ખજાનચી :
શ્રી તુષારભાઇ વ્રજલાલભાઇ
ધ્રાંગધરિયા



: ટ્રસ્ટી :
શ્રી રસીકભાઇ સવજીભાઇ
વઘાડિયા



: ટ્રસ્ટી :
શ્રી રમેશભાઇ શામજીભાઇ
અંબાસણા



: ટ્રસ્ટી :
શ્રી સુરેશભાઇ સવજીભાઇ
અનુવાડીયા

શ્રી વિશ્વકર્માદાદાની આપણા પરિવાના દરેક સભ્યો
પર અસીમ કૃપા વરસે અને આપણે બધા
ભાવિ પ્રયત્નોમાં શ્રેષ્ઠ સફળતા પ્રાપ્ત કરી શકીએ.

**'સૌનો સાથ, સમાજનો વિકાસ'**

**Matrukrupa Enterprise**

www.matrukrupa.in

OUR COMPANIES

- Matrukrupa Enterprise
- Matrukrupa infrastructure pvt ltd
- Ayush Enterprise
- Intima apparels
- Harvi Enterprise
- RR food Company

## WORK

- Laser Cutting Work
- Bending Work
- Powder Coating
- Retail Fixture & Furniture Manufacturer



Mo. : 98245 48082 Dharmendra Devaliya (Gajjar)
Mo. : 93388 66454 Krunal Devaliya (Gajjar)

Mo. : 99256 63903 Darshil Devaliya (Gajjar)    Office No. : 81417 75588


Mail : Dharmendra@Matrukrupa.in | Project@Matrukrupa.in

Address :

12/2/A, Panchratna estate, opp. Swastik electro power,
Ramol, Vatva, Phase 4, Ahmedabad 382445.


CRYSTAL INDUSTRIES
Nilay Gajjar 98258 47199
Amit Gajjar 94272 56659
Crystal
Quality
Springs
FACTORY : PLOT NO. 370, G.I.D.C.-II, DARED, JAMNAGAR- 361 004 Telefax : +91 - 288 - 2730196
e : crystalindjam@yahoo.com

# 'કહો કહોને ક્યારે ?'



પ્રો. ડી.જે. બાવલેચા

અરે અંધારૂ..., અંધારૂં..., અને અંધારૂં જ
અંધારૂ હતું... છે અને રહેશે સદા અંધારૂં !
અરે અંધારે જ સૂરજ ઉગશે
અંધારે જ અજવાળા અવતરશે

રિદ્ધિ-સિદ્ધિનાં કંકુ પગલે પાર્વતી પુત્ર પધારશે
નાયક ગણનાયક અસ્ટવિનાયક ગણેશ ભૂલ્યાં વિના લખે
સફળ થશે, સાકાર થશે સર્વ સપનાં !
પહાડોનાં હૈયા ટપકશે..., સ્વર્ગ ગંગા અવતરશે.
ફળફૂલ ખીલશે પવન પાંખે સુગંધ ઉડશે.
રાખનાં ઢગલે સગરપૂત્રો ફરી શ્વાસ લેશે.

કોઈ આવશે... આવશે કોઈ
બંસી બજાવે કે ના બજાવે.
મોર પીંછુ ધારણ કરે કે ના કરે
ગોવર્ધન ઉંચકે કે ના ઉંચકે
જૂઠ બોલવાનું કહે કે ના કહે
ઉજાસી શબ્દોના અજવાળે હૈયે હૈયે હશે ઉજાસ
શંખ ફૂંકાશે – 'પાપીને હણો...
ઉગારો ધર્માત્માને ઉગારો

તુટેલા રથનું પૈડુ સુદર્શન બનશે,
ધર્મક્ષેત્રે કુરૂક્ષેત્રે લડશે
કહો... કહોને..., ક્યારે ?



દીપોત્સવી
વિશેષાંક

# સાચી દિપાવલી



● વિદ્યા ગજ્જર (મહીધરીયા)

દિવાળી નામ સાંભળતા જ ચહેરા ઉપર આનંદ છવાઈ જાય,વિઘ્નહર્તા ગણપતિ દાદાની ઉપાસના પછી તરત શ્રાદ્ધ, નવરાત્રી અને ત્યાર પછી 'દિપાવલી' એ પાંચ દિવસના તહેવાર તરીકે ઉજવાય છે. આપણા બધા તહેવારો પરંપરાઓ સાથે ક્યાંક ને ક્યાંક જોડાયેલા છે, જે પરંપરાઓની જોગવાઈ આપણા ઋષિમુનિઓ દ્વારા થઈ હતી. દરેક તહેવારોમાં આવતા જે–તે સમયે એ પ્રાધાન્ય દેવતાઓનું આગવું મહત્વ હોય છે. આપણા દરેકના જીવનમાં ત્રણ ઋણ આપણી ઉપર હોય છે. માતા–પિતા, ગુરુ અને કુદરત. આ તહેવારોના માધ્યમથી તેની ઉપાસના કરી આ ઋણ ચૂકવવાનો આપણને અવસર મળે છે, અથવા તો આપણા માતા–પિતા, ગુરુજનો અને ભગવાનના ગુણો આપણા જીવનમાં ઉતારવા માટે નો એક અવસર તહેવારોનાં માધ્યમથી મળે છે.

દિવાળી પર્વ પાંચ દિવસનો તહેવાર છે.

### ધનતેરસ

કહેવાય છે કે અમૃત કુંભ લઈને ભગવાન ધનવંતરીનું પ્રાગટ્ય આ દિવસે થયું હતું. સાથે એક બીજી બલિરાજાથી વામન અવતાર દ્વારા દેવતાઓને ભયમુક્ત કરવાની વાત પણ આપણા શાસ્ત્રોમાં ઉલ્લેખાઈ છે. તે દિવસે કહેવાય છે કે આપણે જે દાન કરીએ તે ૧૩ગણું થઈને આપણે



આપણને પાછું મળે છે. આના માટે આપણે કીમતી વસ્તુઓની ખરીદી કરીએ છીએ એના ઉપરથી આધ્યાત્મિક રીતે જોઈએ તો એમ પણ કહી શકાય કે 'જ્ઞાન' ધન એ અમૂલ્ય અને ખૂબ જ કિમતી છે જો એનો સંચય કરી યથા યોગ્ય જગ્યાએ વહેંચવામાં આવે તો તે ૧૩ ગણું થઈને આપણી પાસે પાછું આવે છે. અને એટલા માટે જ આ તહેવારમાં માલક્ષ્મીજી સાથે માસરસ્વતીજી ની પૂજાનો પણ મહિમા છે.

### કાળી ચૌદસ

એ મહાકાળીમાના પ્રાગટ્યનો દિવસ તેમજ કૃષ્ણની પત્ની સત્યભામા દ્વારા નરકાસુર નામના રાક્ષસ ની કથા ને લઈને તેને નરક ચતુર્દશી પણ કહેવાય છે. મનુષ્યના જીવનમાં ત્યારે જ્ઞાનની લેતી-દેતી થાય છે, ત્યારે અજ્ઞાન આપમેળે દૂર થઈ જાય છે. તેને કોઈ ધક્કા મારવાની જરૂર પડતી નથી. જેમ જાણ્યા અજાણ્યા પણ અગ્નિ પાસે જવાય તો હાથ દાઝે જ. એ રીતે આપણા જીવનમાં કરેલા સારા નરસા કર્મોનું ફળ આપણને મળે જ છે. તે આ તહેવાર ના માધ્યમથી સમજી શકાય છે. આગળ જોઇએ તો.....

### દિવાળી

કહેવાય છે કે શ્રીરામ ભગવાન ૧૪ વરસનો વનવાસ ભોગવી અને પાછા અયોધ્યા પધાર્યા, એ દિવસ એટલે દિવાળી. અજ્ઞાનરૂપી રાવણ પર જ્ઞાનરૂપી શ્રીરામ વિજય મેળવે એ દિવસ એટલે દિવાળી. જીવન અમાસના અંધકાર, નિરાશા, પાપ કર્મ જેવા દુષિતોને દૂર ઠેલી અંતરમાં જ્ઞાનમય દીવા પ્રગટાવી આત્મપ્રકાશ ફેલાવવાનો સંદેશો આપતો તહેવાર એટલે દિવાળી. આપણને વિચાર આવે કે દિવાળી અંધારી રાત્રે જ કેમ આવે? તો એક મંતવ્ય એવું પણ કરી શકાય કે કોઈ દિવાલ કાળી હોય ત્યાં સહેજ સફેદ ડાઘ પડે તો તે તરત જ દેખાય. આમ ક્યારેક અંધકારમય જીવન ગમે એટલા દુઃખો લઈને આવે પણ આશાનું એક કિરણ જો આપણા મનમાં જીવતું હોય,તો તે જીવનને રોશનીથી ભરપૂર કરવા સક્ષમ છે.એ દિવાળીના તહેવારના માધ્યમથી સમજી શકાય છે.

### બેસતુ વર્ષ

આ દિવસે અન્નકુટોત્સવ કરવામાં આવે છે.આપણા જીવનમાં આવતા દરેક સંબંધો તે ગમે તેવા બગડ્યા હોય તો પણ તે સુધારવાનો સુંદર અવસર, એકબીજાને માફ કરી દેવાનો અવસર, આપણા સાથે ફરીથી આપણા થઈ જવા નો અને આવનાર વર્ષ માટે શુભ સંકલ્પ લેવાનો અવસર એટલે બેસતુ વર્ષ.



### ભાઈબીજ

યમુનાજીએ પોતાના ભાઈ યમરાજના કપાળ પર તિલક કરી તેમના ઘરે ભોજન લઈ અને તેમના લાંબા આયુષ્ય અને સુરક્ષાની પ્રાર્થના આ દિવસે કરી હતી, એટલા માટે આ તહેવારને યમદ્વિતિયા પણ કહેવાય છે. તે ભાઈ બહેન ની પરસ્પર મધુરતા જગાડતો તહેવાર છે.

### અને ટૂંકમાં જોઈએ દિપાવલી

એટલે આપણે આખા વર્ષ દરમિયાન શું કાર્ય કરવા જેવું, અને શું કાર્ય ન કરવા જેવું કર્યું એનો સરવૈયું કાઢવાનો દિવસ એટલે દિવાળી. એટલા માટે જ તો દિવાળીના દિવસે ચોપડા પૂજન આપણે કરીએ છીએ. જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવી અને અજ્ઞાનતા દૂર કરવાનો તહેવાર એટલે દિવાળી કોઈ પણ સંબંધને ફરીથી ઉત્સવમય બનાવવાનો તહેવાર એટલે દિવાળી, મીઠી મીઠાઈઓની જેમ આખા વર્ષની મીઠી યાદોને તાજી કરવાનો તહેવાર એટલે દિવાળી, એકબીજાની ભૂલો ને માફ કરી જાતે મહાન બની જવાનો તહેવાર એટલે દિવાળી. તો આવો આપણે પણ આ દિવાળીનો તહેવાર આવી જ રીતે ઉજવીને આપણા જીવન સાથે જોડાયેલ બધાના જીવનને રોશન કરીએ. સમય સંજોગ પરિસ્થિતિ જીવનમાં ગમે તે રંગ લઈને આવશે પણ એ રંગોની સાથે પ્રાર્થના રૂપી રંગ લઈ એમાં ઉમંગ, ઉત્સાહ અને આનંદના રંગો ભરી જીવનને રંગોળીની જેમ સજાવી દિવાળીની ભરપૂર મજા લઈએ.

# Creator is always next to વિશ્વકર્મા

સહિયર
વિશ્વકર્મા વિશ્વ

## વોટસએપ આધારીત
## રંગોળી સ્પર્ધા-૨૦૨૪




૨૦૨૪ના કેલેન્ડર *the art* માં

આપની રંગોળી સાથે આપનું પણ સ્થાન હોઇ શકે છે...

**: સ્પર્ધામાં ભાગ લેવા સંપર્ક કરો :**

**પ્રવીણ ગજ્જર - મો.૯૦૯૯૯ ૪૯૫૬૫**

# સમુમા

● જોરાવરસિંહ જાદવ



દિવાળીને ટાણે દેશમાં જવાનું થતા ગામના ઝાંપે જ સમુમા ભેગા થઇ ગયાં. મેં પૂછ્યું : 'ચ્યમ છો સમુમા, છો તો સાજા નરવા ને ?'

'શું રાખ સાજા નરવા' તમે ઉઘાડા માથાં વાળાઓએ, ભઇલા, ભેગા થૈને અમારા ધંધામાં લાલબાઇ મુકી દીધી છે.'



મને કંઇ સમજ પડી નહીં. સમુમાએ એમની ગાડી સિત્તેર માઇલની ઝડપે ચલાવી :

'સરકારે ભણતર વધાર્યું ને જણતર ઓછું કરી નાખ્યું. ઓલ્યા પિપરિયા ગામના સંધાય કણબી રાડયું દે છે કે ગામમાં માણસો થોડા છે એટલે દરરોજ ચોર લુંટારા આવે છે. સરકારને એમના દુઃખથી ચ્યાંથી ખબર પડે ? ઇ તો કે' છે જણતર ઓછું કરો. મારા વા'લાએ હમણા નવું ગોતી કાઢ્યું છે : 'બે બસ.'

'ઇમાંય વળી બાકી રિ'યુ'તું તે સુધારેલી સુવાવડું કરાવવા જન જેવી ધોળાં લૂગડાંવાળી નર્સને ગામમાં મૂકી છે. પણ ભઇલા, પાન ખાઇને રાતા હોઠ કર્યે કંઇ પદ્મણી ઓછું થવાય છે ? અમે શું ખોટુ સુવાવડું કરાવતા'તા ? આ ઓલી ધનકા ભૈની વઉની સુવાવડ ટાણે નર્સને બકોરેલી. છોકરું આડું આવતા નરસ તો છીંચાંવીંચાં થૈ જઇને પૂતળા ઘોડચે તાકી જ રઇ. ભઇલા, નર્સે એકેટ સુવાવડ ખમી હોય તે ઇ ને ખબર પડે ને ? બૈ નો તો જીવ જતો હતો. મેં ઘડીકવારમાં તો દીકરીનો જન્મ કરાવ્યો ને મોત હાર્યે ધડીકા લેતી બઇને જમડાના હાથમાંથી ઝૂંટવી લીધી.'

મારો જનમ સમુમાએ કરાવેલો. ગામના નાના છોકરાથી માંડીને આધેડ સુધીના સૌ એમને સમુમા તરીકે ઓળખે. એઓ જાતના ચૂંવાળિયા કોળી હતાં. સમુમા ગામ આખાની વહુ દીકરીયુંને સુવાવડ કરાવતાં. સુયાણી (દાયણ) તરીકે એઓ આખા ભાલ પંથકમાં જાણીતા હતાં.

ગામમાં કોઇના ઘેર છોકરાનોજનમ થાય ત્યારે થાળી વગાડીને વધાઇ આપતાં. કોઇનું મરણ થતા સમુમા છાતીના પાટિયાં બેસી જાય એવાં છાજિયાં લેવામાં ય મોખરે રહેતાં. એમને કોઇ ઉંમર પૂછે તો ફટ દેતાં એક જ જવાબ વાળે: 'ભઇલા! પસામાં તૈણ ઓછા છે. ગામમાં પચ્ચી વરસ હેઠેનાં સંધાંય છોકરાંને છોડિયુંનો જન્મ મેં જ કરાવ્યો છે.'

ગામમાં કોઇની વહુ કે સુવાવડ કરવા આવેલી દીકરીને સુવાવડનો સમય થાય ત્યારે કોઇ દોડતું જઇ ને સમુમાને ખબર આપે. સમુમા સાડલો બદલીને ગામ સોંસરવાં ન જતાં તળાવની પાળ્યુ કે ખળાવાડમાં થઇને ખાટલો આવવાનો હોય એને ઘેર જાય, જેથી બહુ કાને વાત ન જાય.

સમુમા સુવાવડવાળા ઘેર આવીને ભર્યા નાળિયેર જેવી બાઇને તપાસ અને કહે :

'બોન, દીકરી ! બેટાં ક્યાં દુઃખે છે ? મારો હાથ એવો હળવો છે કે તને ખબરે ય નૈં પડવા દઉં. જે થતું હોય ઇ શરમ રાખ્યા વિના કહેજે તો એનો ઝટ ઉપાય થાય. સુયાણીથી કોઇ દિ' પેટ નો સંતાડવી, મારા બાપ !'

પછી સુવાવડ આવવાને વાર હોય તો ખાટલા આગળ બેસીને સમુમા એમના જુના અનુભવોનું પુરાણ માંડીને ગામમાં પરણીને આવેલી ભણેલી વહુની સુવાવડનો દાખલો આપે. 'વઉ જોવામાં પાકા પોપૈયા જેવી, પણ શરીરમાં બળ જ ન મળે. એની સુવાવડ કરતાં બે દિ' થિયા. 'જણનારીમાં જોર નો હોય તો સુયાણી શું કરે ?'

પછી સમય થતાં સુવાવડ કરાવીને સમુમા નવતર બાળકને કોકળવરણા પાણીથી નવરાવે અને પછી એનો નાઅડો (નાળ) વધેરે. નાઅડો કાપવામાં પણ એ ખૂબ જ કાળજી રાખે, જેથી નાઅડો પાકે નહિં કે બાળકને ડૂંટો નીકળી નહીં. પછી સમુમા નાની વાટકીમાં જૂના ગોળની ગળહૂતી બનાવીને રૂના પૂમડાથી બાળકના મોંમાં મૂકે.

બાળકના જન્મ પછી સમુમા ઘરનું કમાડ ઉઘાડીને મરકતા મુખે ઘરવાળાને દીકરી કે દીકરાના જન્મની વધાઇ આપે. ત્યારબાદ રૂપિયો, નાળિયેર અને દસ શેર અનાજનો ખોળો ભરીને સમુમા ગામ સોંસરવા થઇને ઘેર જાય. એમને ખોળો ભરીને જતાં જોઇને સૌ સમજી જાય કે ફલાણા ઘેર બાળક અવતર્યું છે. સમુમા હોંશિયાર દાયણ હોવા છતાં કોઇ વાર અજડવેડા પણ આદરી બેસતાં. 'ઝાઝી સુયાણીઓ વેતર વંઠે' એ લોકોક્તિને સાચી ઠેરવતો પ્રસંગ એક વાર બની ગયો.

ગામમાં એક બાઇને કેમે કરતાં પ્રસવ થાય નહિ. ઘરવાળાએ રાવળાણી સુયાણીને બોલાવેલી. રાવળાણીએ કહ્યું, 'થોડીવાર રાહ જુઓ, પછી જણનારી જોર કરશે તો છુટકો થઇ જશે.' બાઇના ઘરવાળા દોડતા જઇને સમુમાને બોલાવી લાવ્યા. વેદના અસહ્ય હતી. સમુમાએ સર્જનની અદાથી વાટકીથી ધાર વડે ચીરો મુકીને બે માથાવાળા બાળકનો જન્મ કરાવ્યો, પણ બાઇને ધનુર થતાં આઠમે દિવસે એ ભગવાનના દરબારમાં ચાલી નીકળી. સમુમાની અક્કલે તુક્કો ઘડી કાઢ્યો ને ગામમાં વહેતો મૂક્યો :



'છોકરો તો રાક્ષસ હતો. ઈની માનો જીવ લેવા જ આવેલો. ઈમાં આપણે શું કરીએ ? કોક અવગતિયા જીવે જ એનો ભોગ લેવા જન્મ ધરેલો.'

સમુમાનો સ્વભાવ ખૂબ જ સરળ. મોટા જોડે મોટા જેવાં, ઘરડા જોડે ઘરડા જેવા અને નાના છોકરા સંગાથે છોકરાની જેમ વાતોમાં ભળી જતાં ઝાઝા છૈયાંની માને સમુમા કોઇવાર મીઠો ઠપકો ય આપતાં.

'અલી વઉં ! આ સાતનું લંઘર થિયું છે તો ય તને ઘર થતો નથી ? છોકરાંના ઘરે ય છોકરાં થયાં, હવે તો પોરો ખા.'

'મા, ઇ સંધીય ભગવાનની માયા છે. હું ઘણું ય કવ છું, પણ તમારા દીકરા માને તો ને ? ભાગ્યમાં માંડયા હશે એટલા તો સામાં થઇને આવ્યા વગર થોડાં રહેવાના છે ?

આવી વહુઓને જયારે સંતતિનિયમનના સાધનો અસ્તિત્વમાં નહોતા ત્યારે દેશી ઓસડિયાં આપીને, સમુમા ફેમિલી પ્લાનિંગનું કાર્ય પણ કરતાં. અણસમજમાં ભૂલ કરી બેઠેલી કુંવારી કન્યાનો બિચારીનો ભવનો બગડે માટે સમુમા ચતુરાઇથી એનું કલંક દૂર કરતાં કોઇ વિધવા છાનીસપની સંતતિ–નિયમનના ઓસડિયાં લેવા સમુમા પાસે આવે તો સમુમા દેકારો કરી મૂકતાં અને એનો ધજાગરો બાંધતાં:

'જુઓ તો ખરા ! હડહડતો કળયુગ આવ્યો છે. દેવાયત પંડિતની અગમવાણી સાચી પડવા માંડી છે.'

ગામમાં કોઇ ઘરડુંબુઢ્ઢાં, મરી ગયું હોય તો એના સનાનમાં સમુમા હંમેશા હાજર હોય જ. ઘરના મોભ જેવો કોઇનો જુવાનજોધ દીકરો ફાટી પડયો હોય તો ફળિયા વચ્ચાળે ગામના બૈરાં ભેગાં કરીને સમુમાં છાતીના પાટિયાં તૂટી જાય એવા છાજિયાં લે :

'હા, લાડડા હાય હાય રે !<br>
મારા ઘોડાના બેસનારા,<br>
મારા તરવારુંના રાખનારા<br>
હાય લાડડા, હાય હાય રે.'

પરગામ કાણે જવું હોય તો ય ગામનાં બૈરાં સમુમાને જ હાર્યે લઇ જાય. બૈરાં બિચારાં થાકીને રોવા કૂટવાનું બંધ કરે ત્યારે સમુમાને ધુરી ઉપડે ને મોટો ઠુંઠવો મૂકીને શરૂ કરે. એમને છાના રાખવા એટલે 'નેવાના પાણી મોખરે ચડાવવા' બરાબર.

ગામના સુખદુઃખનાં સાથીદાર સમુમા સુયાણી, ગામ લોકોના જનમ મરણનાં પણ સાક્ષી બની રહયાં છે. આજે તો દવાખાનાની અન્ય સવલતો વધતાં સમુમાના કસબનો મજેદાર રંગ ઉડવા માંડયો છે, એટલે મારા જેવો ભણેલો જો એમની ઝપટે ચડી જાય તો ભાંડવામાં બાકી રાખતાં નથી.

એક દિવસ હું સમુમાને મળવા અને એમના ખબર અંતર પૂછવા એમના ઘરે ગયો ત્યારે સમુમા ઘરના પેડલે બેઠાં બેઠાં દાતણના ડોચા વડે ભાંગ ઘસતાં હતાં.

મેં કહ્યું : 'મા ! કાલ્ય અમદાવાદ જવું છે. તમારે દાકતરને આંખ્યું બતાવવા આવવું છે ને ? સાબદા થઇ જાજો.'

'દીકરા ! હમણાં મરવાની ય ચ્યાં નવરાશ છે ? તાં ઓરી વળી વાત.'

હું મારી મૂળ વાત ઉપર આવ્યો :

'સમુમા ! આ વખતે મારી વહુ હેમલતાને સુવાવડ કરવા આકરુએ મોકલવી છે.'

'અરરર માડી, શું કળજગ આવ્યો છે.'

'માડી ! છોકરાં તો મલક આખાની સ્ત્રીઓ જણે આવે છે, મારી વઉં છોકરું જણે ઈમાં કળજગ શાનો ?'

'છોકરા તો મનને તપેલાંના સેટ ઘોડયે જણે, પણ આ સાઇઠ વરહની ડોશી આગળ તું તારી વઉનું નામ સગી જીભે બોલે છે ?'

'સારું, માડી હવે તમારી આગળ વઉનું નામ નૈં બોલું, પણ એને સારી રીતે સુવાવડ કરાવશો ને ?'

'બેટા ! તમારી શે'રવાળાની વહુઓની સુવાવડ મારાથી

નો થાય ?'

'કાં, માડી ?'

'કાં માડી શું ? 'શે'રના સુધરેલાને કઇ ગમ જ નો પડે. એક વખત શે'રમાંથી મા દીકરી આપણા ગામમાં કો'કના લગ્નમાં આવેલાં, દીકરીને પૂરા મઇના જાય. એને દી'આથમ્યા ઓરું પેટમાં ઝીણું ઝીણું દુઃખવા આવ્યું. પે'લી સુવાવડ એટલે કાંઇ ગતાગમ પડે નૈં. બાયડી ભોળી પારેવા જેવી. રાતે સુતા સુતા ઈની માને કહેઃ 'મમી ! મમી ! મને સુવાવડ આવે તાંણે ઢંઢોળજે.' હું પડખે જ ઊભી'તી. મારાથી નો રે'વાયું. મેં તો ફટ દઈને કઇ દીધું : 'બેટા ! સુવાવડ આવશે તાંણે તને જગાડવાની જરૂર નૈં પડે. તું જ ગામ આખાને જગાડી મેલીશ.'

એમ કહેતાં સમુમા ખડખડાટ હસવા મંડ્યાં. એમનું મોં જોઇને હું પણ ફીહીહીહી દઇને હસી પડ્યો, મેં પૂછ્યું :

'સમુમા ! તમારી સાંભરણમાં કોઇને બાળક આવેલાં ખરા ?' 'હા ભૈ, ઓલી નાનકા પગીની વહુને જોડકાં આવેલાં. બેય થાનેલે એકેકું ધાવતું. પછી વરસ દિ'નાં થયા ને હરતા ફરતા થયાં તાણે નાનકાની વહુને ઉપાધિનો પાર નો રહ્યો. હગે એક ને બાપડી પખાળે બીજાને. હગેલું ગૂવાળું ઇમનામ ફરે. પછી એક છોકરાને ઇના પીર મોકલી દેવું પડ્યું.'

'તું તો ભણેલો છું એટલે મહાભારત વાંચ્યું હશે. મહારથી કર્ણની માતા રાધા એક ધાવ-મા જ હતી ને ? મૂળ તો કર્ણ એ તેજસ્વી માતાનો પુત્ર હતો. એ 'કુંતી પુત્ર' તરીકે ઓળખાવાને બદલે 'રાધા પુત્ર' તરીકે ઓળખાયો. પન્નાની વાત તો મલક આખું જાણે છે.

'હે મા ! ઓલી ધાવ–મા કહે છે ઇ શું ?' 'ઇ તમને શે'રવાળાને નો ખબર્ય પડે. જૂના કાળમાં રજવાડામાં ધાવ માની પ્રથા હતી જુવાન રજપૂતાણીયું સૌંદર્ય અને ઘાટીલું નમણું શરીર જાળવી રાખવા પોતાના ધાવણાં છોકરાંને ધરાવવા ધાવો રખાતી. આ ધાવ–માતા પેટના દીકરા ઘોડયે બાળકને ધવરાવીને ઉછેરતી.

'તું તો ભણેલો છું એટલે મહાભારત વાંચ્યું હશે. મહારથી કર્ણની માતા રાધા એક ધાવ–મા જ હતી ને ? મૂળ તો કર્ણ એ તેજસ્વી માતાનો પુત્ર હતો. એ 'કુંતી પુત્ર' તરીકે ઓળખાવાને બદલે 'રાધા પુત્ર' તરીકે ઓળખાયો. પન્નાની વાત તો મલક આખું જાણે છે. પન્ના ધાવ–માતા હતી. એણે પાલ્ય રાજ પુત્રને બચાવવા પોતાના પેટના દીકરાનું બલિદાન દઇ દીધેલું.'

'વાહ પન્ના વાહ ! કેવો ભવ્ય અને ઉદાત્ત ત્યાગ ?' મારા મોંમાંથી આ શબ્દો પૂરા બહાર નીકળ્યા નો નીકળ્યા ત્યાં ગામના મગન મેરઇ (દરજી)ની દીકરી આવીને બોલી :

'સમુમા ! મારા ઘર્યે હાલોને. મારો નાનો ભઇ લો કાલનો નજરઇ જીયો છે. કંઇ ખાતોપીતો નથી ને કાળી ચીંસુ નાખે છે.'

'અઘડીએ આ આવી, મારી દીકરી !'

'બઉ વાર તો નૈં કરો ને !'

'અરે બેટા, તું ઘર્યે ય પૂરી નૈં પોગ્ય ન્યો હું આવી માનજે.'

મેં તરત જ પ્રશ્ન કર્યો :

'હેં સમુમા ! છોકરું નજરાણું હોય તો તમને શું કરો ?'

'ઇમાં કરવાનું શું ? ફટ લઇને નજર બાંધી દઉં ને છોકરું રૂપાળું હસતું રમતું થઇ જાય.'

'તમે નજર કેવી રીતે બાંધો ?'

'તું તો, ભૈશાબ, લીધી લપ મૂક્ય જ નૈં ને. આ તો અમારું બૈરાશાસ્ત્ર છે.'

'મા ! બૈરાશાસ્ત્ર જ મારે જાણવું છે.'

'સાંભળ, નજર બાંધવી હોય તો ચાર શેરીના ચોકમાંથી ધુળ્યની ચપટી લઇને મૂંગાં મૂંગાં ઘરે આવવું પડે. ઘરે આવીને છોકરાના માથા પરથી ઉતારીને ધૂળને દેતવાના ખોટાવરા પર નાખી મંતર બોલવા પડે. પછી હાથમાં મરચાં લઇને છોકરાના માથેથી ઉતારીને થાળીમાં મૂકેલા દેતવા પર નાખી. ઇના ઉપર વાટકો ઊંઘો વાળી, ઉપર પાણી રેડી વાટકા ઉપર સાત ખાસડાં મારવા પડે. જો નજર લાગી હોય તો વાટકો થાળીમાં ચોટી જાય ને નજર નો લાગી હોય તો વાટકો ચોટે નહીં. જો વાટકો થાળીમાં ચોટી જાય તો થાળીને પાંચ છ દિવસ ઘંટીના થાળા નીચે મૂકી દેવામાં આવે. પછી વાટકો ઈની મેળે ઊખડી જાય.

'છોકરું બીવે નૈ, નજર લાગે નૈ એટલા માટે હનમાનજીની મળી લાવીને શું દોરા કરી આલું છું. તારે નજર બાંધતા શીખવું છે ?'

'અરે માડી ! મારી વાત શીદને કરો છો ? મારી વહુ હેમુએ મને આખોને આખો નજરમાં બાંધી દીધો છે, પછી હું કોની નજર બંધાવા જવાનો હતો ?'

મારી વાત સાંભળીને સમુમાના માથા પર કકડભૂસ કરતું જાણે આભલું તૂટી પડ્યું. એ તાડૂક્યાં :

'મારા રોયા ! વળી પાછું વઉનું નામ લીધું ? શું હડહડતો કળજગ આયો છે ? હે ભગવાન ! મને આ કળજગ જોવા શું લેવા જિવાડી છે ? આ પરજા મારી બેટી શું કરશે ? મારું તો મગસ કામ કરતું નથી.'

સમુમા હૈયાવરાળ કાઢતા રહ્યાં ને હું ત્યાંથી સડસડાટ ચાલી નીકળ્યો.



# મનના મોરપીંછ

● દીનેશ પાંચાલ

આપણે ક્યારેય એ નથી સમજી શકતા કે ધર્મને ઢોલ, નગારાં, માઈક, મંજીરાં, શોભાયાત્રા કે વીશાળ માનવમહેરામણની શા માટે જરૂર પડવી જોઈએ? ટહુકો કોયલનો ધર્મ હોય તો કોયલને કદી સ્ટીરીયો સ્પીકરની જરૂર પડે છે ખરી? સુરજ વોલ્ટેજ સ્ટેબીલાઈઝર વિના પ્રકાશવાની આનાકાની કરે છે ખરો? પુષ્પનો કયો ધર્મ? ચંદ્ર હીન્દુ ધર્મ પાળે છે કે ઈસ્લામ? આકાશનો કેટલો હીસ્સો હીન્દુઓનો અને કેટલો મુસ્લીમોનો? હવા, પાણી કે અગ્નિના કયાં કુળ અને કઈ જાતી? નદી, સાગર, વૃક્ષ અને ઝરણાને આપણે કયા સંપ્રદાયનાં ગણીશું? માણસ કુદરતનો જ એક હીસ્સો છે; છતાં એનું સ્વરૂપ આવું વિચિત્ર કેમ?

**બેઈમાનીની બાસુંદી**

એક મિત્રે કહ્યું : 'મારો દીકરો મને એમ કહે છે કે, તેના એક ફ્રેન્ડના પપ્પા બ્લેકમાર્કેટર છે. તેની પાસે પુષ્કળ પૈસા છે. સમાજમાં એનો વટ પડે છે. કોઈ પણ ઓફીસમાં તેનાં કામો ઝટ થઈ જાય છે. તેને ત્યાં ત્રણ કાર છે. દરેક રૂમમાં એસી છે. સમાજમાં ઈજ્જત છે. આપણી પાસે એવું સુખ કેમ નથી?' તે મિત્રે રામાયણનું ઉદાહરણ આપી સમજાવતાં કહ્યું : 'જુઓ બેટા, સીતાજીના પતિ ભગવાન હતા; છતાં તેમણે જંગલમાં સુવું પડ્યું હતું. મંદોદરીનો પતિ રાક્ષસ હતો; છતાં તે મહેલમાં સુતી હતી. સીતાજી કરતાં મંદોદરી બધી રીતે સુખી હતી; પણ તેનો પતિ ખરાબ હતો. તેથી તેની કોઈ કિંમત ન હતી. મંદોદરીને આજે કોઈ યાદ કરતું નથી. સીતાજીનું નામ ઈજ્જતથી લેવાય છે. રાવણનું પુતળું બાળવામાં આવે છે; જ્યારે રામની ઘરે ઘરે પુજા થાય છે. જીવનમાં સાધનશુદ્ધીનું મહત્ત્વ વિશેષ છે. સોનાની લગડી જાજરૂમાં પડી હોય તેથી તેની કિંમત ઘટી જતી નથી અને કચરો મખમલી જાજમપર પડ્યો હોય તોય તેને વાળી ઝુડીને ફેંકી જ દેવામાં આવે છે. અનીતિથી કમાયેલું ધન ભલે સગવડ આપે; પણ શાંતી નથી આપતું. ઘરનું એસી ઓરડો ઠંડો કરી શકે છે; પણ મનની આગને ઠારી શકતું નથી. હિંસાત્મક માર્ગે દાઉદ ઈબ્રાહીમથી માંડી ગલીના ગુંડાનાંય કામ થઈ જાય છે. પણ બેવડી ચાલ ચાલે છે ત્યારે માંડ બે સંસારમાં આગ લાગી શકે છે. રોજ 'રામાયણ', 'મહાભારત' કે 'ગીતા' વાંચતી સાસુઓએ પ્રતીજ્ઞા કરવી જોઈએ 'રામાયણ', 'મહાભારત' કે 'ગીતા'નું ભલે એકાદ પાનું ઓછું વાંચીશ; પણ 'હેડંબા', 'પુતના' કે 'મંથરા' કદી નહીં બનીશ!

**પતરાનો પરમેશ્વર અને સોનાનો શેતાન...!**

ધાર્મિક માણસને તમે મુર્તિની ભેટ આપવાની ઓફર કરશો અને કહેશો કે, 'એક મુર્તિ રામની છે અને એક મુર્તિ રાવણની છે. એ બેમાંથી કોઈ એકની પસંદગી કરો.' તો તે રામની મુર્તી પસંદ કરશે. પણ રામની મુર્તિ પતરાની હોય અને રાવણની મુર્તિ સોનાની હોય તો ગમે તેવો ચુસ્ત રામભક્ત પણ રાવણની(સોનાની)મુર્તિ જ પસંદ કરશે. પતરાના રામનું કશું મુલ્ય નથી. આ ઉદાહરણ સાંભળી અમારા બચુભાઈ બોલ્યા : 'હું પ્રખર રામભક્ત છું; છતાં હું પણ લઉં તો રાવણની જ મુર્તિ. પછી રાવણને સોનીને ત્યાં વેચી તેમાં ચીનાઈ માટીની બનેલી રામની સુંદર મુર્તિ ખરીદું અને વધેલા પૈસા મારા લવ–કુશનાં નામે બેંકમાં રોકું. શ્રદ્ધાય સલામત અને પરીવારેય સલામત!' રાવણને અવશ્ય ધીક્કારી શકાય; પણ શ્રદ્ધાની આડમાં સુવર્ણના કિમતીપણાને અવગણીએ તો તે મોટી ભુલ ગણાય. રામ પ્રત્યેની પુરી શ્રદ્ધા અકબંધ રાખી,પતરાને પીછાણી લઈએ તે જરૂરી છે. પસંદગી રામ અને રાવણમાંથી નહીં; સોના અને લોખંડમાંથી કરવાની છે.

**ગંદકી અને સ્વચ્છતા!**

એઈડ્સનું ઉદ્‌ભવસ્થાન મોટેભાગે વેશ્યાલયો છે. મંદીર ગંદું હશે તો ચાલશે; પણ રૂપજીવીનીઓ અસ્વચ્છ હશે તો બહુ મોટો સામાજીક ખતરો ઉભો થશે. ગ્લાસમાં ઝેર હશે તો એકાદ માણસ મરશે; પણ કુવામાં ઝેર પડ્યું હશે તો હજારો માણસના જીવ જોખમમાં આવી પડશે. એક એઈડ્સગ્રસ્ત રૂપજીવીની હજારો ઉપભોક્તાઓને ચેપ લગાડે છે. સાંભળવું ન ગમે; છતાં સૌએ સત્યનો સ્વીકાર કરવો પડશે કે સામાજીક સુરક્ષા, સલામતી અને નીરોગી જનજીવનઈચ્છતા સમાજે,મંદીરો કરતાંય વેશ્યાલયોની વધુ કાળજી લેવી પડે એવો સમય હવે આવ્યો છે.

(સુરતના દૈનીક 'ગુજરાતમીત્ર'ની તા. ૩૧ ડીસેમ્બર ૨૦૦૭ની 'રવીવારીય પુર્તી'માં પ્રકાશીત થયેલી શ્રી. દીનેશ પાંચાલની લોકપ્રીય કટાર 'જીવન સરીતાને તીરે'માંથીસાભાર.)




WE WILL PROVIDE YOU WITH:
01 | Excellent price-quality ratio 02 | Fast turnover and high mark-up
03 | Professional training 04 | Attractive, constant wholesale bulk discounts

## We Provide You

**The forging part for doing CNC work on it or End use, from your sample or drawings.**



**We have converted many parts from turning process to forging.It saves your time & money**

**Jitendra Vadgama +91 93758 44441**

Mfg. By:
एन्जल Angel industries
Plot No. 2, Survey No. 75, Vishvakarma Ind. Park, NH 27, Village Bhunava, Tal. Gondal - 360 311, Dist. Rajkot, (Guj.) INDIA. | E.: angelind.rajkot@gmail.com | W.: www.divinecook.in
also follow us on : TQV

***Authorised Distributor For :***

Welding Electrodes, Machines, Thyristorised And Fully Inverter Base Small Mig, Tig, Plasm Cutting Machines Consumables, Material Handing Equipment, Industrial Cleaners And Extractor, Air compressor & Other Industrial Products

Since 1978

**Authorised Distributor for**

SUPERON SCHWEISSTECHINK INDIA LTD. | ADOR WELDING LTD. | D&H SECHERON ELECTRODES | BRADY & MORRIS ENGG CO. LTD. | Nederman | ATLAS COPCO COMPRESSOR TECHNIQUE | CARL STAHL CRAFTSMAN PRIVATE LIMITED



| INVERTER TIG | THYRISTOR RECTIFERS | DIESEL ENGINE WELDING SET | CHAMP 300 | CHAMP 400 | CHAMP 200 |
|---|---|---|---|---|---|

**RAJ AGENCIES**

Shakti Chamber, 1st Floor, Shop No. 2, Dhebar Road,
Opp. Masonic Hall, Rajkot - 360001.
Ph. No. : 0281-2231132, 2233682
Mobile. No. : +91 98242 10132, 98242 22671
Email : sales@rajagencies.in , rajagencies@outlook.com

( AN ISO 9001-2008 CERTIFIED COMPNY )

**SURELIA**
**WIRE-CUT PVT. LTD**

**GHARANA**
**ENTERPRISE**

**PRECISION MACHINING ON**
- CNG wire EDM
- Vertical Machining Center
- CNC Turning Machine
- CNC EDM & Micro Drill

**WIRE-CUT : 2464826**
**SPARK EROSION : 2464599**

**MAHENDRA INDUSTRIAL COMPLEX**
Nr. Maharani Laxmibai School, Tagore Road, Rajkot 360 002
Email : sureliawire@yahoo.com | website : www.sureliawire.com



Block No. 177, Sardarnagar Society,
Veraval Road, Kodinar - 362720
Dist. : Gir Somnath Gujarat
Mo.No. +91 97277 00194
E-mail : Devay-Engineers@outlook.com

**DEVAY ENGINEERS**

SPECIALIST IN CEMENT AND CHEMICAL PLANT ENGINEERING SERVICES

GST No – 24AALFD4831B1ZV    PAN : AALFD4831B

Mr. Jayendra M. Barad
Mo – 97277 00194

Mr. Hiren A. Gajjar
Mo – 97274 00576

- Specialist In Major Kiln Repair & Maintenance, Brick Lining, Commissioning, Erection, System Retrofit, Fabrication & Machining
- Service Provider To Major Cement & Chemical Plants Across India

**Wishing you**
**Happy & Prosperous Diwali...**

**Jigneshbhai Vadgama**
(Tech. Head)
Mo. 97277 00192

**Jitesh Vagdama**
Mo. 97277 00191

**Gajjar Engineering Pvt. Ltd.**

: SPECIALIST IN :
ALL KIND OF FABRICATION, ERECTION,MACHINING,
MAJOR REPAIRING, & MAINTENANCE WORKS

Office : 2, Samrat Ind. Area, Nr. Kaneria Oil Industries,
Rajkot. E-mail : gepl6075@gmail.com




WITH BEST COMPLIMENTS FROM

AJITBHAI GAJJAR
APOORVA GAJJAR

APOORVA GUEST HOUSE


DHEBARBHAI ROAD, OPP. BUS STAND, RAJKOT - 1. PH:. 0281-2220902

Authorized Dealer JANATICS Pneumatic



Authorized Dealer

Uflow™ Solenoid Valve



NOVA VALVES



All Type of Pneumatics Fittings, Hydraulic Hose & Fittings

Fitwell Hydraulics

Mfg.: High Pressure Flexible Hose Pipe for Oil, Gas & Steam JCB Machine, Hydraulic Hose Pipe Etc.

Mansata Chowk, Opp. Poojara Telecom, Gondal Road, RAJKOT-360004. (Guj.) INDIA.
Tel.Fax : 0281-236 40 42 E-mail : fitwellhydraulics@yahoo.com
Contact : Yogesh Bhalodia - 99241 32332, 94997 55803

# દેવું (હાસ્યલેખ)



● પલ્લવી જિતેન્દ્ર મિસ્ત્રી

પત્ની : મને મન થાય છે કે આ દિવાળીએ આપણે આપણી જૂની કાર વેચીને નવી લઈએ.

પતિ : તને ખબર નહીં હોય તો જણાવી દઉં કે આપણી જૂની કારના બદલામાં માત્ર એક સ્કૂટર આવી શકે.

પત્ની : મને એટલી તો ખબર છે કે આપણી જૂની કારના બદલામાં નવી કાર નહીં આવી શકે. પણ એનાથી નવી કારનું ડાઉનપેમેન્ટ તો થઈ જાય ને ?

પતિ : પછી બાકીની રકમ કોણ ભરશે ?

પત્ની : એને માટે લોન લઈ લેવાની. પછી હપ્તે હપ્તે ભરપાઈ કરી દેવાની.




પતિ : યુ મીન કે આપણે દેવું કરવાનું ? તને ખબર છે, ૨૦૨૩ ના ચાલુ વર્ષે દરેક ગુજરાતીના માથે દેવું વધીને ૪૮૦૦૦ રૂપિયા થયું છે. એ મુજબ ગણીએ તો આપણાં બે નું મળીને રૂપિયા ૯૬૦૦૦ નું દેવું થાય.

પત્ની : આપણે તો કોઈ પાસે એક રૂપિયો પણ ઉધાર નથી લીધો, પછી આટલું મોટું દેવું થયું શી રીતે ?

પતિ : તું નિયમિત છાપું નથી વાંચતી કે ? આ વર્ષે છાપામાં અનેકવાર મોટાં અક્ષરે મથાળું બાંધીને છપાયું છે : 'દરેક ગુજરાતીના માથે દેવું વધીને વર્ષ ૨૦૨૩માં રૂપિયા ૪૮૦૦૦ થઈ ગયું છે.

પત્ની : સંસ્કૃતમાં એક કહેવત છે 'ઋણમ્ કૃત્વા ઘૃતમ પીબેત' મતલબ કે 'દેવું કરીને પણ ઘી પીઓ.' મેં જો કે કોઈ દિવસ આવું કર્યું નથી. એનું કારણ એ નથી કે મને ઘી ભાવતું નથી કે દેવું કરવામાં હું માનતી નથી. દેવું કરવામાં હું માનતી હોઉં તો પણ મારાં જેવી ઓછી જાણીતી લેખિકાને રૂપિયા ઉધાર આપે કોણ ? હા, મૂર્ધન્ય લેખક બન્યા પછીની વાત જુદી છે. પછી તો એક કરતાં એકવીસ હજાર લોકો રૂપિયા આપવા તૈયાર થઈ જાય અને તે પણ જેટલાં જોઈએ એટલાં. પણ પછી જરૂર ના હોય ત્યારે એ રૂપિયા મળે તો પણ આપણને શું કામના, ખરૂં ને ?

પતિ : 'દેવું કરવું કે ન કરવું' એ વિશે તારા માનવા કે ન માનવાથી હકીકતમાં કોઈ ફરક પડતો નથી. કે આપણાં માથે રહેલું ૯૬ હજાર રૂપિયાનું દેવું મટી જવાનું નથી. હા, હું મારા વિલમાં એટલું લખી શકું કે – 'મારાં માથે કોઈ દેવું નથી અને કોઈ દેવું મળી આવે તો એને માટે મારાં વારસદારો જવાબદાર નથી.' પછી મારી આ વાત માન્ય રાખવી ન રાખવી એ સરકારની મરજી.

પત્ની : એ તો ઠીક પણ જો આપણાં પૂર્વજો પરંપરા પ્રમાણે લખી ગયાં હોય કે – 'હાલમાં મારા માથે એક પણ રૂપિયાનું દેવું નથી. પરંતુ મારા મૃત્યુ બાદ જો કોઈ દેવું મળી આવે તો મારા વારસદારોએ ભેગાં મળીને એ સરખે ભાગે ચૂકવવું.' તો એ આપણે ચૂકવવું પડશે ? એ કેટલું મોટું હશે ? આનાથી તો ગુજરાતીમાં કહેવાતી એક કહેવત 'જેટલી લાંબી તમારી ચાદર હોય એટલાં જ પગ પસારવા' એ ખોટી જ પુરવાર થવાની ને ?

પતિ : તું સાંભળ તો ખરી. આજનાં અખબારમાં 'ખાતર પર દિવેલ' જેવા બીજા એક સમાચાર પણ છે – 'આપણાં ભારત દેશનું દેવું ૫૪૩ અબજ ડોલર છે.'

પત્ની : ડોલરને રૂપિયામાં કન્વર્ટ કરે તો કેટલાં રૂપિયા થાય ?

પતિ : ગણિતમાં જેમની માસ્ટરી હોય એ લોકો ગણી કાઢશે. કેમ કે દેવાને કારણે મારું ચિંતાગ્રસ્ત મન આ ગણતરી માટે હમણાં તૈયાર નથી. હું તો ચકરાવે ચઢ્યો છું, એ વાત વાંચીને કે આખા વિશ્વ પર તો અધધધ...૧૮૮ લાખ કરોડનું દેવું છે. આટલું મોટું દેવું ચૂકવવા વિશ્વ પાસે કેટલી સંપત્તિ છે તેની મને ખબર નથી એટલે ચિંતા થાય છે.

પત્ની : સાંભળો, તમારી ચિંતા ઓછી કરવા માટે તમને એક જોક કહું :

બેસણામાં આવનાર : સાંભળ્યું છે કે તમારાં પતિ તમારાં માટે સારી એવી સંપત્તિ છોડી ગયાં છે ?

મરનારની પત્ની : હા. નાના નાના બે પુત્રો અને ત્રણ પુત્રીઓ.

પતિ : તારી વાત સાંભળીને મને વિચાર આવે છે કે 'આપણાં સંતાનો આપણી સંપત્તિ છે કે જવાબદારી ?'

પત્ની : પુરાણકાળથી આધુનિકકાળ સુધીમાં સંતાનોની સંખ્યામાં જે રીતે ઉત્તરોત્તર ઘટાડો થઈ રહ્યો છે તે જોતાં આ સવાલનો જવાબ સમજવો સાવ સહેલો છે. હવે તો મા-બાપને એક બાળક પણ ભારે પડે છે. અને એટલે જ આજકાલ માબાપ DINK મતલબ કે 'Double Income No Kids' ની ફોર્મ્યુલા અપનાવી રહ્યાં છે.

પતિ : મા-બાપને જે કરવું હોય તે કરે, એની મને ચિંતા નથી. મને ચિંતા આ અખબારની છે. એ લખે છે કે – 'ગુજરાત સરકાર દર વર્ષે ૨૨ હજાર કરોડ રૂપિયા ( પાછળ કેટલાં મિંડા આવતા હશે ?) વ્યાજ પેટે ચૂકવે છે. મને ચિંતા એ વાતની થાય છે કે સરકાર વ્યાજના તો આટલા રૂપિયા ચૂકવે છે, પણ મૂડીના ચૂકવી શકશે ખરા ? આપણે સાવ દેવામુક્ત ક્યારે થઈશું ?

પત્ની : તમારું તો પેલા 'કાજી દુબલે ક્યું ?' તો કહે 'સારે ગાંવ કી ફિકર' જેવુ છે.

પતિ : એક 'રાજભક્ત' તરીકે મારે એટલીસ્ટ આટલી ફિકર તો કરવી જ જોઈએ ને ? સાચું કહું તો – 'મારે માથે એક રૂપિયાનું પણ દેવું નથી' એવી મારાં મગજમાં ભરાયેલી હવાનો ફુગ્ગો અખબારના આ સમાચારે એક જ ઝાટકે ફોડી નાખ્યો.

પત્ની : તમે એમ માનો એવા નથી, ખરૂં ને ? સાંભળો તમને બીજી એક જોક કહું :

લીલાઃ મોડી રાત સુધી સળવળ સળવળ થાવ છો, ઊંઘતા પણ નથી. તમને થયું છે શું ?

મહેશ : પડોશી જશુભાઈને કાલ સુધીમાં બાર હજાર રૂપિયા આપવાના છે, એ હું હજી ભેગાં કરી શક્યો નથી એની મોટી ચિંતા છે, જેના કારણે મારી ઉંઘ વેરણ થઈ છે.

લીલાએ પતિનો મોબાઈલ લીધો જશુભાઈનો નંબર લગાવ્યો અને કહ્યું, 'જશુભાઈ, તમને આપવાના રૂપિયાની વ્યવસ્થા એમનાથી હજી સુધી થઈ શકી નથી. પણ જેવાં રૂપિયા ભેગાં થશે કે તરત તમને આપી દઈશું.' ફોન બંધ કરીને લીલા બોલી, 'લ્યો, તમે હવે શાંતિથી ઊંઘી જાઓ, હવે જશુભાઈ જાગશે.'

પતિ : આપણાં દેશમાં આવાં ઈન્કમટેક્સ ભરનારા બિચારા જશુભાઈઓની ઊંઘ લોન લઈને પૈસા ભરપાઈ ન કરનાર માફતિયાઓને કારણે જ તો વેરાન થઈ રહી છે. દારૂ પીને મરનારાઓ, એક્સિડંટમાં મરનારાઓ, પાક નિષ્ફળ જતાં દેવું ન ચૂકવી શકવાના કારણે આત્મહત્યા કરતાં ખેડૂતોના ઘરવાળાઓને પણ આવા જશુભાઈઓ જ તો નિભાવે છે.

પત્ની : દેવું ન પડે એ કારણે કેટલાંક સામાન્ય માણસ દેવું કર્યા પછી ઘરેથી ભાગી જાય છે અને અસામાન્ય માણસ દેશમાંથી ભાગી જાય છે. કેટલાંક નબળા મનના માણસો લેણદારોની ઉઘરાણીથી તંગ આવીને જીવનમાંથી ભાગી જાય છે એટલે કે આત્મહત્યા કરે છે. સરકાર બિચારી મજબૂર થઈને આમાનાં કેટલાંકનું દેવું માફ પણ કરે છે. કેટલાંકને દેવું ચૂકવવા માટે લોન પણ આપે છે, અને લોન લેનાર આપઘાત ન કરે એ ડરથી લોન માફ પણ કરે છે, ખાસ કરીને ધરતીપુત્ર એવાં ખેડૂતોનું. એ વાત સાચી છે, પણ આપણાં જેવાં બિનખેડૂતોનું કોણ રણીધણી ?

પતિ : તને ખબર છે કે દેવું કર્યા બાદ આપણાં જેવા સામાન્ય સ્થિતિનાં કેટલાંક લોકો અંધશ્રધ્ધાના માર્ગે પણ ઉતરી જાય છે ?

પત્ની : હા. અને એમના માટે સમાજનાં કહેવાતા સંતોએ કે બાબાઓએ કેટલાંક ઉપાયો બતાવ્યા છે.

પતિ : દાખલા તરીકે ?

પત્ની : દાખલા તરીકે – 'રવિવારનાં દિવસે સ્નાન કરી પોતાની લંબાઈ બરાબર એક કાળો દોરો લેવો અને તેને એક નાળિયેર પર બાંધી દેવો. આ નાળિયેરની પૂજા કરી કરજમુક્તિના મંત્રો સાથે નદીમાં વહાવી દેવું. શનિવારે સરસવના તેલથી એક માટીનું કોડીયું ભરવું. તેના પર બીજું કોડીયું, ઢાંકી તેને નદી કિનારે જમીનમાં સૂર્યાસ્ત સમયે દાટી દેવુ મંગળવારે શિવ મંદિરમાં મસૂરની દાળ ચઢાવવી અને 'ઓમ ઋણ મુક્તેશ્વર મહાદેવાય નમઃ' મંત્રનો જાપ કરવો. આવા તો બીજા અગણિત ઉપાયો છે.

પતિ : પણ તને ખબર છે, આવા ઉપાયો 'અજમાવવાથી' દેવું ઘટવાના બદલે વધે છે ?'

પત્ની : મે આવા ઉપાયો કદી અજમાવ્યા નથી એટલે મને એની નથી ખબર. પણ મને લાગે છે કે આપણે આ 'દેવાપુરાણ' ઘણું ચલાવ્યું, એ હવે બંધ કરીએ ? તમે મને માત્ર એટલું કહો કે આ દિવાળીએ તમે નવી કાર લો છો કે નહીં ?

પતિ : આજ સુધી કોઈ પતિએ પત્નીની વાત ન માની હોય એવું બન્યું છે ખરૂં ?

પત્ની : ચાલો, ત્યારે આપણી આ દિવાળી તો મજાની જવાની.

મારાં વહાલાં વાચકમિત્રો, તમારી દિવાળી પણ મજાની જાય, તમારી દરેક 'શુભ મનોકામનાઓ' પૂરી થાય એવી શુભેચ્છા સાથે 'નવાં વર્ષના અભિનંદન'

# શાંતિ (વાર્તા)

● હસમુખ બોરાણિયા



ધીરજ ધ્યાન કલબમાંથી બહાર નીકળ્યો. પાર્કિંગ સુધી પહોંચ્યો ત્યાં સુધીમાં તો ચિંતાગ્રસ્ત થઈ ગયો. પસ્તાવાનો કોઈ પાર ન રહ્યો. સ્કૂટર હંકારીને ઘેર જવા નીકળ્યો. બેધ્યાન અવસ્થામાં સ્કૂટર ચલાવ્યે રાખ્યું. એકવાર તો થાંભલા સાથે અથડાતા બચ્યો. કોઈ બોલ્યું પણ ખરૂં, 'એ ભાઈ,ધ્યાનથી ચલાવો, આમ અથડાઈ ને હાથ પગ ભાંગશો. મગજમાં ચિંતા સવાર થઈ છે કે શું?' તે બબડ્યો, 'ધ્યાન કરવા ગયો હતો, બેધ્યાન બની ગયો.'

ધીરજને યાદ આવ્યું. સૌ મિત્રોએ નક્કી કર્યું હતું, ખૂબ દોડધામ કરી, નોકરી, ધંધા, પદ, પ્રતિષ્ઠા માટે રીતસરની દોડ લગાવી.હવે શાંતિ મેળવવા એકાદ શિબિર કરીએ, જેમાં સાંજે યોગ,ધ્યાન, પ્રાણાયામ, હાસ્ય યોગ, ક્યારેક હળવી વાતો કરવી. મૂળ હેતુ મનની શાંતિ માટે નો હતો. તણાવ ઘટે, જીવનની નકારાત્મક અસરો ઘટે, હકારાત્મક અભિગમ આવે એ હતો. તો પછી પોતાને આજે આટલી અશાંતિ કેમ પેદા થઈ?



રોજ યોગ વગેરે કાર્યક્રમ પતે પછી મિત્રો પોતાની રીતે આનંદ કરતા. કોઈ પોતાનો યાદગાર પ્રસંગ કહે, કોઈ એકબીજાને કરેલી મદદ ની વાત કરે. એમાં એક દિવસ સત્ય બોલવા અંગે પ્રશ્ન પૂછ્યો. એક પણ આંગળી ઊંચી ના થઈ. પ્રશ્નકર્તા રાજી થયા, 'ચાલો, સત્ય બોલવાના પ્રશ્નનો જવાબ તો સાચો મળ્યો. તમે આજે સત્ય બોલ્યા.'

એમાં આજે એક પ્રશ્ન પુછાયો, 'તમે કોઈને પ્રેમ કરતા હતા ખરા? એમાં નિષ્ફળતા મળી હતી ખરી?' ને ધીરજ ફસાયો. સત્ય બોલવાના ચક્કરમાં આંગળી ઊંચી થઈ ગઈ. ક્રિકેટના અમ્પાયરની અદાથી આંગળી ઊંચી થઈ ગઈ. પછી આસપાસમાં, આખા હોલમાં નજર નાંખી તો પોતાના સિવાય કોઈની આંગળી ઊંચી થઈ નહોતી. નિર્ણય ખોટો હોય એમ હાથ નીચો કર્યો. પણ હવે શું? ચોખ્ખો આઉટ હતો.હિટ વિકેટ! થર્ડ અમ્પાયર ને પણ ના પુછાય! પોતે જ ખેલાડી ને પોતે જ અમ્પાયર! આટલું પત્યું ત્યાં હાસ્યયોગ શરૂ થયો. બધા ખુલ્લા દિલે હસતા હતા. અચાનક યાદ આવ્યું. પોતાનો સાળો વિનોદ પણ આ શિબિરમાં આવતો હતો. પાછળ નજર કરી તો એ પણ હસતો હતો! ધીરજ ને લાગ્યું, પોતાના પર બધા હસે છે. ભાંગરો વાટયો! આવ્યો ટેન્શનમાં!

ધીરજ વિચારતો હતો, 'યોગ પછી બધા મિત્રો આ રીતે આનંદ કરે તે વિચાર પહેલાં પોતાને ખૂબ ગમેલો. હવે ગતકડું લાગ્યું. યાદ આવ્યું, આ ગતકડું પેલા જયંતીનું હતું. ક્યાંય યોગ શિબિરમાં આવું હોય? યોગ શિબિર ચલાવતા ભાઈએ પણ ના પાડી હતી. પણ જયંતી એન્ડ કંપની માને ખરી? એ લોકો કહે, યોગ સેશન પતે પછી રાખીશું, અમારો આનંદ કાર્યક્રમ!

જયંતી પણ પાક્કો હો! પોતે પ્રશ્નો પૂછે, એટલે જવાબ આપવામાં બીજા ફસાય, પોતે ક્યાંય જાળમાં આવે નહીં. હું કેમ ઉતાવળ કરી ગયો કે અચાનક આંગળી ઊંચી...

ઘેર આવી બાથરૂમમાં ફ્રેશ થવા ગયો. શાવર ચાલુ કર્યો. ઠંડું પાણી શરીરને પલાળતું રહ્યું. પણ અંદરનો ઉકળાટ ના શમ્યો. હાથનાં આંગળાં તપાસી જોયા. બરાબર જ છે.પોતે આંગળી ઊંચી નીચી કરી જોઈ.એમાં સ્પ્રિંગ જેવું કંઈ નથી ને? તો પછી આજ અચાનક આંગળી ઊંચી કેમ થઈ ગઈ? તે હાર્મોનિયમ વગાડતો હોય ત્યારે ફરતી આંગળીઓની કમાલ જોઈ હરખાતો. પ્રાથમિક શિક્ષણથી માંડીને માધ્યમિક શિક્ષણ સુધી વર્ગમાં જવાબ આપવામાં એક્કો ગણાતો, સાહેબે હજુ તો બ્લેકબોર્ડમાં પ્રશ્ન લખ્યો ન લખ્યો હોય ત્યાં તો બંદાની આંગળી ઊંચી. ધીરજના નામના સિક્કા પડતા. વટ હતો વટ! આજે એ જ આંગળીઓ પર નફરત થતી જાય.કારણ અચાનક આંગળી ઊંચી...

બાથરૂમમાંથી બહાર આવી સોફામાં બેઠો. પણ મનમાં શાંતિ

થતી નહોતી. ત્યાં શ્રીમતીજી ચા લઈને આવ્યાં અને કહે, 'શિબિર શરૂ થઈ ત્યારથી મૂડ માં હો છો. રોજ અવનવા અનુભવ કહો છો, એકાદ બે વાર નવી જોક પણ કરી હતી. તમારા મિત્રની ટેવ વિશે મિમિક્રી પણ કરી હતી. આજે મોં લટકાવીને કેમ બેઠા છો?'

'કંઈ નહીં યાર, શાંતિ! બેસવા દે ને શાંતિથી!'

શાંતિએ વાત આગળ વધારતા વળી કહ્યું, 'શિબિરમાં શાંતિ લેવા જાવ છો ને આમ વગર કારણે અશાંત?' ધીરજ બબડ્યો, 'તને વગર કારણે લાગે છે, બાકી કારણ તો હું જાણું છું.'

ધીરજ ગોળગોળ જવાબ આપી બહાર લટાર મારવા નીકળી ગયો. લટાર મારતાં મારતાં યાદ આવ્યું, આજ અચાનક એ કેમ યાદ આવી ગઈ? કેવાં સંજોગોમાં મળી ગઈ હતી સાવ અચાનક! આમ તો કેટલાંય સમયથી મળતાં પણ પ્યારનો સ્વીકાર કર્યો ત્યારે એ બોલેલી,'આટલો સમય લગાડાય?' ત્યારે આપેલો જવાબ ધીરજને યાદ આવ્યો, 'કદાચ તને ગમે કે ન ગમે, એટલે ખૂબ વિચારીને આજે તને કહ્યું.'સપના કોલેજ સુધી ભણેલી છતાં બોલેલી, 'તમારા ખૂબ ભણેલાની તકલીફ જ આ, દરેક બાબતમાં વિચાર બહુ કરો.' પછી ખડખડાટ હસી પડેલી. પછી તો નિયમિત મુલાકાતો ને સાવ અચાનક સાથ છૂટી ગયો. ત્યાર પછી સપના ક્યારેય રૂબરૂ તો ઠીક સપનામાં પણ આવી નથી. નથી કંઈ સમાચાર. મને છોડ્યો એ છોડ્યો. કેવા આનંદથી મળતાં. એક ભૂલ ને, ભૂલ પણ કેવી? બસ, ના અને હા ની જીદ. એક વખત સપના અહીં આવી હતી. મેં રોકાઈ જવા કહ્યું.તે ન માની. બસ એમાં અહમ્ ઘવાયો ને, સપના સપનું બની ગઈ. કાયમ માટે સાથ છોડી દીધો. શાંતિ સાથે સગાઈ થઈ ત્યારે નામ જૂનવાણી લાગેલું. પણ, શાંતિ મળી ગઈ એનાં પ્રેમમાં બધું ભુલાઈ ગયું, ને આજે અચાનક આંગળી ઊંચી...

રાત્રે બેડરૂમમાં વળી શાંતિએ પૂછી જ નાખ્યું, 'કેમ આટલા બધા ગુમસુમ છો?' ધીરજ કશું બોલ્યા વગર સૂઈ રહ્યો. ત્યાં શાંતિ બોલી, 'તમે લટાર મારવા ગયા ત્યારે વિનોદનો ફોન હતો.' આટલું સાંભળતા ધીરજ મૂંઝાયો. ધ્રાસકો પડ્યો, છતાં શાંતિથી સાંભળતો રહ્યો. શાંતિ બોલી, 'વિનોદ કહેતો હતો કે શિબિરમાં મજા આવે છે. જીજાજી આગળ બેસે છે. મને ડાયાબિટીસની તકલીફ છે. એટલે હું છેલ્લે બેસું. વારંવાર બાથરૂમ જવું પડે એટલે છેલ્લે સારું પડે. યોગ પછી બધા આનંદ કરે, ક્યારેક પ્રશ્નોતરી થાય. આજે કંઈક પ્રશ્ન હતી. બધા ખડખડાટ હસતા હતા. હાસ્ય યોગમાં હસતા હશે કદાચ પણ પ્રશ્નની મને ખબર નથી. હું બાથરૂમ જવા ગયો હતો. 'શાંતિની વાત સાંભળી ધીરજને થોડી નિરાંત થઈ. હાશ, વિનોદે કંઈ બાફ્યું નથી, બાફી મેં માર્યું છે, આજ અચાનક આંગળી ઊંચી...

ત્યાં શાંતિ બોલી, 'મન હળવું કરવા જ જાવ છો ને, ગમે તેવા પ્રશ્નો પૂછે મૂંઝાવું નહીં, આપણને ઠીક લાગે તો જવાબ દેવો, ખૂબ વિચારીને આંગળી ઊંચી કરવી. બાકી સાચો ખોટો જવાબ કોને ખબર હોય? આપણાં માંયલા સિવાય? અને જે પણ હોય તે, હોય તો હોય. એમાં બીજાને શું? બાકી બહારની દુનિયાથી ના ડરવું. ડરો એટલે વધુ ડરાવે, દુનિયા તો હસાવે પણ ખરી ને રડાવે પણ ખરી, રીઝે પણ ખરી ને ખીજે પણ ખરી! આપણો આતમ રીઝે એમ કરાય. જીવનમાં કંઈક હાંસલ કરવા, સપના પૂરા કરવા ખૂબ દોડ્યા. સપનાનાય સપના હોય હોં! બધું ભૂલીને છોડીને શાંતિ માટે જાવ છો એટલે શાંતિ ભંગ ન કરાય.'

**શાંતિ તો ક્યારની ઊંઘી ગઈ હતી.પોતાને મોડી રાત સુધી પડખાં ફેરવવા છતાં ઊંઘ ન આવી. માંડ માંડ ઊંઘ આવી ત્યાં સપનું આવ્યું! તે બબડતો હતો, શાંતિ, શાંતિ.પણ શાંતિ ક્યાં?**

શાંતિનો જવાબ સાંભળી ધીરજને સમજાતું નહોતું કે એ બધું જાણે છે કે ખાલી વાતો કરે છે.

શાંતિ તો ક્યારની ઊંઘી ગઈ હતી.પોતાને મોડી રાત સુધી પડખાં ફેરવવા છતાં ઊંઘ ન આવી. માંડ માંડ ઊંઘ આવી ત્યાં સપનું આવ્યું! તે બબડતો હતો, શાંતિ, શાંતિ.પણ શાંતિ ક્યાં? પોતે નોકરી પછી સાઇડ બિઝનેસ માટે દોડાદોડી કરતો હતો, મિલકત માટે પપ્પા સાથે ઝગડો કરતો હતો. શેર બજારની ઉથલપાથલથી અકળાતો હતો. એમાં અશાંતિ મળી, એટલે તો શાંતિ મેળવવા શિબિરમાં જોડાયો ને ત્યાં અચાનક આંગળી ઊંચી...અકળાઈને બોલી ઉઠ્યો, 'શાંતિ,શાંતિ.' ત્યાં કોઈ બોલ્યું, 'શાંતિ તો ક્યારની જતી રહી.' ધીરજ બોલ્યો, 'તું કોણ છે? મેં તને ક્યારે બોલાવી?'

'હું ? હું...અશાંતિ. તે જ મને બોલાવી હતી.' અશાંતિનો જવાબ.

'ના...ના... મારે મારી શાંતિ જોઈએ.' ધીરજ બેબાકળો બની જાગી ગયો. એને એમ કે સપનામાં સપના આવશે પણ અશાંતિ આવી. શાંતિ, શાંતિ...શાંતિ...કરતો ઊભો થઈ ગયો. જોયું તો શાંતિ તો શાંતિથી સૂતી હતી. ગળામાં શોષ પડ્યો. તાકાત હણાઈ ગઈ હોય એમ અશક્તિ જેવું લાગ્યું. રસોડામાં જઈને પાણી પીને શાંતિની બાજુમાં સૂઈ ગયો, શાંતિથી.

# કન્યાદાન (વાર્તા)



• જ્યોતિ ગજ્જર, વડોદરા

'નાની, મને તારા હાથનો શીરો ખવડાવને' કહીને અન્વી અનીતાબેનના ખોળામાં માથું નાખીને સુઈ ગઈ.

'એકવીસ વર્ષની થઈ, હવે તો શીરો બનાવી આપો નાનીમા એમ બોલતા શીખ અનુ' અન્વીના માથા પર હાથ ફેરવતાં ફેરવતાં સાવ જ ખોટો ગુસ્સો કરતાં અનીતાબેન બોલ્યા.

'નાની, તું શીરો બનાવી આપને જાને. અને મને એ નથી સમજાતું કે તને તું કહેવાથી શું ફેર પડે છે? મે તને કીધું કોઈ દિવસ કે તું મને અનુ નહી અન્વી કહે? મને તો ગમે છે, તું મને અનુ કહે છે એ' કહીને અન્વી લાડથી અનીતાબેનને ગળે વળગી પડી. અને અનીતાબેન પણ હસતાં હસતાં ઊભા થઈને અન્વી માટે શીરો બનાવવા કીચનમા ગયા...

'ચાલ અનુ, ગરમાગરમ શીરો તૈયાર છે, ખાઈ લે.' બોલતા બોલતા અનીતાબેન ડીશમાં ગરમ શીરો લઈને અન્વી પાસે આવ્યા.

શીરો ખાતા ખાતા અન્વી બોલી 'નાની, મારે તને એક વાત કેવી છે.'

'બોલ ને શું કહેવું છે તારે અનીતાબેને કહ્યું.

'નાની, તું નાનાજીને કહેતી હતી ને કે અનુ માટે નાતમાં કોઈ સારો છોકરો શોધવાનું શરૂ કરો, એક બે વર્ષ તો સારું ઘર ને વર શોધવામાં નીકળી જશે, એટલે અત્યારથી જ શોધવા માંડો. એ બધું જ મે સાંભળ્યું હતું.' અન્વી બોલી.

'હા, તો એમા શું? બધા જ મા બાપ એમ જ વિચારતા હોય બેટા' અનીતાબેને કહ્યું

'હા બરાબર છે.. પણ તું મને પુછીશ નહી કે અનુ તને કોઈ છોકરો ગમે છે કે નહી?' નજર સહેજ નમાવીને



અન્વીએ અનીતાબેનને પુછ્યું.

અને અન્વીની વાત સાંભળતા જ અનીતાબેન ત્રેવીસ વર્ષ પાછળ જતાં રહ્યાં...

જાણે કે હમણાં જ શ્રૃતિ એ બુમ પાડી 'મમ્મી, શીરો બનાવી આપને, બહુ જ ભુખ લાગી છે' શ્રૃતિ નાની હતી ત્યારથી જ એને શીરો બહુ ભાવતો અને ગમે ત્યારે એને ખાલી શીરો ખાવા માટે જ ભુખ લાગી જતી. નાનકડી શ્રૃતિ ક્યારે મોટી થઈ ગઈ ખબર જ ન પડી. અનીતાબેન અને જયંતભાઈની લાડકી દીકરી શ્રૃતિ જોતજોતામાં પરણાવવા લાયક થઈ ગઈ. નાતમાથી એના માટે સારા સારા માગા આવવા લાગ્યા. પરાણે વ્હાલી લાગે એવી શ્રૃતિ બધાને ગમી જતી, પણ શ્રૃતિને કોઈ ન ગમતું.

તે દિવસે જોવા માટે આવેલો છોકરો લગભગ બધી રીતે યોગ્ય હોવા છતાં શ્રૃતિને ન ગમ્યો એટલે જયંતભાઈ એ અનીતાબેન ને કહ્યું 'અનીતા તું શ્રૃતિને શાંતિથી પુછી જો કે એ આવા સારા માગા માટે ના કેમ પાડે છે? એને કોઈ ગમતું હોય તો કહી દે, આપણે આપણી રીતે જોઈ, ચકાસી લઈએ.'

અને બીજા જ દિવસે સાંજે તો શાશ્વત જયંતભાઈ અને અનીતાબેનના ઘરે કોફી માટે ઈન્વાઈટેડ હતો.



શાશ્વત શ્રૃતિને બે વર્ષ પહેલાં કોલેજમાં મળ્યો હતો. તે કોલેજની લેબોરેટરીમાં ઈક્વિપમેન્ટ સપ્લાય કરતો હતો.

શાશ્વતના જણાવ્યા અનુસાર તેણે કેમીકલ એન્જિનિયરિંગ કર્યું હતું. એના મમ્મી પપ્પા ત્રણ વર્ષ પહેલાં એક એક્સિડન્ટમાં મૃત્યુ પામ્યા હતા. શાશ્વત એકનો એક દિકરો હતો. કુટુંબમા પણ કોઈ નહોતું. બસ તેની સારસંભાળ લેવા વાળા એક મામા હતા, જે દુબઈમાં રહેતા હતા.

છેલ્લા દોઢ વર્ષથી શ્રૃતિ અને શાશ્વત બંને એકબીજાને ડેટ કરી રહ્યા હતા અને હવે ફાઈનલી બંનેએ લગ્ન કરવાનું નક્કી કર્યુ હતું.

**અને દસ દિવસમાં બંને દુબઈ ઊપડી ગયા. 'મમ્મી, અમે પહોચી ગયા' એ છેલ્લો કોલ આવ્યા પછી શ્રૃતિના ફોન જ આવવાના બંધ થઈ ગયા.**

આ બધી જાણકારી મેળવ્યા બાદ જયંતભાઈએ શાશ્વતના મામા ને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ મામા દુબઈમાં હોવાથી મળવાને બદલે ફક્ત ફોનથી વાત શક્ય બની.

બાળકોની ઈચ્છાને માન આપી જયંતભાઈ અને અનીતાબેને તેમના લગ્ન કરાવી આપ્યા.

લગ્ન પછી શ્રૃતિને ખુશ જોઈને જયંતભાઈ અને અનીતાબેન પણ ખુશ હતા.

લગ્ન ના એક મહિનો થયો હતો ત્યાં શ્રૃતિનો ફોન આવ્યો 'મમ્મી અમે દસ દિવસમાં જ દુબઈ જઈએ છીએ, શાશ્વતે ત્યાં જ સેટલ થવાનું વિચાર્યુ છે.'

' કેમ આમ અચાનક નિર્ણય કર્યો? ક્યારેય કોઈ વાત કે ચર્ચા પણ નહિ ને સીધુ જ દસ દિવસમાં જતાં જ રહેવાનું? ઓલ ઓકે ને બેટા?' ચિંતાના સુરમાં અનીતાબેન બોલ્યા.

'હા, બધુંજ ઓકે છે, તું પણ શું મમ્મી! તરત જ ચિંતા કરવા લાગે છે. મારે હજુ ઘણુ બધુ પેકિંગ કરવાનું છે' શ્રૃતિ એ કહ્યું.

અને દસ દિવસમાં બંને દુબઈ ઊપડી ગયા. 'મમ્મી, અમે પહોચી ગયા' એ છેલ્લો કોલ આવ્યા પછી શ્રૃતિના ફોન જ આવવાના બંધ થઈ ગયા.

કેટકેટલા પ્રયત્નો કર્યા, કેટકેટલી ઓળખાણો લગાવી, કેટલી બાધાઓ રાખી...પણ, કેમેય કરીને દિકરી સાથે કોઈપણ પ્રકારનો કોન્ટેક્ટ ન થઈ શકવાના કારણે જયંતભાઈ અને અનીતાબેનની હાલત બહુ ખરાબ થઈ ગઈ હતી.

અચાનક બે વર્ષ પછી ઘરનો બેલ વાગ્યો અને સામે શ્રૃતિ ઉભી હતી. સાવ લેવાય ગયેલી, નુર વગરનો ચહેરો અને આઠ મહિનાની પ્રેગનન્ટ, અનીતાબેનને વળગી પડી, કલાક સુધી મા દીકરીએ એકબીજા વળગીને રડ્યા કર્યું. જયંતભાઈ તો જાણે સુધબુધ ખોઈને એકીટશે દીકરીને

જોઈ રહ્યા. જાણે હમણાં આંખોનો પલકારો થશે તો સપનું તૂટી જશે ને દિકરી આંખ સામેથી ઓઝલ થઈ જશે.

અત્યારે પણ એ એકવીસ વર્ષ પહેલાનો દિવસ જીવી રહ્યા હોય એમ અનીતાબેનની આંખો માંથી આંસુઓની ધાર વહી રહી હતી, અને શ્રુતિના શબ્દો એમના કાનમાં ગુંજી રહ્યા હતા 'મમ્મી એનુ નામ શાશ્વત નહોતું શબ્બીર હતું અને અમે દુબઈ નહિ દિલ્હીમાં હતાં' એ છેલ્લા શબ્દો બોલીને શ્રુતિ બેભાન થઈ ગઈ હતી.

ડોક્ટરના કહેવા અનુસાર શ્રુતિ ભારે શારિરીક અને માનસિક તકલીફનો ભોગ બની હતી. બાળકને જન્મ આપવા જેટલી શક્તિ પણ શ્રુતિમાં નહોતી. ઓપરેશનથી બાળકને તો બચાવી લીધું પણ શ્રુતિને ડોક્ટર ન બચાવી શક્યા. પોતાના જીવનના બે વર્ષમાં શું બન્યું એ રહસ્ય શ્રુતિ પોતાની સાથે જ લઈને ચાલી ગઈ.. અને એક ફુલ જેવી બાળકી અનીતાબેન અને જયંતભાઈના હાથમાં મુકતી ગઈ.

**ડોક્ટરના કહેવા અનુસાર શ્રુતિ ભારે શારિરીક અને માનસિક તકલીફનો ભોગ બની હતી. બાળકને જન્મ આપવા જેટલી શક્તિ પણ શ્રુતિમાં નહોતી. ઓપરેશનથી બાળકને તો બચાવી લીધું પણ શ્રુતિને ડોક્ટર ન બચાવી શક્યા.**

આજે એકવીસ વર્ષે ફરી એજ પરિસ્થિતિ ઉભી થઈ. શ્રુતિની જેમ જ એની દિકરી અન્વી પણ કોઈને પસંદ કરે છે, એ સાંભળીને અનીતાબેન એક પળ માટે ધ્રુજી ઊઠ્યા. સડસઠ વર્ષના અનીતાબેન અને સીત્તેરે પહોચેલા જયંતભાઈ પાસે હવે દિકરીની બાબતમાં કોઈપણ પ્રકારનું રીસ્ક લેવાની હિંમત નથી રહી.

અન્વીની વાત સાંભળતા જ ધ્રુજી ઉઠેલા અનીતાબેને સખત શબ્દોમાં અન્વીને કહ્યું 'લગ્નની બાબતમા ગમતાં પાત્ર સિવાય પણ બીજુ ઘણું જોવાનુ હોય છે. છોકરાનુ ઘર- પરિવાર, એનુ એજ્યુકેશન, છોકરાના સગા સંબંધીઓ,એમનો સ્થાયી વસવાટ. દરેક મા બાપે એ બધી જ બાબતોની પુરેપુરી ચકાસણી પછી લગ્ન વિશે વિચારાય. તમને શું ખબર પડે મા-બાપના મનનો ડર? છોકરો કેવો નીકળશે? દિકરીને કેવી રીતે રાખશે? બસ તમારે તો ખાલી બોલવું જ છે કે મને આ છોકરો ગમે છે. એની સાથે જ લગ્ન કરવા છે. પણ ખબર છે કન્યાદાન કરતાં પહેલાં મા બાપના મનની હાલત કેવી હોય છે? જેને કન્યાદાન કરીએ છીએ એ છોકરો સુપાત્ર તો નીકળશે ને?'

નાનીને જીંદગીમાં પહેલીવાર આટલી ડરેલી અને ગુસ્સામાં જોઈને અન્વી રડતાં રડતાં પોતાના રૂમમાં જતી રહી.

અન્વી માટે અઠવાડિયાથી આવા તંગ વાતાવરણમાં જાણે શ્વાસ લેવો પણ મુશ્કેલ બની ગયો હતો. પાણી માગે તો દુધ હાજર કરી દેતા નાના-નાની કેમ આવું વર્તન કરે છે? એ અન્વીને સમજાતું નહોતું. આજકાલના જમાનામાં તો મા-બાપ રાજીખુશીથી ગમતાં પાત્ર સાથે સંતાનોને પરણાવતા હોય છે. નાના-નાની તો પુછતા પણ જાણે ગભરાઈ છે કે છોકરો કોણ છે? તું મળવા બોલાવ, પછી નક્કી કરીએ. એવુ બધું વિચારતી અન્વી જૈનમને રીંગ કરે છે 'જૈનમ તું અહી આવી જા, મારા નાના-નાની ને મળવા, આજે તો હું તને એમને મળાવીને જ રહીશ.'

મમ્મી-પપ્પાને સાથે લઈને થોડીવારમાં તો જૈનમ અનીતાબેન અને જયંતભાઈની સામે હાજર થઈ ગયો.

જૈનમના પેરેન્ટ્સ પરેશભાઈ અને સીમાબેનને જોઈને ઠંડા પડેલા અનીતાબેન અને જયંતભાઈના ચહેરા પરથી ડરની જગ્યા થોડીક સ્માઈલે લીધી.

સામે આવતા પણ ડરતી અન્વીને અનીતાબેન હાથ પકડીને હોલમાં લઈ આવ્યા. સ્કુલથી જ અન્વીની સાથે ભણેલો અને પોતાની જ નાતના પરેશભાઈનો દિકરો જૈનમ. તેના માટે ના પાડવાનો તો પ્રશ્ન જ નહોતો. એમણેતો મનોમન નિર્ણય કરી લીધો હતો સુપાત્રને કન્યાદાન કરવાનો.

બસ હવે તો નિર્ણય લેવાનો હતો. અન્વી, જૈનમ, પરેશભાઈ અને સીમાબેને અને તે પણ પુરેપુરી સચ્ચાઇ સાંભળીને પછી.

અન્વી, જૈનમ, પરેશભાઈ અને સીમાબેનને સામે બેસાડીને જયંતભાઈ અને અનીતાબેને પોતાના ડરનું સાચું કારણ શબ્દશઃ જણાવી દીધું..શ્રુતિના લગ્નથી લઈને અન્વીના જન્મ સુધીનું બધું જ....


અને આજે લગ્ન પછીની પહેલી દિવાળીએ અન્વી તેના પતિ જૈનમ અને સાસુ સસરા બધાની સાથે નાના-નાની ને પગે લાગવા આવી છે. હસતાં હસતાં બધા એકબીજાને દિવાળીની શુભેચ્છાઓ આપી રહ્યાં છે...

Happy Diwali and Prosperous new year...

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન

# વિશ્વકર્મા વિશ્વ

## ઘર બેઠા લવાજમ ભરો ઘેર બેઠા વિશ્વકર્મા મેળવો




## લવાજમ ભરવા

**Paytm OR G Pay કરો**

મો.૯૦૯૯૯ ૪૯૫૬૫ પર લવાજમ ભરી આજ નંબર પર
વોટસએપ પર એડ્રેસ મોકલી આજ નંબર પણ જાણ કરો...

**આપને ઘેર બેઠા વિશ્વકર્મા જયંતી અને દિપોત્સવી
વિશેષાંક સાથે આખુ વર્ષ વિશ્વકર્મા વિશ્વ મળતુ રહેશે.**

**વિશ્વકર્મા વિશ્વ**

**વિશ્વકર્મા વિશ્વ વિનામુલ્યે વાંચવા અને
રોજેરોજના સમાચાર મેળવવા આજે જ
મોબાઈલ એપ ડાઉનલોડ કરો...**
**www.vishwakarmavishwa.com**

**વધુ માહિતી સંપર્ક : પ્રવીણ ગજ્જર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫**

NARENDRA R. VADGAMA
Director
Cell : +91 9619188953

KETUL N. VADGAMA
Director
Cell : +91 98337 89164

# VMW Mould Pvt. Ltd.

AN ISO 9001:2015 CO.

## MFRS & EXPORTERS OF BLOW & INJECTION MOULD

**Unit-1 :**
A-9 Ground Floor, Virvani Ind. Estate
Goregaon (E) Mumbai - 400 063
Tel.: 91 22 29271719, 29271720
email: admin@vmwmould.com
website : www.vmwmould.com

**Unit-2 :**
Unit No. 10, Ground Floor, Dhuri Industrial Complex I
Premises Co-Op Soc LTD, Madhu Vrinda Industrial
Estate, Phase III, Waliv Phata, Sativali Road,
Vasai East, Paldhar,
Maharashtra, 401208



**Haresh Gajjar - +91 98248 20898**

Extra comfort in a digital world
with premium optical

GAJJAR & Co.
OPTICAL AVENUE

Prahlad Road, Mahendra Mansion, Rajkot-360001.
Ph. : +91 281 2233322, E: gajjarharish@hotmail.com




AEW
ALIGHT
ENGINEERING WORKS
MANUFACTURER OF BRASS PARTS & M. S. PARTS AUTOMATIC MACHINERY
INDEXING SLOTTING MACHINE
SCREW SLOTTING MACHINE
SCREW CHEMPER MACHINE
Raw Type Shed No. 83/3,
Shankar Tekri, Udhyognagar,
Jamnagar - 361004. INDIA
Phone : +91 288 2568107
E-mail : alighteng@gmail.com
Website: www.alight.co.in
Contact Person:
Mukesh B. Gajjar +91 98251 32193
Hiren B. Gajjar +91 94272 75922
TAPPING MACHINE
TURNING MACHINE
VIBRATOR BOWL FEEDER
Design by: Ajay Sanchaniya (ajay@sanchaniya.com)


C.S VADGAMA
Mo.: 98252 22959
R.C VADGAMA
Ashish C. Vadgama
Mo.: 80000 22959
MONARCH
CHANDRESH
ENGINEERS
GAJJAR
INSTRUMENT
All kind of Dies, Bearing Cages, Machineary Keys
C.N.C. Wire Cut, Spark Erosion Job & Press Tools Components
Plot No 3-11/2, Dev Industrial Estate, B/h Gorwa Water Tank,
Nr. Golden Polycab, Gorwa, Vadodara, 390 016 (Gujarat. ) Mo. 80000 22959
email : chandreshengg@gmail.com


જયંતભાઈ : ૯૮૨૪૨ ૨૭૬૦૩
જીતેનભાઈ : ૯૯૭૮૯ ૫૧૯૧૬
HALLMARKED GOLD
GOLD YOU CAN TRUST 916
SINCE 1918
જયંતભાઈ મથુરાદાસ
એન્ડ સન્સ જવેલર્સ
૨૨ કેરેટ હોલમાર્ક ગોલ્ડ જવેલરી
શ્રી આશાપુરા માતાજીના મંદિરની પાસે, પેલેસ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૦૦૮, મો. ૯૪૦૮૪૮૯૧૫૧


Y. P. Steel Products
Industrial SPM Machine
& Automation with
CARD/PLC/CNC Controllers
2 in 1 Rubber Washer
Slicing Machine
Rotary Type Cutter
(Slotting) Machine
26 & 37, Giriraj Estate,
B/s Bhaktingar Tel. Ex., Lohanagar Main Road,
Rajkot - 360 002, Gujarat, INDIA
+91 87803 15853
www.ypsteel.in
ypsteel@gmail.com

Happy Diwali

Hitesh H. Aghera - Mo. 93764 21021

# ATUL Engineering

Mfg. of : All Types of
Seat Metal Parts & Brass Parts.

58, Udyognagar Road, Haribhai's Wadi,
Opp. Anilbhai Aangadia, Jamnagar.






# શિવ કન્સ્ટ્રકશન

**અતુલ એચ. અઘેરા** (લેન્ડ ડેવલોપર્સ)

**મો. ૯૯૭૪૭ ૧૮૧૮૮**

ઓફીસ : ૫૮ ઉદ્યોગ રોડ, હરીભાઈની વાડીમાં જામનગર.

# નાટક : પ્રકાશનો પર્વ



● દિનેશ ગજ્જર

(ઘરનું દ્રશ્ય, ડાઈનીંગ ટેબલ, સૂર્યકાંતભાઈ ચા પી રહ્યા છે, એમનો પુત્ર પ્રકાશ બ્રેડ ઉપર બટર લગાવતા લગાવતા મોબાઈલમાં દુબઈ–ટુર પેકેજની જાહેરાત જૂએ છે અને વાત શરૂ થાય છે.)

પ્રકાશ : પપ્પા, આ દિવાળી ઉપર અમે ધનતેરસથી પાંચમ સુધીની રજઓ જાહેર કરી છે, ઓફિસ બંધ જ રાખવાના છીએ, તો આ દિવાળી પર આપણે દુબઈ ટુર કરીશું ?

સૂર્યકાંતભાઈ : તારી મમ્મીને પુછી જો, મને કોઈ પ્રોબ્લેમ નથી, હું તો મારી રજાનું સેટિંગ કરી લઈશ.

પ્રકાશ : મમ્મી... ઓ મમ્મી...

દિવ્યાબહેન : (રસોડામાંથી અવાજ) એ આવી....(હાથમાં ચાનો કપ લઈને આવે છે..) બોલ શું છે ?



પ્રકાશ : આ દિવાળીમાં આપણે દુબઈ ટુરમાં જવાનું છે, પપ્પા આવે છે, બોલ તારે આવવું છે ?

દિવ્યાબહેન : સાચું કહું.... મને વાહ–તહેવારે બહાર ફરવાનું નથી ગમતું પણ અહીં એકલી રહીને હું શું કરું ?

સૂર્યકાંતભાઈ : તો પાક્કુ... આ દિવાળી દુબઈમાં.... (બધા ઉભા થઈને પોત–પોતાનાં કામે લાગે છે)

(સૂર્યાસ્તનો સમય છે, સૂર્યકાંતભાઈ ઓફિસથી પરત આવીને સોફા ઉપર બેસે છે, દિવ્યાબહેન પાણી

આપે છે. થોડીવારમાં મયુરભાઈ અને લતાબહેન આવે છે.)

લતાબહેન : કેમ છો ભાભી ?

દિવ્યાબહેન : મજામા હોં બહેન...

મયુરભાઈ : (સૂર્યકાંતભાઈને નિમંત્રણ કાર્ડ આપતા બોલે છે.) આ તમને નિમંત્રણ પાઠવું છું. આપણા ધ્રુવનાં લગ્ન છે. દિવાળી પછીની સાતમના દિવસે...ભુલ્યા વગર બધાયે આવવાનું છે, આ દિવાળીએ પાછા ક્યાંય ફરવા ના જતા રહેતા ! તમારે તો રજા પડે એટલે દેશ–વિદેશની ટુર હોય જ...

સૂર્યકાંતભાઈ : અરે મયુરભાઈ, તમે થોડા મોડા પડ્યા. અમારી ટુર તો આજે જ નક્કી થઈ ગઈ, ટિકીટ પણ બુક થઈ ગઈ...પણ લાંભપાંચમે આવી જવાનાં છીએ, એટલે લગ્નમાં હાજર થઈ જઈશું. અમારે લાયક બીજું કાંઈ કામકાજ હોય તો કહેજો...

મયુરભાઈ : આ તમારી ફોર્માલીટી છે જ સાહેબ, તમે કોઈ તહેવાર ઉપર હાજર તો હોતા નથી, તો તો પછી કામ શું બતાવવું ? બસ તમે સમયસર હાજરી આપજો.

દિવ્યાબહેન : અરે લતાબહેન....હજુ હમણાં તો સગાઈ થઈ'તી, ને આમ અચાનક લગ્ન પણ...!

લતાબહેન : ના હો... દિવ્યાબહેન, અચાનક કાંઈ નથી, ત્રણ મહિના પહેલા મૂહુર્ત નક્કી થયું, સોસાયટીમાં બધાયને ખબર છે. પેલા મેવાડા સાહેબે હોલ બુક કરાવી દીધો, પંચાલ સાહેબે કેટરર્સનું સંભાળી લીધું, મહેશભાઈએ ડેકોરેશનનું...અમારે ખાલી મહેમાનો જ સંભાળવાનાં છે ! બાકી બધુંય સોસાયટીનાં લોકો કરી લેશે. સાચું કહું...આ સોસાયટીમાં પ્રસંગ કાઢવો એટલે જરાય ચિંતાનો વિષય નહી હોં !

દિવ્યાબહેન : હા.. એ વાત સાચી... અમારે પ્રકાશનું એક્સિડન્ટ થયું ત્યારે કેટલા બધા લોકો હોસ્પિટલમાં આવ્યા હતા. અમે તો તમારા સિવાય કોઈને ઓળખતા પણ નહોતા.

મયુરભાઈ : તમારે ઓળખાણ કરવી હોય તો... રાત્રે ગાર્ડનમાં બેસવા આવો... બધાય ઓળખતા થઈ જાય ! અમે તો તમારા પછી રહેવા આવ્યા તોય જૂઓને, અમારે બધાની ઓળખાણ થઈ અને આ ગોઠવાઈ ગયું.

સૂર્યકાંતભાઈ : ઓળખાણમાં ગોઠવાયું ગયું એટલે કેવી રીતે ?

મયુરભાઈ : હા.. ઓળખાણથી જ આ સગપણ થયું છે. જુઓ... સોસાયટીમાં ગયા વર્ષે ગણેશ મહોત્સવમાં ધ્રુવે પાંચ દિવસ નાસ્તા–પાણીમાં સેવા કરી એટલે જ રમેશભાઈનાં ધ્યાનમાં આવ્યો અને રમેશભાઈએ કહ્યું કે આ કોનો દીકરો છે ? બીજાએ કહ્યું કે મયુરભાઈનો... એટલે તરત મને મળ્યા. રમેશભાઈએ એમની બહેનની નણંદની દીકરીની સગાઈની વાતો ચાલતી હતી એમાં એમને મને દીકરીનો ફોટો બતાવ્યો, લતાએ જોઈ, ધ્રુવને બતાવી, ગમ્યું. વાત આગળ ચલાવી તો એમાંય પરિવારમાં જાણીતા નીકળ્યા એટલે એક મહિનામાં જ સગાઈ કરેલી યાદ છે ને ?

દિવ્યાબહેન : હા, ગણેશ મહોત્સવમાં એક દિવસની પ્રસાદી અમે આપેલી, હું આરતી ઉતારવા આવેલી, ત્યારે તમે બધા વાતો કરતા હતા... એ યાદ છે.

મયુરભાઈ : હા... એ વખતે સૂર્યકાંતભાઈની તબીયત સારી નહોતી... અમે તેમનાં ખબર–અંતર પૂછેલાં....

લતાબહેન : એ હાલો.. હવે બાકીની વાતો પછી નિરાંતે કરજો, હજુ બધાને નિમંત્રણ આપવા જવાનું છે.

મયુરભાઈ : હા... ચાલો અમે રજા લઈએ, તમે સમયસર હાજરી આપજો હોં !

સૂર્યકાંતભાઈ: હા... ચોક્કસ આવીશું.. (મયુરભાઈ અને લતાબહેન રજા લે છે... )

**જો મયુરભાઈનો દીકરો આપણા પ્રકાશ કરતા પણ નાનો છે, એના લગ્ન પણ થઈ જશે... આપણા પ્રકાશનું ક્યારે ગોઠવાશે ? ૩૨ વર્ષનો થયો ! તમને એની કોઈ ચિંતા છે કે નહી ? : દિવ્યાબેન**

સૂર્યકાંતભાઈ : ગયા વર્ષે ગણેશ મહોત્સવમાં મારી તબીયત ખરાબ થઈ તી ? મને તો યાદ નથી.

દિવ્યાબહેન : એક તો તમારે ઘરમાં જ બેસી રહેવું હોય ! અમારી સાથે ક્યાંય આમ ક્યાં બહાર આવવું નહી, તો પછી અમારે શું કરવું ? કંઈક તો બહાનું કાઢવું ને ! એમ થોડાં કહેવાય કે એ બેઠા–બેઠા ટીવી જૂએ છે પણ નીચે નહી આવે ! (થોડીવાર પછી ઊંડો શ્વાસ લઈને) જો મયુરભાઈનો દીકરો આપણા પ્રકાશ કરતા પણ નાનો છે, એના લગ્ન પણ થઈ જશે... આપણા પ્રકાશનું ક્યારે ગોઠવાશે ? ૩૨ વર્ષનો થયો ! તમને એની કોઈ ચિંતા છે કે નહી ?

સૂર્યકાંતભાઈ : (ઉભા થઈને ગેલેરી તરફ જતાં–જતાં) એ બધું થશે... એમાં ચિંતા કરવાની ના હોય, દરેક વસ્તુ એના સમયે થઈ જ જાય...

દિવ્યાબહેન : હાં... દરેક વસ્તુ એના સમયે જ થાય, પણ એમાં કોઈકે કંઈક કરવું પડે... તાવડી ઉપરથી રોટલીને એના સમયે ઉતારી લેવી પડે, નહિતર રોટલી બળી જાય ! રોટલી એની જાતે ના ઉતરે ! હવે સમય આવી ગયો છે. પ્રકાશની સગાઈમાં મોડું થાય એ પહેલાં આપણે થોડું ધ્યાન આપવું પડે, તમે કુટુંબમાં બધાને જાણ કરો... તો બધાને ખબર પડે કે આમને દીકરાની સગાઈ કરવાની છે... તો વાત આગળ ચાલે...

સૂર્યકાંતભાઈ : (ગેલેરીમાંથી નીચે જોતા બોલે છે.) આપણે દુબઈથી આવીને મોટાભાઈનાં ઘરે નવા વરસનાં રામ–રામ કરવા જઈશું ત્યારે એમને વાત કરીશું. જો નીચે ગાર્ડનમાં મયુરભાઈને એ લોકો બેઠા છે, તો પ્રકાશ આવે એટલી વાર હું પણ એમની સાથે બેસતો આવું, મયુરભાઈને સારું લાગે ને !

દિવ્યાબહેન : આ ગમ્યું... અગિયાર વરસમાં પહેલીવાર તમને ગાર્ડનમાં બેસવાનો વિચાર આવ્યો..

સૂર્યકાંતભાઈ : અરે.. મયુરભાઈ રેવન્યુ ઓફિસમાં છે, અમારે એમનું કામ પડે છે, સંબંધો રાખવા પડે, આપણે લગ્નમાં તો એમને મદદ કરી શકવાનાં નથી, તો અત્યારે થોડો ટાઈમ સાથે બેસીએ. આમ... સંબંધ સચવાય.

દિવ્યાબહેન : હા બેસો, ભલે આપણા સ્વાર્થ માટે, સંબંધ સાચવવાનો વિચાર તો આવ્યો... મોગેમ્બો ખુશ હુઆ.

સૂર્યકાંતભાઈ : (જતાં–જતાં)... હું હમણાં પ્રકાશ આવે એટલે આવું છું... તું રસોઈની તૈયારી કર...

(સોસાયટીનો ગાર્ડન, મયુરભાઈ, મેવાડા સાહેબ, મિસ્ત્રી સાહેબ બેઠા છે અને સુર્યકાંતભાઈ આવે છે.)

મયુરભાઈ : અરે આવો આવો.. સર્યૂકાંતભાઈ... (જગ્યા કરીને એમને ગાર્ડનનાં બાંકડા ઉપર બેસવા ઈશારો કરે છે. સૂર્યકાંતભાઈ બાંકડા ઉપર બેસે છે પછી મયુરભાઈ આગળ વાત કરે છે.) આ મેવાડા સાહેબ છે, રિટાયર્ડ ડિસ્ટ્રીક્ટ જજ, અને આ મિસ્ત્રી સાહેબ...ડેપ્યુટી મામલતદાર. આ સોસાયટીમાં મોટાભાગનાં લોકો અલગ–અલગ ખાતામાં ઓફિસર છે. આખા દિવસનાં કામનો થાક અમે આમ મોજ–મસ્તીથી ઉતારીએ.

સૂર્યકાંતભાઈ : હા.. તમે રોજ સારો ટાઈમપાસ કરો છો...

મિસ્ત્રી સાહેબ : હા.. બાયપાસ કરાવવા કરતાં ટાઈમપાસ કરવો સારો.

મયુરભાઈ : તમને પણ નવરાશ મળે તો.. આવતા રહેજો... ટાઈમ પાસ કરવા... થાક ઉતારવા...

સૂર્યકાંતભાઈ : હા... નવરાશ મળશે તો આવીશ.

મેવાડા સાહેબ : અરે..સૂર્યકાંતભાઈ.... મયુરભાઈએ હમણાં વાત કરી તમે દુબઈ જાવ છો. દુબઈમાં રહેવું હોય તો મારા દીકરાનું ઘર છે, મોટો દીકરો ત્યાં છે, કાંઈપણ કામકાજ હોય તો કહેજો....

સૂર્યકાંતભાઈ : ઓહો... થેન્ક્યુ સાહેબ... જાણીને ખૂબ આનંદ થયો.

મયુરભાઈ : જેમ જેમ સોસાયટીનાં લોકો વિશે જાણતા જશો, એમ તમને વધુને વધુ આનંદ થશે. એકાદ તહેવારમાં બહાર ફરવાનું ટાળીને સોસાયટીનાં ઉત્સવમાં જોડાશો તો બધાની ઓળખાણ થઈ જશે. દર દિવાળી પછી બેસતાં વર્ષનાં દિવસે રાત્રે આપણે સ્નેહમિલન રાખીએ છીએ. સાંજે ગરબાં લઈને અને રાત્રે સમુહ ભોજન કરીને એકબીજાને રામ-રામ કરીએ.

સૂર્યકાંતભાઈ : ખૂબ સરસ... આવતાં વર્ષે સ્નેહમિલનમાં અમે પણ જોડાશું... પાક્કું..

મિસ્ત્રી સાહેબ : અહીં કાલની પણ કોઈને ખબર નથી હોતી .... ને સાહેબ આવતા વર્ષની વાત કરે છે !

મયુરભાઈ : બોલ્યા કવિશ્રી, આમનું ખોટું ના લગાડવું.. હોં, આ મોજીલા મનોજ છે... મનોજ મિસ્ત્રી.

મિસ્ત્રી સાહેબ : મયુરભાઈ કહેતા હતા, તમે પણ મિસ્ત્રી છો... તમારે સંતાનોમાં ?

સૂર્યકાંતભાઈ : એક દીકરો... પ્રકાશ... આર્કિટેક છે. છેલ્લા ચાર વર્ષથી પાર્ટનરશીપમાં બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનું કામ કરે છે. બોપલ-આંબલી ચોકડી ઉપર જે 'આવકાર બિલ્ડર્સ' છે, એ મારો સન છે.

મિસ્ત્રી સાહેબ : ઓહો...હમણાં જ અમે એક ફ્લેટની સ્કીમ શરૂ કરી. આપનો સન આ કરે છે એ ખબર હોત તો અમે એની જ મુલાકાત કરેત ! પ્રકાશનાં એક્સિડન્ટ વખતે હોસ્પિટલમાં ખબર કાઢવા અમે સાથે આવેલા ત્યારે આર્કિટેક છે એટલી વાત થયેલી પણ બીજી કાંઈ ખબર નહોતી. આજે જાણીને આનંદ થયો. આપણી સોસાયટીમાં અને મિસ્ત્રી પરિવારમાં આવા હોંશિયાર દીકરાઓ છે.

મયુરભાઈ : હા.. મારે તો ઘણીવાર મુલાકાત થાય, એક જ ફ્લોર ઉપર છીએ એટલે..દીકરો હોંશિયાર છે અને સગાઈ કરવાને લાયક પણ થઈ ગયો છે હોં, તમારે હવે વિચારવું જોઈએ સૂર્યકાંતભાઈ ! અમારે ધ્રુવ કરતાં પણ બે વર્ષ મોટો હશે.. એવું મારા વાઈફ કહેતા હતા.

સૂર્યકાંતભાઈ : હા...હાં... વિચારીએ જ છીએ... કોઈ દીકરી ધ્યાનમાં હોય તો કહેજો...

**"હા... મયુરભાઈ મારી ભાણીની વાત કરે છે. એ પણ આર્કિટેક છે, અત્યારે જોબ કરે છે. અમે પણ આર્કિટેક છોકરો જ ગોતીએ છીએ અને ભાણીને પાછું બધુ સેટ થાય એવું છે તો જોઈએ એકબીજાને અનુકુળ આવે તો..."**

મયુરભાઈ : એક મિસ્ત્રીની દીકરી તો દિવાળી એ જ આવે છે ! આપણા સ્નેહમિલનમાં પણ તમે તો છો જ નહી ! નહિતર અહીં જ મળી લેવાત...જોઈ પણ લેવાત...પછી ગમે તો પછી વાત આગળ કરાય.

મિસ્ત્રી સાહેબ : હા... મયુરભાઈ મારી ભાણીની વાત કરે છે. એ પણ આર્કિટેક છે, અત્યારે જોબ કરે છે. અમે પણ આર્કિટેક છોકરો જ ગોતીએ છીએ અને ભાણીને પાછું અમદાવાદમાં જ રહેવું છે. આપણો પ્રકાશ પણ આર્કિટેક છે અને અમદાવાદમાં જ છે. બધુ સેટ થાય એવું છે તો જોઈએ એકબીજાને અનુકુળ આવે તો... તમને હું બાયોડેટા આપી દઈશ.

સૂર્યકાંતભાઈ : હા.. મોકલજો.

મેવાડા સાહેબ : વાહ.. આજની મિટીંગ સફળ રહી. આ સેટ થાય તો આપણી સોસાયટીમાં આ સાતમી જોડી ગાર્ડન મિટિંગને કારણે બનશે... (બધા હસે છે...)

મયુરભાઈ : હા.. હસો...હસો... પણ વાત સાચી છે. અહીંનાં ઉત્સવોમાં સોસાયટીનાં સભ્યોને તેમનાં ભાઈ-બહેનને પણ પરિવાર સહિત મહેમાન તરીકે બોલાવવાની પ્રથા છે એ એકબીજાથી પરિચીત થવા માટે જ છે.

(પ્રકાશ ગાડી પાર્ક કરીને લીફ્ટ તરફ જાય છે જે સૂર્યકાંતભાઈ જૂએ છે એટલે ઉભા થતાં બોલે છે.)

સૂર્યકાંતભાઈ : ચાલો ત્યારે... મારો સન આવી ગયો... હું જમવા જાઉં... મળીએ પછી... સૌને મળીને આનંદ થયો.

દ્રશ્ય- ૩

(ઘરનું દ્રશ્ય, ડાયનીંગ ટેબલ, ભોજન લેતા સૂર્યકાંતભાઈ નીચે થયેલી વાતો કહે છે, બધા સાંભળે છે.)

દિવ્યાબહેન : (બધી વાતો શાંતિથી સાંભળીને...થોડીવાર પછી...)

અમારે પણ આવી જ સોસાયટી હતી. આખી સોસાયટી ઉત્સવો કરે, બધા સાથે મળીને કામ કરે, જેમનામાં જે કળા હોય એવું કામ સોંપી દેવાનું, તહેવારો તો પરિવારમાં જ ઉજવાતાં, સમાજની વાડીમાં દર વર્ષે સ્નેહમિલનમાં જવાનું. સ્નેહમિલનમાં તો તમારા પપ્પાએ મને જોઈ'તી અને આપણા લગન થયાં. તમને ફરવાનો બહુ શોખ... એ તમે કીધુ તું મને... પણ મને એમ કે કુંવારા હોય તો ફર્યા કરે... પણ લગન પછી તો ટાંટીયો ઘરમાં ટકશે જ ને ! લગન પછી મને યાદ નથી એકેય તહેવાર મે સમાજની વાડીમાં કે પરિવારમાં મોજ-મસ્તીથી ઉજવ્યો હોય... એમાંય તમારા શોખમાં સોનામાં સુગંધ ભળી... બાપ એવા બેટા...આ કુંવરને પણ પોતાનું

કોઈ ફ્રેન્ડ સર્કલ નહી. પપ્પા જ એના બેસ્ટ ફ્રેન્ડ... રવિવાર હોય કે બીજી રજા.... પપ્પા...હાલો.. આપણે ક્યાંક ફરવા જઈએ. હવે તારા બાપાનો હાથ છોડ અને કોઈકનો હાથ પકડ !

પ્રકાશ : જો મમ્મી.. અમે બહાર ફરવા જઈએ તો મને બીજા શહેરની લેટેસ્ટ ડિઝાઈન, બિલ્ડીંગ, ઈન્ટરીયર બધુ જોવા મળે જેનાથી હું અહીં લોકોને નવી ડિઝાઈન આપી શકું છું. મને તો ફરવામાં ફાયદો થાય છે. અને અમસ્તુંય નવરા લોકો સાથે બેસીને ગપ્પા મારવાનો મારી પાસે સમય નથી.

દિવ્યાબહેન : ફરવામાં ફાયદો જોજે... પણ સંબંધમાં ફાયદાનું વિચારીશ નહી હોં ! નહીતર સરવાળે ખોટ ખાઈશ...

સૂર્યકાંતભાઈ : બેટા, પહેલા મને પણ એવું જ લાગતું.... કે આ નવરા લોકો રોજ ટાઈમ પાસ કરે છે, પણ આજે ખબર પડી. આ ગપ્પા મારનારા લોકો નવરા નથી, મેવાડા સાહેબ રિટાયર્ડ જજ છે, મિસ્ત્રી સાહેબ ડેપ્યુટી મામલતદાર છે. સોસાયટીમાં બીજા અનેક ઓફિસરો રહે છે. આ લોકો તો મારા સાહેબ જેવા જ ઉચ્ચકક્ષાનાં છે. તોય સાંજે બધુંય ટેન્શન ઓફિસમાં મુકીને અહીં મોજથી જીવે છે. એ ટાઈમપાસ નથી કરતાં... જીવનને માણે છે. આનંદની વાત તો એ છે કે એ આખી સોસાયટીની મદદ કરે છે. દરેકનાં પરિવાર વિશે જાણે છે. મને પણ હવે એવું થાય છે કે આમની સાથે બેસીને સમયની થોડીક ક્ષણનો આનંદ લઈએ ને.. તો રોજનો થાક ઉતરી જાય. પરિવાર જેવું લાગે....

**હવે સમજાણું ને ! આનંદની શોધ કરવા બહાર ફરવાનું ના હોય ! આનંદ આપણી આસપાસ જ હોય છે. જીવનની મોટી પીડાઓ પણ સાથે રહેવાથી નાની થઈ જતી હોય છે. તમને એવું લાગે છે કે... આપણા પૈસા, બંગલો, ગાડી જોઈને કોઈ આપણને દીકરી આપશે ?**

દિવ્યાબહેન : હવે સમજાણું ને ! આનંદની શોધ કરવા બહાર ફરવાનું ના હોય ! આનંદ આપણી આસપાસ જ હોય છે. જીવનની મોટી પીડાઓ પણ સાથે રહેવાથી નાની થઈ જતી હોય છે. તમને એવું લાગે છે કે... આપણા પૈસા, બંગલો, ગાડી જોઈને કોઈ આપણને દીકરી આપશે ? એ લોકો આપણા સંબંધો અને વહેવારોની તપાસ કરશે પછી દીકરી આપશે. (એકદમ હસતાં–હસતાં કટાક્ષ કરતાં) જો આપણે ક્યાંય ભળીશું નહી તો મર્યા પછી કોઈ આપણને શ્રાદ્ધમાંય નહી ભેળવે...

સૂર્યકાંતભાઈ : આની વાતો આવી જ હોય !

દિવ્યાબહેન : હું સિરીયસ થઈને સિધી રીતે કહું તો તમે મારી વાત ગંભીરતા લેશો ? એટલે હસતા–હસતા હું કહી દઉં છું જે મારે કહેવાનું હોય !

સૂર્યકાંતભાઈ : તારી વાત સાચી છે.. નાનપણમાં તું પ્રકાશને બહાર રમવા જવા દેતી, પણ હું ચોખ્ખી ના પાડતો. આખો દિવસ બસ ભણવાનું અને ઉચ્ચ કેરીયર બનાવવા મે એની ખૂબ પરીક્ષાઓ લીધી. પ્રકાશ બધીય પરીક્ષામાં પાસ થઈ ગયો. મારી જેમ નોકરી કરવાને બદલે પોતાનો બિઝનેશ છે. કરોડો કમાય છે... એક બાપ તરીકે છોકરાને પાસ કરાવવામાં...હું ક્યાંક માણસ તરીકે નાપાસ થઈ ગયો હોય એવું લાગે છે. (ઊંડા શ્વાસ સાથે) દિવ્યા... ખરેખર હવે મને દિવાળીમાં દુબઈ જવામાં રસ નથી. આપણે સોસાયટીમાં બધાયની સાથે રહીએ. આપણે મોટાભાઈને પણ સોસાયટીનાં સ્નેહમિલનમાં બોલાવી લઈએ. એ બહાને બધાની ઓળખાણ થશે, આપણો પરિવાર ભેગો થશે અને બીજી બાબત એ પણ છે કે સોસાયટીનાં સ્નેહમિલનમાં મિસ્ત્રી સાહેબની ભાણીને પણ જોઈ લઈએ.. જો ગમે તો આપણાં આંગણે પણ નવા વર્ષે પ્રસંગ આવે.... નવું વરસ ખરા અર્થમાં લાભદાયક બને... !

દિવ્યાબહેન : લો... એમાંય ફાયદો ! (પ્રકાશ સામે જોઈને...) આ લાલો લાભ માટે અહીં રોકાશે !

પ્રકાશ : ના મમ્મી... એવો કોઈ સ્વાર્થ નથી... છોકરી કદાચ ના પણ આવે, છોકરીવાળાને કે આપણને કદાચ અનુકુળ ના પણ આવે... એ હવે મહત્વનો મુદ્દો જ નથી. આપણે તો આ લોકોની સાથે અહીં સ્નેહમિલન કરીએ. મને યાદ છે... આ લોકો હોસ્પિટલમાં મારી ખબર પૂછવા આવેલા ત્યારે મે મમ્મીને કહેલું કે હું સાજો થઈને ઘરે આવી જાઉં પછી... આપણે આ લોકોનો આભાર માનવા ઘરે બોલાવીશું અને પાર્ટી કરીશું. પણ પછી એવો સમય જ ના મળ્યો... હું એવા કામમાં લાગી ગયો કે પછી આ લોકોનાં કોઈ કામમાં જ ના આવ્યો ! હોસ્પિટલમાં મયુર અંકલ ત્રણ–ચાર વાર આવેલા... ફ્રુટ પણ લેતા આવતા હતા. આ બધુ યાદ કરતાં મને એમ થાય છે કે હવે એમનાં ઘરે પ્રસંગ છે તો આપણે એમનાં કામમાં આવવું જોઈએ...

દિવ્યાબહેન : વાહ.. ધ રાઈટ ડિસીઝન.... ઓન ધ રાઈટ ટાઈમ.... આજે મને પપ્પાની યાદ આવે છે. મારા પપ્પા કહેતા કે દિવાળીએ તો લક્ષ્મીજી ઘરમાં આવે એટલે આપણે ક્યાંય બહાર ન જવાય... ઘરનાં આંગણે રંગોળી કરીને, દીવડાંઓ પ્રગટાવીને સ્નેહીઓનું સ્વાગત કરાય.

સૂર્યકાંતભાઈ : હા.. મેં આજની પૂર્તિમાં જ વાંચ્યું... દિવાળી પ્રકાશનો પર્વ છે... ઘરમાં પ્રગટાવેલાં દીવડાંઓ ઘરને અજવાળે છે... મને અંદરથી આનંદ થાય છે... પ્રકાશ...તું ટિકીટ કેન્સલ કરાવી નાખ...આપણે આ પ્રકાશનો પર્વ... સોસાયટીમાં, પરિવારની સાથે ઉજવીએ.

દિવ્યાબહેન : વાહ... સૂર્યકાંતને...પ્રકાશ દેખાણો.. અને આ દિવ્યા તો દિવ્ય બની ગઈ....

(બધાય ખડખડાટ હસે ને... અને પ્રાર્થના વાગે છે... જ્યોત સે જ્યોત જલાતે ચલો... )


# હવે તો બસ લડી જ લેવાનુ !

● અનિલ ખારેચા



ઈડિયટની અટારીએથી

આ વર્લ્ડકપ ટુર્નામેન્ટ હોય કે ઈલેક્શન બધે લડવુ જ પડે છે ને? છેલ્લા ઘણા વર્ષોથી લોકોનો મૂડ બદલાયો હોય તેવુ લાગેછે. આઝાદીને નામે હોય કે પોતાના હક્કને નામે, પછી તે પરિવાર હોય કે પડોશી દેશ હોય, બધાજ હવે નાનીવાતે પણ લડી લેવાના મૂડમાં જ છે! બધાને હવે લડીજ લેવું છે! અમુક નમુનાઓતો ફાટક બંધ થતું હોય ત્યાં દોડીને સ્કુટર લઈ ફાટક બંધ થતાં પહેલાં પાઇપ નીચેથી અડધો વાંકો વળીને ગરકી જાય અને પાછા પાછળ ઉભેલા તરફ જોઈને એટલો ખુશ થાય જાણે પોતે યુદ્ધ જીતી લીધું હોય ને બીજા હારી ગયા હોય ! લડી જ લેવું છે બધાને ! આવા કલાકારોમાં એક ટેલેન્ટ એવી પણ હોય કે સ્કૂટરને આમ તેમ નમાવી, ખડાવીને જાણીલે કે અંદર કેટલું પેટ્રોલ છે ! કારણ કે તેને પોતાના ખિસ્સામાં શુ છે તેપણ ખબર હોય ને કે પહોંચેતો સારુ!



સોશિયલ મીડિયામાં તો આજનું યુવાધન જાણે લડી લેવાના મૂળમાં જ જોવા મળે, ફોલોઅર્સ માટેની લડાઈ, લાઇવ ગાળાગાળી કરી અન્યને ઉતારી પાડવાની જાણે હરીફાઈ જ જોઈ લો.કોઈ રાજકીય પક્ષના ભક્ત કે વફાદાર બની સતત પોસ્ટ મુકી વિરોધીઓ સાથે એવા લડે જાણે પોતેજ સી.એમ કે ધારાસભ્ય હોય, એ વાત અલગ છેકે આવાનુ પાછા પોતાને ઘેર કશુજ ઉપજતુ ન હોય! પહેલા બેન્ક એકાઉન્ટ જોઈ અને છોકરીઓ પ્રભાવિત થતી કે ચલો સારી ઈન્કમ છે,આજે સોશિયલ મીડિયામાં ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમા કેટલા ફોલોઅર્સ છે તે જોઈને હવે આજની યુવા પેઢી પ્રભાવીત થાય છે ! પણ આવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લટાર મારવાની પણ મજા આવે , ખાસતો કોઈ છોકરી પોસ્ટ કરે કે આઈ ફીલ વિકનેસ ત્યાં તો લાખો યુવાનો ડોકટરની અદામા બેબી તારે આ નકરવુ ,આ ન ખાવુ તેવુ લખી સલાહકાર બની જતા હોયછે પોતાને ભલે વર્ષોથી ખરજવુ ન મટતુ હોય પણ કહ્યું ને કે લડીજ લે! પોતાની ત્રેવડ ન હોય પણ બીજાની ગાડી પાસે ફોટા પડાવીને ઘણા યુવાનો પોસ્ટ કરે વાલા કંઈના ઘટે હો! બસ લડી જ લેવાનું

એક મિત્ર હમણાં પહેલી વખત પ્લેનમાં મુંબઈ ગયેલ ત્યારે ત્યા કપડાં ખરીદવા એક મોલમા ગયા ત્યાં ગુજરાતી સેલ્સમેન બોલ્યો કે સર કપડા પ્લેઈન માં બતાવુ કે.. ત્યાં મારો મિત્ર વચ્ચેજ બોલ્યો નાના દુકાનમાજ બતાવોને વળી પાછુ કયા એરપોર્ટ પર જવુ !પેલો કહે સાહેબ પ્લેઈન કલર માં કહું છું એરોપ્લેનમાં નથી કહેતો. પણ આ ઢીલતો ન જ આપે,તે કપડાંનો ઘા કરતા બહાર નીકળતા બોલ્યો કયાં આવા નાના મોલમાં આવ્યો મારા સ્ટેટ્સ નુ અહીં કશુ જ નથી! બોલો ,બધે લડીજ લેવાનુ ?

મારા એક આસિક મિજાજી મિત્રને પુછ્યું આ સોશિયલ મીડિયામાં મુલાકાત બાદ ઘણાને પ્રેમ થાય પણ એ બહુ લાંબો સમય ટકતો નથી તેનુ શુ કારણ હશે? એક્સપર્ટ ની અદામા તેને કહ્યું એમાં કશું ન કરવાનું હોય જો પ્રેમ ટકાવવો હોય ને તો તમારી ગર્લફ્રેન્ડ પાસેથી પાંચ દસ હજાર ઉછીના લઈ લો એ જિંદગીભર તમને નહીં ભૂલે બોસ અનુભવથી કહું છુ !

ખરેખર છેલ્લા ઘણા મહિનાઓથી ટીવીમાં યુદ્ધનાજ ન્યુઝ જોવા મળતા મેં મારા શ્રીમતીજીને કહ્યું ક્યાંય શાંતિ નથી તે બોલ્યા શાંતિ જોઈએ તો પ્રેમ કરવો પડે સમજયા ?અને મેં કહ્યું લડાઈ અને પ્રેમ સાથે જોઈતા હોઈતો? તે કહે તો લગ્ન કરવા પડે તમારે પણ બધે લડીજ લેવુ છે!

# ખેવૈયા

● કોમલ દિપેન બકરાણિયા



## કલર્સ ઓફ લાઈફ

દિવાળી આવતાની સાથે જ બધા લોકોમાં હર્ષ અને ઉલ્લાસની લાગણી ફેલાઈ જાય છે અને આપણે ફક્ત દિવાળી જ નહીં પરંતુ બધા તહેવારો મન મૂકીને માણીએ છીએ અને એમાં પણ દિવાળી એટલે તો તહેવારોનો રાજા પરંતુ શું ખરેખર આપણે બધા જ દિવસો દિવાળીની જેમ માણી શકીએ છીએ? કારણ કે બધા જ દિવસો એકસરખા નથી હોવાના જીવનમાં ક્યારેક સુખ તો ક્યારેક દુઃખ, તડકો તો ક્યારેક છાયડો આવતા જ રહેવાના છે પણ આપણા વડીલો કહે છે તેમ સુખમાં ક્યારે થકી ન જવું અને દુઃખમાં ક્યારે હારી ના જવું. આમ પણ આપણે ભવિષ્ય વિશે જાણતા નથી અને વર્તમાનને આપણે બદલી નથી શકવાના તેથી આપણે વર્તમાનની દરેક ક્ષણને મન મૂકીને માણીએ. અને શા માટે નાહકની ભવિષ્યની ચિંતા કરવી અને ભૂતકાળને વાગોળવો ?



અને આપણી ખુશી ફક્ત અને ફક્ત તમારા જ હાથમાં છે જો આપણે બીજા લોકો પાસેથી તમારી ખુશીની આશા રાખશુ તો  કોઈ એક સમયે નિરાશ જ થવાના છીએ કારણ કે દરેક માણસ આપણી ઈચ્છા મુજબ જ અને આપણ ને ગમતું જ વર્તન દરેક સમયે કરશે એવું નક્કી નથી અને એવી જ રીતે આપણે પણ સામેવાળા માણસને ,ફૂળ આવે એવું વર્તન દરેક સમયે કરી શકવાના નથી અને આમ જ્યારે પણ આપણી ઈચ્છા વિરુદ્ધનું વર્તન સામે વાળો વ્યક્તિ કરે છે ત્યારે આપણને દુઃખ લાગે છે અને એવું જ સામેવાળાને પણ ફીલ થતું હોય છે જ્યારે આપણે એને અનુકૂળ વર્તન કરતા નથી અને આપણે છેલ્લે એવા કનફ્યુઝન ઉપર આવી જઈએ છીએ કે આ માણસ મને દુઃખી કરે છે અને પછી આપણે આપણી વાત મનાવવા માટે કાં તો એ માણસનો વિરોધ કરીએ છીએ અથવા તો આપણે આપણી વાત મનાવવાના કોઈપણ અલગ અલગ રસ્તાઓ શોધીને જ્યાં સુધી એ વ્યક્તિ આપણી વાત ના માને ત્યાં સુધી આપણે પ્રયત્ન કરતા રહીએ છીએ.

દરેક માણસ પોતપોતાની રીતે સાચું જ હોવાનું છે દરેક માણસ પોતાના સંજોગો અને પરિસ્થિતિને અનુરૂપ વર્તન કરતો હોય છે તો કોઈ બીજાને લીધે થઈને શા માટે પોતાની જાતને દુઃખી કરવી. શા માટે તમારી ખુશીની ડોર કોઈ બીજાના હાથમાં આપવી? આપણી જીવનરૂપી નાવના ખેવૈયા આપણે પોતે જ છીએ. જીવનમાં આવતા સુખ અને દુઃખ માટે ફક્ત અને ફક્ત આપણે જ જવાબદાર છીએ તો દરેક સિચ્યુએશનમાં પોતાની જાતને પોઝિટિવ અને હેપી રાખવી અને આ રીતે આપણે આપણી જીવન રૂપી નાવ ના ખેવૈયા  પોતે જ બનીને જીવનના દરેક ક્ષણને  હર્ષ ઉલાસથી માણી. આપ સૌને દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ.




દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ

શ્રેષ્ઠ શુભેચ્છા સાથે :

સ્પેક હાઉસ, રામચંદ્ર લેન વિસ્તાર, મલાડ પશ્ચિમ, મુંબઈ - 400064

સ્પેક્ટ વિઝન, Svy. નંબર 45, NH નં. 8, ભીલાડ, જિલ્લો - વલસાડ, ગુજરાત - 396105

Harmony SPECTACLE FRAMES | Rajni Gold Micron Gold Plating | Rajni Frames | Lifestyle Sunglasses | Rajni ELITE by GAJJAR GROUP

M-CUBE PROJECTS PVT. LTD.



# સાલ મુબારક

**HEAD OFFICE**
202/203, 2nd Floor, Kala Mandir,
Chitrakar Ketkar Road,
Behind Adarsh Petrol Pump,
Vile Parle East, Mumbai - 400057
Tel : 022 - 26100556

**WORK SHOP**
C-202, Shreyas Industrial Estate,
Jaycoach, Off Western Express
Highway, Goregaon East,
Mumbai - 400063
022 - 26851779

admin@mcubeprojects.com
info@mcubeprojects.com
www.mcubeprojects.com

HAPPY Diwali

gráfica decals

**Grafica Decals**
Plot No. 92,
Survey No. 66, Waliv Phata
Opp Quick Industrial Supplier
Vasai(East) - 401208
Maharashtra, India.

Happy Diwali
&
A Prosperous New Year




Civil & Turnkey Interior Contractors for Pan India Projects.

**Stencil Engineering Pvt Ltd.**

ISO: 9001:2015 – ISO: 14001:2015 – ISO: 45001:2018


205-206, Eco-Space, Off Old Nagardas Road, Mogra Village, Andheri (East) Mumbai 400 069 India.

# રતનના સમ (લઘુકથા)



● ભાવિન કથ્રેચા

ડો. પારસનું દવાખાનું સવાર થી રાત સુધી બાળદર્દીઓ અને તેણે લઈને આવનારા સગાવ્હાલાઓથી ઉભરાયેલ રહેતું. ઘણીવાર તો પારસને બપોરે જમવા જવાનો પણ સમય મળતો નહીં. ક્યારેક તો બપોરે ચાર વાગ્યે તે જમવા જતો. તેણે પોતાનું કલીનીક શરૂ કર્યાને ત્રણ વર્ષ જેટલો સમયગાળો થઈ હતો. પરંતુ તેમની નામના બાળકોના શ્રેષ્ઠ નિષ્ણાતોમાંના ડોકટરોમાં થવા લાગી હતી. તે સિદ્ધાંતવાદી હતો. તેને બાળકોને તપાસવાની ફી મધ્યમવર્ગ અને ગરીબોને પોષાય તેવી જ રાખેલી અને બાળકોની દવા બહાર પોતાના મેડીકલ સ્ટોરમાંથી વ્યાજબી ભાવે મળી રહે તેવી સવલત કરી આપી હતી. ડોકટરએ બીજા ભગવાન છે, એ કહેવતને તેણે હકીકતમાં પુરવાર કર્યું હતું.



ઘણીવાર એવું પણ બનતુ કે કોઈ ગરીબ દર્દી પાસે ફી ચુકવવા માટે પુરતા રૂપિયા પણ ન હોય તો પણ તે બાળકોની સારવાર કરવામાં કોઈ કચાશ રાખતો નહીં. તેના સરળ સ્વભાવ અને માનવતાવાદી કાર્યથી તે શહેરના જ નહીં. પરંતુ આસપાસના ગામડાઓમાંથી બાળકોની સારવાર માટે લોકો 'પારસ કલીનીક'માં જ આવવાનો આગ્રહ રાખતા. તેના આ પરોપકારીકાર્યમાં તેની પત્ની દિપીકા પણ જોડાઈ હતી. તે પણ સાથે રહી સેવાયજ્ઞમાં મદદરૂપ થતી.

પારસ તેની ચેમ્બરમાં બાળકની તપાસ કરી રહયો હતો ત્યારે પ્યુને અંદર આવતા કહ્યું, સર એક વૃદ્ધ દંપતિ બાળકીને તેડી લઈ અહીં આવ્યા છે. મને તો ઈમરજન્સી જેવુ લાગે છે. તેઓને બીજા પેશન્ટ પહેલા મોકલી આપું ? પારસે હા પાડી એટલે વૃદ્ધ દંપતિને બીજા ક્રમે પ્યુને અંદર જવા કહ્યું, વૃદ્ધ દંપતિ અંદર પ્રવેશ્યા, દાદાએ બાળકીને તેડી હતી. પારસે તેણે બેડ પર સુવડાવવાનું કહ્યું. બાળકીનું શરીર ભઠ્ઠા જેવું તપી રહયું હતું. રતનને બે દિવસથી ખુબ તાવ ચડયો છે સાહેબ મોંમા એકપણ દાંત નહીં એવા બાએએ પારસને કહ્યું.

અગાઉ કોઈ ડોકટરને બતાવ્યું હતું ? પારસે રતનને તપાસતા પુછયું.

હા, સાહેબ અમારા ગામના ડોકટરે તાવની દવા આપેલ, પણ કોઈ ફરક પડયો નહીં. અમે ઠંડા પાણીના પોતા મુકયા હતા. પણ બે દાળામાં કંઈ ફરક પડયો નહીં. રતને બે દિવસથી કંઈ ખાતી નથી નાળીયેર પાણી, દાળ, દુધ, ફળ એને પરાણે મોંમા ઘાલીયે તો ઉબકા કરી ઉલટી કરી નાખે છે.

પારસે રતનને તપાસી કહ્યું કે, આને વાયરલ ઈન્ફેકશન છે. દવાની સાથે તેને બાટલા પણ ચડાવવા પડશે. અને હોસ્પિટલ દાખલ કરવી પડશે. હું ફકત રોગનું નિદાન કરું છું. તમે આને લઈ કોઈ પ્રાઈવેટ કે ટ્રસ્ટની હોસ્પિટલ લઈ જઈ દાખલ કરી દો. જો મોડુ કરશો તો તાવ મગજ સુધી પહોંચતા વાર નહીં લાગે.

વૃદ્ધ દંપતિ એકબીજા સામે વીલા મોં કરી જોઈ રહયા.

બાપાની આંખો ભીની થઇ ગઇ. પારસને લાગ્યું કે દાદા હમણા જ રડી પડશે. શું થયુ દાદા બહુ મોડુ ન કરો. એક એક ક્ષણ કિંમતી છે. દાદાથી કશું ના બોલાયું. દાદી બોલ્યા ડાકટર સાહેબ અમે એના દાદા–દાદી છીએ. બાળકીનું નામ રતન છે એના માવતર બે વર્ષ પહેલા અકસ્માતમાં ગુજરી ગયા. ત્યારથી અમે જ રતનના મા–બાપ અને દાદા–દાદી. અમે ગામડેથી તમારી મોટી નામના સાંભળીને અહીં તમારી પાસે આશ લઇને આવ્યા હતા. ગામડેથી સાતસો રૂપિયા લઇ નીકળેલા. બસો તો ટિકિટમાં ખર્ચાય ગયા. અમે ઇસ્પીતાલ કેમ જઇએ ?

પારસે પોતાના ખિસ્સામાંથી પાંચસોની ત્રણ નોટ દાદાના હાથમાં આપતા કહ્યું કે જલદીથી રીક્ષા કરી સરકારી હોસ્પિટલ પહોંચી જાવો. જાણે પારસે દાદાના હાથમાં રૂપિયા નહીં કોઇ કરંટ આપ્યો હોય તેમ દાદા બોલી ઉઠયા. ના ડોકટર સાહેબ મારાથી તમારા રૂપિયા ન લેવાય, માડી–બાપા અત્યારે સમય બગાડવાનો નથી. રતનને લઇ સરકારી હોસ્પિટલ પહોંચી સારવાર શરૂ કરાવી દો. વધુ ઘટે તો કહેજો સગવડતા કરી આપીશ.

**પારસે પકડેલ ચાનો પ્યાલો નીચે મુકી પ્યુનને પાણી લઇ આવ્યા કહ્યું. પાણી પી દાદા સ્વસ્થ થયા. એટલે આગળ બોલ્યા કે, તમારે ત્યાંથી સરકારી ઇસ્પીટાલે ગયા. રતનને તાવ મગજ સુધી ચડી ગયો હતો. આખી રાત તે લવારે ચડી અને બીજે દિવસે અમારી રતન...**

મને કમને દાદા રૂપિયા લીધા. દાદાએ આંખોમાં રોકી રાખેલા આંસુઓ હવે તેના કાબુમાં રહયા ન હતા. તે દળદળ વહી ગયા. પોતાની અતિ વ્યવસ્તાને કારણે પારસ આ વાત ભૂલી ગયો. કારણ કે તે દિવસ દરમ્યાન અંદાજીત એંશીથી સો બાળકોની તપાસ કરતો.

એક દિવસ સાંજના સમયે પારસ પોતાના કલીનીકમાં ચા પી રહયો હતો, ત્યારે વૃદ્ધદંપતિ અંદર આવ્યા. તેને જોઇ પારસે કહ્યું આવો દાદા કેમ છો ? અરે શું નામ હતું બાળકીનું હા, યાદ આ આવ્યું રતન ને ? કેમ છે હવે તેને ?

સાહેબ, સાહેબ મારી રતન પાછી થઇ એટલું કહેતા દાદા હીંબકે ચડયા. પારસે પકડેલ ચાનો પ્યાલો નીચે મુકી પ્યુનને પાણી લઇ આવ્યા કહ્યું. પાણી પી દાદા સ્વસ્થ થયા. એટલે આગળ બોલ્યા કે, તમારે ત્યાંથી સરકારી ઇસ્પીટાલે ગયા. રતનને તાવ મગજ સુધી ચડી ગયો હતો. આખી રાત તે લવારે ચડી અને બીજે દિવસે અમારી રતન... દાદાનો અવાજ ભીનો થઇ ગયો. ત્યારે દાદી બોલ્યા અમારી રતન તેના મા–બાપ પાસે ચાલી ગઇ. સાહેબ ફકત રતન જ નહીં, અમારી જીવન જીવવાની જાણે આશ જ મરી ગઇ. ઇશ્વરે તેની જગ્યાએ અમને કેમ ન લઇ લીધા ? કાલે તેની કારજની વિધિ પૂર્ણ કર્યા બાદ આજ અમે તમને મળવા આવ્યા. દાદાએ તેના ગજવામાંથી રૂપિયા કાઢી પારસને આપતા કહ્યું, આ તમારા રૂપિયા સાહેબ.

ના મારાથી ન લેવાય, આ રૂપિયા તમે રાખો તમારા ઘરખર્ચમાં કામ આપવશે. દાદા પારસે રૂપિયા નહીં લેવાની ઘણી આનાકાની કરી પણ વૃદ્ધદંપતિ એક ના બે ન થયા. પારસ બોલી ઉઠયો પણ દાદા મેં તો તમને પંદરસો રૂપિયા આપ્યા હતા. આ તો દસ હજાર રૂપિયા છે.

બીજા કોઇ અમારા જેવા અભાગીયા આવી ચડે ત્યારે આમાંથી મદદ કરજો. અમે જાણીએ છીએ કે અમારા જેવા કેટલાય અભાગીયાને તમે તમારી ફી તો એકબાજુ રહી પરંતુ તમારા ઘરના રૂપિયા આપીને દવા, સારવાર કરાવો છો. આ રૂપિયા રતનના બા એ પાઇપાઇ કરીને ભેગા કરે છે, કે રતન મોટી થશે ત્યારે તેને પરણાવવા કામ આવશે. હવે અમારી રતન તો રહી નથી એટલે આ રૂપિયા પરોપકારમાં વપરાય એવું અમે ઇચ્છીએ છીએ સાહેબ.

પારસ બહુ વિચારોમાં અટવાયેલો હતો કે શું કરવું ? ત્યારે દાદાએ પારસના હાથમાં રૂપિયા મુકયા અને દાદીએ આંખોમાં આવેલ આંસુઓ સાથે કહ્યું, આ નહીં લો તો તમને અમારી 'રતનના સમ' એટલું કહી વૃદ્ધ દંપતિ આંસુઓ લુછતા કલીનીકની બહાર ચાલ્યા ગયા.

પારસની આંખોમાં જળજળીયા આવી ગયા.

અને બીજા ડોકટરોએ કહેલી વાત પણ આવી કે અમીર વ્યકિતઓ પણ તેના બાળકોની સારવાર નજીવી ફી અને મફત મળી રહે તે માટે તેઓની ગાડી દુર પાર્ક કરી. સાવ અસ્તવ્યસ્ત કપડા પહેરી તારા કલીનીકે તારી પાસે વીલા મોં કરી, પોતાના દુઃખડા રડી મફત સારવાર કરાવી જાય છે. પારસ પોતાના ડોકટર મિત્રોની આવી વાતો પણ ધ્યાન આપતો નહીં. ને પોતાનું સેવાયજ્ઞ ચાલુ રાખતો. આજે તેણે શ્રીમદ્ભાગવત સપ્તાહમાં સાંભળેલ એક પ્રસંગનું સ્મરણ થઇ આવ્યુ કે પરિક્ષિતે પોતાની ભકિતથી કલીયુગને સાંઇઠ વર્ષ સુધી ભૂતલ પર પ્રવેશવા દીધો ન હતો. દાદા–દાદી જેવાં મુઠ્ઠી ઉંચેરા માનવીઓ જયાં સુધી ધરતી પર છે, ત્યાં સુધી કલીયુગ તેમની પરાકાષ્ટાઓથી દુર ઢકેલાતો રહેશે.

# કાવ્ય 'તું છે'

ભળે જ્યારે મીઠી સુગંધ હવામાં, તો લાગે છે કે તું છે,
પડે પ્રણયની મધુર ધુન કાનમાં, તો લાગે છે કે તું છે,
નથી રહેતું મારું દિલોદિમાગ, હજી મારા જ કહ્યામાં,
દિલની પ્રત્યેક ધડકને હવે તો મને લાગે છે કે તું છે...

હળવાશની પળે પ્રણયને હૃદયમાં ભરીને જો બેસું,
કે વ્યસ્ત પળે આંખોને થોડીવાર મીંચીને જો બેસું,
પરિસ્થિતિ મારા આ મનની હોય ભલે ને કોઈપણ,
મારી આસપાસ સતત, મને લાગે છે કે તું જ છે...

ભરી છે મનમાં પ્રથમ પ્રણયની એ પ્રથમ મુલાકાત,
કરી હતી જ્યારે તે મારી સામે તારા પ્રેમની રજુઆત,
તારા હાથે કરેલો મારી આ હથેળીનો એ પ્રથમ સ્પર્શ,
યાદોના સહારે, હજી મારી સાથે,
મને લાગે છે કે તું છે...

લાખ પ્રયત્નો છતાંય ન થાય મુલાકાત જ્યારે,
તો તારા જ વિરહમાં, થાય છે હૃદય મારું ભારે!
ત્યારે અચાનક આંખના ખૂણે ધસી આવતાં,
આંસુઓના પ્રત્યેક બિંદુમાં, મને લાગે છે કે તું જ છે...



જ્યોતિ ગજ્જર, વડોદરા



# સાચી દીપાવલી

આવો આ દીવાળી એવી મનાવીએ,
એકબીજાની ભૂલોને ફરી ભુલાવીએ.

સાચા ખોટાનું હવે કાઢીને સરવૈયું,
સંબંધોનો સાચો તાળો મેળવીએ.

નાના–મોટા કે વેરઝેરના ભેદ ભૂલીને,
સોનેરી સાંકળથી સંબંધ સજાવીએ.

દેખાવે સરખા બધા પણ જુદી પ્રકૃતિ બધાની,
એકમેકના સાથે જીવન રંગોળી સજાવીએ.

નિરાશા,ક્રોધ,હતાશાના અંધકારો દૂર કરવા,
ખુશહાલી,આનંદનાં સાચા દીપ જલાવીએ.

નવી ઉમંગો,નવી તરંગો, નવા કરી સંકલ્પો,
માનવતા ઉરમાં ભરી સાચી દીપાવલી મનાવીએ.



વિદ્યા ગજ્જર (મહીધરીયા) રાજકોટ

## એક વધુ વર્ષ વીત્યું...

એકધારા આ વહેતા સમયથી ક્યાં કદી કોઈ જીત્યું?
એક વધુ વર્ષ વીત્યું...

આમ જુઓ તો એનું એ છે, આમ જુઓ તો નવું,
ચાલી ચાલી થાક્યા તોયે સમજ્યા ના ક્યાં જવું?
એનો એ ચીલો છે એનો, એની એ જ રીત્યું...
એક વધુ વર્ષ વીત્યું....

શું મળ્યું ને શું ખોયું એ માંડ્યો જો સરવાળો
મેળવવું ને ખોવું એની સમજણમાં ગોટાળો
છોડી ચૂક્યા વેશ અમે પણ, નહિ છૂટે આ પ્રીત્યું...
એક વધુ વર્ષ વીત્યું....



નમ્રદીપ (નમ્રતા દીપકસિંહ કોડીયા)

## વાહ રે પારેવા
### (અછાંદસ કવિતા)

કંઇ એન્જિનિયરીંગ કોલેજમાંથી લીધી રે ડિગ્રી પારેવા ?
તે વૃક્ષમાં બાંધ્યા આવા મોંઘા બસેરા રે પારેવા.

નહી રેતી, કપચી સિમેન્ટને પાણી તોય આટલા મજબુત રે,
ક્યાંથી ને કેવા મોંઘા મટીરીયલ લાવ્યા રે પારેવા ચાંચમાં !

ઠંડી, ગરમી, તડકોને વાવાઝોડાનો પણ નહીં ભયરે પારેવા,
ક્યાંથી શીખી લાવ્યા, આવી ભરત કામની ગુંથળી રે પારેવા !

નહીં ક્યાંય–વાવવુ–લણવુ, નહીં ક્યાંય જાવું અમારી જેમ
રોજમદારીએ, ને તોય મોજથી ચણવુ, વાહ રે પારેવા !

નહી કરવો ક્યાંય અન્ન–જળનો સંગ્રહ, નહી કાલની ચિંતા,
ને તોય નીલગગનમાં મનભાવે ત્યાં ઉડતા રહેવું રે પારેવા !

કંઇ એન્જિનિયરીંગ કોલેજમાંથી લીધી રે ડિગ્રી પારેવા ?
તે વૃક્ષમાં બાંધ્યા આવા મોંઘા બસેરા રે પારેવા !



**ભાવિન કથેચા, રાજકોટ**



# શુભ દીપાવલી

## આવી દિવાળી

આવી દિવાળી, આવી દિવાળી,
ખુશીઓની સુગંધ મહેકાવવા.
આવી દિવાળી આવી દિવાળી.

દુઃખ કોની ઉપર લીંપણ કરીને,
નવા સુખોને દીલથી આવકારીએ,
આવી દિવાળી આવી દિવાળી.

સુકાયેલા સંબંધોને ફરી સજીવન કરીયે,
નવા વર્ષની નવી શરૂઆત કરીએ. આવી....


કોઈના નિરાશામય જીવનમાં રંગ પુરીએ,
સુખ–દુઃખ સાથે વહેંચી–ને મસ્ત રહીએ.
આવી...

ભુતકાળ ન વાગોળી, એમાંથી કંઇક સીખી
લઇએ, આવેલી તકને વધાવી, સફળતાના
સિખરો સર કરીએ. આવી દિવાળી આવી દિવાળી



**મનીષા ગજ્જર, જામનગર**

દીપોત્સવી
વિશેષાંક



# મોરારિબાપુની જ્યોતિર્લિંગ રામકથા : એક વિરલ આધ્યાત્મિક અવસર

• નીતિન વડગામા

સનાતન ધર્મના સંરક્ષક અને સંવર્ધક જગદ્‌ગુરુ આદિ શંકરાચાર્યએ વૈદિક ધર્મનો પ્રચાર–પ્રસાર કરવા માટે ભારતભ્રમણ કર્યું હતું. ઉત્તરાખંડ, જગન્નાથપુરી, શૃંગેરી અને દ્વારકામાં આવેલા વિવિધ મઠ–પીઠ એના જીવંત પુરાવા છે. એવી જ રીતે પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યએ સમગ્ર ભારતમાં પર્યટન કરીને ધાર્મિક વિચારોનો પ્રચાર કર્યો હતો. યાત્રા દરમિયાન એમણે જે સ્થાનોએ ભાગવત કથાઓ અને પારાયણો કરેલાં એનો 'મહાપ્રભુજીની બેઠક' તરીકે આજેય એટલો જ મહિમા છે. તાજેતરમાં મોરારિબાપુની દ્વાદશ જ્યોતિર્લિંગની રામકથા–યાત્રા નિમિત્તે કંઇક વિશિષ્ટ રીતે પણ એવું જ આધ્યાત્મિક અનુસંધાન જળવાયું. હા, ૨૨ જુલાઇથી ૭ ઓગસ્ટ દરમિયાન કેદારનાથ, વિશ્વનાથ, વૈદ્યનાથ, મલ્લિકાર્જુન, રામેશ્વરમ્, નાગેશ્વર(મહારાષ્ટ્ર), ભીમાશંકર, ત્ર્યંબકેશ્વર, ઘૃણેશ્વર, ઓમકારેશ્વર, મહાકાલેશ્વર, નાગેશ્વર (ગુજરાત) અને સોમનાથ જ્યોતિર્લિંગની પાવન ભૂમિમાં તલગાજરડી વ્યાસપીઠ પરથી સનાતન ધર્મનું મહિમાગાન થયું અને સમાંતરે ભારતવર્ષમાં સેતુ અને સમન્વય સાધવાનો પ્રશસ્ય પ્રયાસ થયો.



બાપુએ આરંભે જ આ કથાયાત્રાની બ્લ્યૂ પ્રિન્ટ દર્શાવતા કહ્યું હતું કે ભગવાન રામે સેતુ બનાવીને સૌને જોડવાનું કાર્ય કર્યું હતું અને આદિ જગદ્‌ગુરૂ શંકરાચાર્યએ પણ સમગ્ર ભારતને જોડ્યું હતું, એવી જ રીતે આ કથા દ્વારા ઉત્તર–દક્ષિણ, પૂર્વ–પશ્ચિમને આધ્યાત્મિક રીતે જોડવાનો પવિત્ર પ્રયાસ છે. બાપુ અવારનવાર કહેતા રહ્યા કે આ કોઇ ઐતિહાસિક યાત્રા નથી, આ આધ્યાત્મિક યાત્રા છે. મારે કોઇ નવો રેકર્ડ સ્થાપવો નથી કે કોઇ રેકર્ડ તોડવો નથી. ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, ઝારખંડ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદે અને ગુજરાત એ આઠેક રાજયોમાં કથાગાન થયું; યાત્રિકોને ભગવાન જગન્નાથ, તિરુપતિ બાલાજી અને દ્વારિકાધીશનાં દર્શનનો લાભ મળ્યો; દેશ–વિદેશના ૧૦૦૮ યાત્રિકો રેલયાત્રામાં જોડાયા અને બાર હજાર કિલોમીટરની રેલયાત્રા દ્વારા બાર જયોતિર્લિંગની કથાયાત્રા થઇ. અલબત્ત, આ તો કેવળ માહિતીમૂલક વિગતો છે. વિશેષ મહત્ત્વની તો છે આ રામકથાની યાત્રાની આંતરિક ઉપલબ્ધિ.

મોરારિબાપુને કોઇ ચોકકસ ફ્રેમમાં કેદ કરી શકાય તેમ નથી. બાપુ આ અને આ રીતે જ વાત કરશે એવી આગાહી કે અનુમાન કરનારા ભોંઠા પડે છે, કેમકે એમની કથાની સામગ્રી અને શૈલી સતત બદલાતી રહે છે. જયોતિર્લિંગની કથામાં પણ શ્રોતાઓને બાપુની એ વિલક્ષણતાનો અનુભવ થયો. કથાપ્રારંભ પહેલાં બાપુએ પ્રત્યેક જયોતિર્લિંગમાં પોથી પધરાવી અને સમગ્ર વિશ્વને સાથે રાખીને શિવલિંગનો અભિષેક કર્યો. મંદિરમાં જલાભિષેક થયા બાદ વ્યાસપીઠ પરથી વાણીથી શિવજીનો અભિષેક થતો રહ્યો. બાપુએ દરેક જયોતિર્લિંગ સાથે જોડાયેલી પૌરાણિક કથાની પોતીકી રીતે પ્રસ્તુતિ કરી અને એ કથાનાં પાત્રો–પ્રસંગોનું 'માનસ'ના પરિપ્રેક્ષ્યમાં ભાષ્ય કર્યું. એ રીતે જે–તે જયોતિર્લિંગનું મહિમાગાન અને રામકથાનું રસપાન સમાંતરે ચાલ્યું.

મોરારિબાપુએ આ કથામાં બે–ત્રણ બાબતો અંડરલાઇન કરીને કહી એની પણ અવશ્ય નોંધ લેવી પડે તેમ છે. એક





તો બાપુએ મહાદેવને નિમિત્તે આપણા વૈદિક ધર્મ, સનાતન–પુરાતન ધર્મનો ઉચિત રીતે જ વિશેષ મહિમા કર્યો અને એનાં જતન–સંરક્ષણની હિમાયત કરી. બીજું, પોતે પાંસઠ વર્ષથી 'માનસ'ની ચોપાઈઓનું ગાન કરે છે એના તરફ આંખ મીંચામણા કરીને, આગળ–પાછળના સંદર્ભો હટાવીને બાપુની આલોચના કરવાની જે ચેષ્ટા થાય છે એ સંદર્ભે પણ તેઓ કહેતા રહ્યા કે મને એની પીડા નથી પરંતુ એવા લોકોની દયા આવે છે ! એવી જ રીતે બાપુએ સોમનાથ, કાશી વિશ્વનાથ અને મહાકાલેશ્વરના પરિસરમાં આમૂલ પરિવર્તન થયું અને દર્શનાર્થીઓને જે સુવિધા પ્રાપ્ત થઈ, એની સરાહના કરી; તો સાથોસાથ જે જ્યોતિર્લિંગમાં સંકડાને કારણે ભીડભાડ થાય છે અને દર્શન દુર્લભ છે, ત્યાં પણ સંકીર્ણતા દૂર થાય અને મુક્તિના દાતા મહાદેવ મુક્ત થાય, એવો વિનય કર્યો.

આ કથાયાત્રાની બીજી એક વિશેષ ઉપલબ્ધિ હતી બાપુ પ્રત્યેના ભાવની ભરતી અને પ્રકૃતિની રિદ્ધિ–સિદ્ધિ. જ્યોતિર્લિંગની જાતરામાં બાપુનાં ફ્લાવર્સ દ્વારા ઠેકઠેકાણે ઢોલના નાદ અને શરણાઈના સૂર સાથે બાપુનો આદર–સત્કાર થતો હતો. રેલ્વે સ્ટેશનોએ પણ બાપુને સત્કારવા સલૂણો શણગાર સજ્યો હતો ! એમાંય લાતુર રોડ સ્ટેશને ભજન–સંકીર્તનના સુમધુર સૂરથી ભગવી બનેલી અડધી રાતે ઉમટી પડેલી માનવમેદનીનો ભાવ ઝીલવા બાપુ પોતાના કોચમાંથી નીચે ઉતર્યા ત્યારે તો ભક્તિભાવની પરાકાષ્ઠાનો અનુભવ થયો ! એવી જ રીતે કથાના યાત્રિકોને પોંખવા પ્રકૃતિ પણ હાથ લંબાવતી હતી ! ક્યાંક આભઊંચા પહાડ અને લીલપવરણાં ઝાડ સ્વાગત કરતાં હતાં, તો ક્યાંક વળી ઊછળતી–કૂદતી ભાગીરથીના પ્રવાહથી કે કલકલ વહેતાં ઝરણાંના નાદથી યાત્રિકોને આવકારતાં હતાં.

અઢાર દિવસની આ રેલયાત્રા–કથાયાત્રા દુર્ગમ તો હતી પરંતુ ત્રિભુવનીય મહાદેવના અનુગ્રહથી અને આયોજકોના ભાવપૂર્ણ આયોજનથી એ સુગમ બની રહી. બાપુની આશીર્વાદક છાયા, 'મિરાજ' ગ્રૂપના મદનભાઈ પાલીવાલના માર્ગદર્શનમાં 'આદેશ ચેરિટેબલ ટ્રસ્ટ' અને નિમિત્તમાત્ર રૂપેશ વ્યાસની સમગ્ર ટીમનો પ્રચંડ પુરુષાર્થ, 'સંગીતની દુનિયા' પરિવારનો ભાવભીનો પરિશ્રમ, સ્થાનિક અગ્રણીઓ અને વહીવટી તંત્રનો સહયોગ અને આઈ.આર.સી.ટી.સી.નો સેવાભાવ–એ બધાંને કારણે આ યાત્રા સુચારુ રૂપે સંપન્ન થઈ. અલબત્ત, બાપુના એ પ્રતીતિપૂર્વકના શબ્દો સાથે તો સૌ કોઈ સંમત થતા હતા કે આ સમગ્ર આયોજન પાછળ કોઈ અદીઠ શક્તિ કામ કરી રહી છે. આ કથા દરમિયાન મીડિયાની વિશેષ સેવાની પણ નોંધ લેવી પડે. પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના રાષ્ટ્રીય કક્ષાના પ્રતિનિધિઓએ સાથે રહીને આ કથાયાત્રાના સંદેશ લોકો સુધી પહોંચાડવાનું પુણ્યકાર્ય કર્યું. વળી, બાપુએ વ્યાસપીઠ પરથી એ બાબતની સ્પષ્ટતા પણ કરી કે આ કોઈ પેઈડ પ્રતિનિધિઓ નથી. દરેક મીડિયાના મિત્રો ઊલટથી અને સેવાભાવથી જ આ યાત્રામાં જોડાયા છે.

કેદારનાથના શિખરેથી સોમનાથના સાગરતટે આવેલી કથાયાત્રાના પ્રત્યેક પડાવ પર વ્યાસપીઠ મન ભરીને વરસી અને બાપુના ફ્લાવર્સ એમાં ભીંજાયાં ! આખરે સોમનાથથી મહુવાના મુકામે પહોંચ્યા હતા ત્યારે તો સ્ટેશનનો અદ્ભુત નઝારો હતો ! રાતના બે વાગ્યે મહુવાના લોકોએ રેલવે પ્લેટફોર્મ પર બાપુનું ભાવપૂર્વક અભિવાદન કર્યું અને સૌ યાત્રાળુઓને પણ ભેટરૂપે સંભારણું આપ્યું. એ વખતે બાપુના શબ્દો હતા કે મોટેભાગે વતનમાં વ્યક્તિને ઓછો આદર અપાય છે; તુલસીદાસજીને પણ વતનમાં આદર મળ્યો એના કરતાં ઉપેક્ષા વધુ સહેવી પડેલી. પરંતુ મહુવાવાસીઓના આ પારાવાર પ્રેમથી લાગે છે કે હું તુલસીદાસજી કરતાં પણ વધારે બડભાગી છું.

અઢાર દિવસની કથાયાત્રાની ઉપલબ્ધિ એમ કહેવા પ્રેરે છે કે મોરારિબાપુનું જ્યોતિર્લિંગની રામકથાનું આ અનુષ્ઠાન કથાજગતના ઈતિહાસનું એક સુવર્ણપૃષ્ઠ બની રહેશે.

# CNC / VMC

## DESIGNING & PROGRAMMING
## TRAINING CENTER

- NX CAD CAM
- ARTCAM
- POWERMILL
- AUTOCAD
- SOLIDWORKS
- SOLODEDGE
- 2/3/4/5 AXIS LIVE TRAINING ON MACHINE

CNC LATHE MACHINE AVILABLE FOR PRACTICAL TRAINING IN CLASSROOM

VMC 5-AXIS MACHINE AVILABLE FOR PRACTICAL TRAINING IN CLASSROOM




3D CAD CENTER

SACHIN GAJJAR
93777 77755

150 FT RING ROAD, AMBEDKAR CIRCLE, NEAR FORTUNE HOTEL, RAJKOT-360004.



Hiteshbhai Pitroda
pitroda138@gmail.com

VPC

CNC PLASMA CUTTING
CNC OXY-FUEL CUTTING


**VISHWAKARMA**
**Profile Cutting**

ડ્રોઈંગ મુજબ સી. એન. સી. માં કટીંગ કરી આપશું

15-Atika Ind. Area, Opp. Dhobisamaj Ni Wadi,
Rajkot-360002(Gujarat)
Mo. 98254 45264, 99241 55552
E-mil : vishwakarma.cutting@gmail.com



જય શ્રી કૃષ્ણ



Mo. 98254 45264
Mo. 94281 58782

Banding & Strait Work For Pipe, Pata, Square, Round, Also Work in Metal Gurder & Convair Varam Also Cutting in Square of Round Sape, Also ms/ss Cutting

**VISHWARMA**
**Banding House**

"Vishwakahma Krupa" Pipaliy Hall Main Road,
Damiji Mapa Plot, Nr. Samarpan School, Rajkot



HAPPY Diwali

RI

Pramod Sanklecha
+91 99246 35541
+91 94295 62241

Mfg :
- All Types of Shaft
- All Types CNC & VMC Work

**Ratan**
**INDUSTRIES**

Opp. Krishna Park, Maldhari Railway Cross, Somnath Industry Area-5,
Street No.3, Plot No.-54, Kothariya, Rajkot
ratanindustriess@yahoo.com www.ratanindustries.in



**Happy Diwali**


Kishan J. Vadgama
99259 65074

**ARTISAN**
**ENGINEERS**



1, Arti Society,
Dhebar Road (South), Rajkot.


## ૧૬મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. ઉષાબેન કૌશિકભાઈ ભારદિયા**

તા. ૨૩-૧૦-૨૦૦૭

અણમોલ ગુણોનું ધન, નિર્મલ એમનું મન.
સૌ સાથે સ્નેહ સંબંધ, ઉત્તમ હતું એમનું જીવન.
પ્રાર્થે સૌ એકી અવાજે, જીવન જીવ્યા અન્ય કાજે.
ખોટ પડી છે એમની આજે, સૌના હૃદયમાં બિરાજે

લી.

**કૌશિકભાઈ અમૃતલાલ ભારદિયા**
**સોહમ કૌશિકભાઈ ભારદિયા**
**હેમાલીબેન નિલેશકુમાર જોલાપરા(પુત્રી)**
**નિલેશકુમાર કેશવલાલ જોલાપરા (જમાઈ)**

# HEW
## JAW CRUSHER





The Quality Products




**Manufacturer of**
**STONE CRUSHER, VIBRATING SCREEN & FABRICATED M/C.**

Ramesh N. Kargathara : (M) 098257 09878
Hardik R. Kargathara : (M) 099791 53606
Darshan R. Kargathara : (M) 099091 75777

# OM ENGINEERS

Survey No. 207, Plot No. 3, Veraval-Shapar, Dist. Rajkot - 360 024 (Guj.) INDIA
Email : inds.ashirwad@gmail.com | Web : www.ashirwadindustries.in


Since 1988
www.accumenspindle.com
ACCUMEN
SPINDLE
100% Best Quality
MANUFACTURE OF
Internal Grinding Spindles,
CNC Turning Spindles,
VMC Spindles, SPM Spindles, Components for
Cincinnati Machine (USA) & Bocca (Italy).
Manufactured by :
ACCUMEN ENTERPRISE
Atlas Industrial Area, Plot No. 11/16,
Opp. Krishna Park Hotel, NH-8B,
Rajkot-Gondal Highway, Nr. Railway Crossing,
Khothariya (Rajkot-4.) | 0281-2782090 / 091 / 089
accumenentp@gmail.com / info@accumenspindle.com
+91 98255 06140 | +91 98242 98522 | +91 99245 55542
We Support


દિવાળીની
શુભકામના
ઝગમગતા દીવાની ચમકથી પ્રકાશિત આ દિવાળી તમારા ઘર આંગણામાં
ધન, ધાન્ય, સુખ અને સમૃદ્ધિ સાથે લઈને આવે એવી દિવાળીની શુભકા-
શ્રી પ્રવીણભાઈ અરવિંદભાઈ કલોલિયા
અમદાવાદ. મો. ૯૭૨૪૪ ૪૩૦૩૧

# જિંદગીને લલકાર

● શાંતિભાઇ ખોડદીયા



"The real voyage of discovery consists not in seeking landscapes but in having new eyes" - Marcel Proust"

"Grieve not rather find strength in what remains behind." - Wordworth

આ અલૌકિક ધરા પર મળેલ જીવન ઉપહાર આનંદના આસ્વાદ માટે અને સ્નેહ ઝરણું વહેવડાવા માટે છે. પણ આ સુધાપાન એટલુ સુગમ અને સરળ નથી. આબાલવૃદ્ધ સૌને રુઢ અને ચીલા ચાલુ જીવનમાં મોજ લેવાની આદત પડી ગઇ છે. કોચલામાંથી બહાર આવવા કોઇ રતીભાર પણ તૈયાર નથી. આપણા નિર્ણયોના વિરોધને ખાળી શકવામાં આપણે માયકાંગલા પુરવાર થઇએ છીએ. યાદ રહે જીવનના હર પગલે પડકાર છે. પડકારરૂપ જીવન જીવવાથી ચેતના અને જાગૃતિનો અહેસાસ થાય છે. રંગીન શમણા સેવ્યા હોય અને પુરુષાર્થના બળે સિદ્ધ થવાનીઘડી હાથવેંતમાં હોય. પણ...સિદ્ધિ હાથમાંથી સરકી જાય છે. છતાંય હારના નિશાસા ન નાખશો. જિંદગી હજુ બાકી છે. મોકો મળશે જ. ભવિષ્યમાં ઘણી શકયતાઓ છે. શકયતાઓ જ તમારુ બળ છે. હર ઘડી પડકારને લલકારો, શુરવીર યોદ્ધા ની પડકારને ધોબી પછાડ આપો. પડકાર વિનાનું જીવન નિસ્તેજ ખાબોચિયા જેવુ છે. પડકાર ન ઝીલનારો, અનુકરણીયો, રૂઢીને ચીટકી રહેનારો ડરપોક અને નિર્બળ બનતો જાય છે. આનંદના સરોવરના સ્નાનથી તે વંચિત રહે છે.



તમે જોજો માપસરનો વરસાદ હોય અને સરળ ખેતી હોય તો પાકના (ખાસ કરીને ઘઉં) સ્વાદમાં ફીકાશ હોય છે પરંતુ હીમ, વાવાઝોડુ કે અતિવૃષ્ટિના કારણે પાક નિષ્ફળ જાય તો બીજા વર્ષના પાકમાં સ્વાદ અને સોડમનું પીરસણ હોય જ. એ જ રીતે જીવનનો સ્વાદ લાવવો હોય તો જીવનમાં કંઇક તોફાન જોઇએ જ. પડકાર રહિત જીંદગી સરળ ઋતુમાં પાકતા ખોખા જેવા ઘઉં સમાન બની જાય છે. માનવીનું સાચુ સત્વ દુઃખ અને સંઘર્ષમાં જ દીપી નીકળે છે. સંઘર્ષ વિના સંકલ્પ પેદા થતો નથી અને સંકલ્પ હોય ત્યારે જ સમર્પણ પેદા થાય છે. ઉદય અને અસ્ત આ બંને અવસ્થામાં સુર્ય લાલચોળ જ હોય છે. (પ્રસન્ન) એ જ રીતે પડકાર ઝીલનારો સંપત્તિ તથા આપતી બંને સ્થિતિમાં એકરૂમ જ રહે છે.

જર્મન ફિલોસોફરના શબ્દોમાં જો જીવન અસ્તિત્વ માટેનો સંઘર્ષ હોય તો જગતમાં અત્યાધિક બળવાળો માણસ જ જીવી શકે એટલે આપણુ એકમાત્ર લક્ષ્ય છે કે બળ હાંસલ કરવું અને નબળા રહેવુ તેને પાપ સમજવું જોઇએ જે સારુ છે તે જીવે છે અને જીતે છે. જે ખરાબ છે, નબળુ છે તે ખસી જાય છે, નિષ્ફળ જાય છે. અંતમાં ઇશ્વરનો આભાર માનો કે 'ત્રણ વાના મુજને દીધા, હૈયું, મસ્તક અને હાથ, જા, ચોથું નથી માંગવું, બહુ દઇ દીધું નાથ.'

# કલ્પનાતીત પદ્મનાભસ્વામી મંદિરની સફર



• લલિત બાબુભાઈ ખંભાયતા

**કેરળના પદ્મનાભસ્વામી મંદિરના પેટાળમાં સોનાનો ખજાનો હોવાની વાત સામે આવી ત્યારે એ મંદિર જગતભરમાં ચર્ચાસ્પદ બન્યું હતું. એ મંદિરની ભવ્યતા જોકે સોનાથી પણ ચડિયાતી છે. નવેમ્બર ૨૦૨૨ દરમિયાન કરેલા એ મંદિરની સફરનું વર્ણન...**

અગાઉ ૨૦૧૪માં હું ત્રિવેન્દ્રમ આવ્યો હતો. ત્યારે થોડો સમય હતો પરંતુ ત્યાંના પદ્મનાભસ્વામી મંદિરે જવામાં ખાસ રસ પડ્યો ન હતો. એનું એક કારણ એ કે મંદિરનો ડ્રેસ કોડ છે. લુંઘી પહેર્યા સિવાય અંદર જઈ ન શકાય. એટલે મંદિરમાં જવાનું આયોજન ત્યારે પડતું મુક્યુ હતુ.

એ પછી પદ્મનાભસ્વામી મંદિરના પેટાળમાં રહેલા ઓરડા ખુલ્યા. તેમાંથી જગતનો સૌથી મોટો ખજાનો નીકળ્યો. સોના, હીરા, મોતી, માણેક વગેરેની ગણતરી કરી અંદાજ રજૂ થયો કે એ ખજાનો અંદાજે સવા લાખ કરોડનો છે. એ તો આર્થિક મૂલ્ય હતું પરંતુ સદીઓ જૂના હીરા–માણેકનું ઐતિહાસિક મૂલ્ય તો કઈ રીતે આંકી શકાય?

ત્રિવેન્દ્રમમાં અમારી પાસે સમય હતો એટલે અમે સવારે જ મંદિરની મુલાકાતે પહોંચી ગયા. કમ્યુનિકેશન એજન્સી ખઉ ગશભવચ–એમડી નિશના સીઈઓ એસ સુરેશ અમારી સાથે હતા. એમની એજન્સી તો દિલ્હીમાં છે પરંતુ એ મૂળ વતની ત્રિવેન્દ્રમના. એમણે અમારા માટે લુંઘી, મહિલાઓ માટે પણ લુંઘીની વ્યવસ્થા કરી હતી.

આ મંદિરમાં એવો નિયમ છે કે પુરુષો લુંઘી પહેરીને જ પ્રવેશી શકે અને શરીરનો ઉપરનો ભાગ ખુલ્લો રહે. જો ઢાંકવો



પદ્મનાભસ્વામી મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર

હોય તો લુંઘી જેવા જ સફેદ કલરના જ વસ્ત્ર વડે ઢાંકી શકાય. પરંતુ મૂર્તિ સામે જવાનું થાય ત્યારે ફરી ઉપરનો ભાગ ખુલ્લો કરી જ નાખવાનો. મહિલાઓ ડ્રેસ પહેર્યો હોય તો પણ લુંઘી વિંટાળવાની. પણ સાડી પહેરી હોય તો ચાલે.

મંદિરના કુલ ચાર પ્રવેશદ્ધાર છે. પૂર્વ દિશાના પ્રવેશદ્ધારેથી ભક્તો અંદર જતાં હોય છે. અહીં બહાર સૂચના લખેલી છે કે શું શું અંદર નહીં લઈ જવાય. એ વાંચીને જ પહેલા તો આઘાત લાગે. કેમ કે અંદર ન લઈ જવાના લિસ્ટમાં પહેલું જ નામ છે શર્ટ. પછી ટીશર્ટ, ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ વગેરે.. એ બધુ સાચવવા માટે બહાર ક્લોકરૂમની સગવડ છે.

કેરળ સિવાયના રાજ્યોમાંથી આવતા ભક્તો સાથે લુંઘી હોય જ એવુ જરૂરી નથી. એટલે અહીં બહાર ૫૦ રૂપિયાના મામુલી દરે વેચાતી પણ મળે છે. પૂર્વના મુખ્ય પ્રવેશદ્ધાર આગળ જ મોટુ જળાશય છે. જળાશયના કાંઠે રસ્તો અને રસ્તાના કાંઠે મંદિરનું પુરાતન બાંધકામ. ત્યાં એક ક્લોક ટાવર છે, જેના પર એન્જિનિયરિંગની કમાલ ધરાવતી ઘડિયાળ છે. બે ઘોડા સામસામે ગોઠવેલા છે અને વચ્ચે એક મહોરૂ છે. દર કલાકે એ ઘોડા એક બીજાની નજીક આવે, મહોરૂં હલે અને ડંકો વાગે.. એ જોવા પણ પ્રવાસીઓ ઉભા રહેતા હોય છે. અમેય એ કરામત જોઈ.


આ મંદિર ત્રાવણકોર મહારાજાનું છે. રોજ સવારે મહારાજ મંદિરમાં આવે પરંતુ સામાન્ય નાગરિકની માફક. એમના માટે ઉત્તર પ્રવેશદ્ધાર રિઝર્વ રખાયુ છે. અમારે પણ ત્યાંથી જ અંદર જવાનું હતું. દરવાજે પહોંચ્યા ત્યાં સ્થાનિક મદદગાર હાજર હતા. એમની સૂચનાથી ત્યાં રહેલા ઓરડામાં અમે વસ્ત્રપરિવર્તન કરી લીધું અને પછી મંદિરના પગથિયા પર પગલાં માંડ્યા. ત્યારે જરાય કલ્પના ન હતી કે અનોખી દુનિયામાં પ્રવેશવા જઈ રહ્યા છીએ.

પ્રવેશનારા સૌ કોઈનું ચેકિંગ થયું. એ પછી લાંબી પરસાળમાંથી પસાર થયા. રામેશ્વરમ મંદિરની પરસાળના ફોટા જોયા હોય એવી એ પરસાળ હતી. અત્યંત ભવ્ય. આગળ જતાં રસોડું આવ્યું, જ્યાં મોટા કદાવર વાસણોમાં રોજ-રોજનો પ્રસાદ બનતો હતો.

મંદિર પ્રાંગણમાં ઘણા નાના-મોટા મંદિરો છે. એક પછી એક વટાવતા અમે મુખ્ય મંદિર તરફ આગળ વધ્યા.

પત્રકાર-લેખનમાં હોવાના કારણે દરેક સ્થળની મુલાકાત પહેલા કેટલોક અભ્યાસ કર્યો હોય. આ મંદિરનો પણ કર્યો હતો. પરંતુ અંદર ફરતાં ગયા એમ લાગ્યું કે બધો અભ્યાસ ટૂંકો પડે એવુ કલ્પનાતિત મંદિર છે.

અમારી સાથે રહેલા સજ્જન સુરેશે અમને મંદિરના મુખ્યભાગ તરફ જતાં પહેલા સમજણ આપી, 'ગર્ભગૃહમાં કોઈ લાઈટિંગ વ્યવસ્થા નથી, જે કંઈ છે એ દીવાનો પ્રકાશ છે. માટે મૂર્તિ શોધવા આમ-તેમ ફાંફા ન મારશો. જે ભાગ ચળકતો દેખાય એ પહેલા જોશો. એ પદ્મનાભસ્વામીનો સોનાનો હાથ છે. સોનાના હાથથી પછી આગળ જોતા જશો એટલે સ્વામી દેખાશે..'



મંદિરમાં ભગવાન પદ્મનાભસ્વામી આ રીતે બિરાજેલા છે, પણ તેને જોવાનો અનુભવ કંઈક અનોખો છે.

આ માહિતી મળી એટલે રોમાંચ વધી ગયો. ભાગ્યે જ કોઈ એવુ મંદિર હોય જ્યાં મૂર્તિ કેમ જોવી તેનું પણ નાનું એવું ટ્યુશન આપવામાં આવે. પરંતુ મંદિરની ખરી મજા લેવા માટે મેં તો વિચારવાનું બંધ કરી દીધું હતું. દેખાવ કેવો હશે, કેવો નહીં હોય... વિચારવાને બદલે સામે શું આવે એ જ માણવાનું હતું. આગળ વધતા આખરે અમે મંદિરના મર્મ સ્થળે પહોંચ્યા.

અહીં વધુ એક નવાઈ અમારી સામે હતી. મંદિરમાં ભગવાનની ઉભી મૂર્તિ નથી પરંતુ ભગવાન પોઢેલી અવસ્થામાં છે. શેષનાગ વચ્ચે તેમનું મસ્તક છે, જમણો હાથ નીચે તરફ ઢળે છે અને એ હાથ જ સોનાનો બનેલો છે. સામાન્ય રીતે દરેક મંદિરમાં ગર્ભગૃહની સામે ઉભા રહીએ એટલે તુરંત તમને ઈશ્વરની મૂર્તિ જોવા મળે. અહીં એવુ બિલકુલ ન હતુ. ગર્ભગૃહના ૩ દરવાજા હતા. સૌથી પહેલા ઉભીને પહેલા એટલે કે ડાબી તરફના દરવાજામાંથી જોવાનું આવ્યું. તેમાં પદ્મનાભસ્વામીનું મસ્તક, હાથ વગેરે દેખાયા. એ પછી જરા આગળ વધ્યા એટલે શરીરનો વચ્ચેનો ભાગ દેખાયો. એ પછી આગળ વધ્યા એટલે ચરણનો ભાગ દેખાયો.

એનો અર્થ એમ થયો કે કોઈપણ ભક્ત ક્યારેય ભગવાન પદ્મનાભસ્વામીને આખેઆખા જોઈ શકતો નથી. એટલું જ નહીં કોઈ ગર્ભગૃહમાં અંદર પ્રવેશે તો પણ આખી મૂર્તિ સરખી રીતે જોઈ ન શકે. એ જટીલ રચનાને કારણે મંદિરની ભવ્યતા વધી જતી હતી. એ દર્શન કરવા રોજના હજારો ભક્તો લાઈન લગાડતા હતા.

એ જગ્યાએથી બહાર નીકળીને એક સોનાની બારી પાસે અમે પહોંચ્યા. સૌ કોઈ ત્યાં હાથ અડાડીને મસ્તક પર સ્પર્શ

કરાવતા હતા. કેમ કે એ શૈયામાં પોઢેલા ૧૮ ફીટ લાંબા ભગવાનના પગનો ભાગ હતો. ગર્ભગૃહમાં કોઈને સરખા પગ દેખાય નહીં અને દેખાય તો પણ સ્પર્શી શકાય નહીં. એટલે તેની વ્યવસ્થા બહાર કરવામાં આવી હતી. એ પછી તો રામ–લખમણ–જાનકી, હનુમાનજતી.. વગેરેના દર્શન કર્યા અને આગળ વધ્યા.

સોના, કહાં હે સોના..

આ મંદિર ૨૦૧૧માં આખા જગત માટે ચર્ચાનું કેન્દ્ર બન્યું કેમ કે તેના પેટાળમાં રહેલો સોનાનો ખજાનો સપાટી પર આવ્યો હતો. હવે એ ઈતિહાસ જાણીતો છે, તો પણ તેની વિગતો તો રૂવાંડા ઉભા કરે એવી છે. આ મંદિરનો સોનાનો ખજાનો સવા લાખ કરોડનો હોવાનો અંદાજ નિષ્ણાતોએ ગણતરી પછી આપ્યો છે. એટલે એ આજની તારીખે જગતનું સૌથી ધનાઢ્ય મંદિર છે. ઉપરાંત આટલો ખજાનો અગાઉ ધરતીના પડમાંથી ક્યાંય, ક્યારેય નીકળ્યો નહીં. એટલે ૨૦૧૧ પછી આ મંદિર આખા જગત માટે કૂતુહલનું કેન્દ્ર બન્યું હતું.

વાત જાણે એવી છે કે અહીં આઝાદી પહેલા ત્રાવણકોર રાજ્ય હતું. રાજ્યના પ્રજાવત્સલ રાજવીઓએ ૧૭૫૦માં નક્કી કર્યું કે રાજ્યની જે કંઈ સંપતિ આવે તેમાંથી વધારાની સંપતિ ભગવાન પદ્મનાભસ્વામીની ગણીને મંદિરમાં જમા કરાવી દેવી. ઉપરાંત રાજ્યના રાજા પણ પદ્મનાભસ્વામીને જ ગણવા. એટલે ખજાનો મંદિરમાં એકઠો થતો હતો. ખજાનો જ્યાં રખાયો એ ખંડો સ્વાભાવિક રીતે જ બંધ રખાયા હતા. આઝાદી પછી આજેય ત્રાવણકોર રાજાશાહીનો પરિવાર તો ત્રિવેન્દ્રમમાં રહે છે, પરંતુ મંદિરના ખજાનામાંથી એક સિક્કોય એ વાપરતા નથી. મંદિરનો ખજાનો કેટલો અને કેવો છે નો હિસાબ મળવો જોઈએ એવી દલીલ સાથે ૨૦૧૧માં કોર્ટમાં અરજી થઈ. કોર્ટના આદેશ પછી સરકારે એક સમિતિ બનાવી. સમિતિએ મંદિરના પેટાળમાં રહેલા ખજાનાના ઓરડાઓ ખોલ્યા અને મહિનાઓ સુધી મથીને હિસાબ તૈયાર કર્યો. તેના આધારે ખબર પડી કે વર્તમાન ભાવે સવા લાખ કરોડનું સોનુ છે. પરંતુ એની ગણતરી માત્ર ભાવથી ન થઈ શકે. કેમ કે મહાવિષ્ણુની સોનાની બનેલી મૂર્તિ, હીરા જડીત હાર, સિંહાસન, હજારોની સંખ્યામાં સિક્કા.. વગેરેનું મૂલ્ય તો કેમ આંકવુ..

છતાંય નિયમ મુજબ મૂલ્યાંકન કરીને હીરા–મોતી–સોનુ જ્યાંનું ત્યાં મુકીને ફરીથી ઓરડાઓ સીલ કરી દેવાયા. કુલ મળીને આઠ ઓરડા છે. ગણતરી માટે ઓરડા ખૂલ્યાં એ પહેલા લગભગ ૧૪૦ વર્ષ પહેલા એ ખૂલ્યાં હતા. હવે ક્યારે અને કેવા સંજોગોમાં ખૂલશે એ કોઈ જાણતું નથી. ખજાનો ખુદ ભગવાન પદ્મનાભસ્વામીનો જ હોવાથી તેનો વપરાશ કરવાનો તો કોઈ વિચાર શુદ્ધાં ન કરી શકે.

અમે મંદિરમાં આંટો માર્યો ત્યારે અમારો સવાલ એ હતો કે મંદિરના એ ભંડાર કઈ બાજુ છે. સ્વાભાવિક રીતે કોઈને એ તરફ જવા દેવામાં ન આવે પરંતુ ક્યાં છે એ દિશા તો ચીંધી બતાવી શકાય ને.. અમારા સહાયકે અમને મંદિરની પાછળ રહેલી લાંબી દીવાલ પર સુતેલા ભગવાન પદ્મનાભનું ચિત્ર બતાવ્યુ અને કહ્યું કે ખજાનાના ઓરડા આ સ્થળની નીચે છે. એ ઉપરાંત પણ બીજા ઓરડા છે. પરંતુ એના વિશે વધુ કંઈ જાણી ન શકાય કે કંઈ કહી ન શકાય.. જગતના સૌથી મોટા ખજાના પર અમે ઉઘાડા પગે ફરી રહ્યા હતા એ વાતે શરીરમાં ઝણઝણાટી થઈ..

મંદિર ફરીને બહાર નીકળ્યા અને લુંઘીમાંથી ફરીથી મૂળ વસ્ત્રોમાં આવી ગયા. બહાર નીકળીને ફરીથી એ વિચાર આવ્યો કે જો આ મંદિર જોયુ ન હોત તો માત્ર વાંચન કે અન્ય જાણકારીના આધારે તેની ભવ્યતાનો ક્યારેય ખ્યાલ ન આવત. વધુ એક જાણકારી એ પણ મળી કે આ મંદિર ભલે કેરળમાં છે, પણ તમિલ શૈલીનું (ગોપુરમ હોય એવુ) બાંધકામ છે. કેરળવાસીઓના મંદિરો આવા નથી હોતા. આ તો રાજાશાહી વખતે તમિલ પણ આ વિસ્તારનો જ ભાગ હતો એટલે ત્યારે એવુ મંદિર બન્યુ. બાકી કેરળના મંદિરોની છત તો હંમેશા લાદી જડેલી જ હોય. પદ્મનાભસ્વામી મંદિરમાં પણ કેન્દ્રીય મંદિરની છત એવી જ છે.

ત્રિવેન્દ્રમ (તિરૂવનંથપુરમ) જવાનું થાય તો આ મંદિરનો લાભ લેવાનું ચૂકવા જેવું નથી.

## જતાં પહેલાં જાણી લો

- મૂર્તિની રચના એવી છે કે કોઈ ભક્ત સામાન્ય સંજોગોમાં આખી મૂર્તિ જોઈ જ ન શકે. એક જ મૂર્તિના ૩ અલગ અલગ રીતે દર્શન કરવા પડે એવી રચના અહીં છે. એટલે અંધારામાં મૂર્તિ ન જોવા મળે તો ભક્તોને સૂચના આપવામાં આવે છે કે સૌથી પહેલા સોનાનો હાથ શોધજો અને હાથ મળી જાય એટલે તેના આધારે અન્ય ભાગના દીદાર થશે.
- આ મંદિરમાં પુરુષો લુંઘી પહેરીને અને મહિલાઓ સાડી પહેરીને જ પ્રવેશી શકે છે. જો આ સામગ્રી ન હોય તો ત્યાં બહારથી ખરીદી શકાશે. મહિલાઓ વસ્ત્ર બદલાવા ફરજિયાત નથી, પરંતુ જે પહેર્યું હોય તેના પર લુંઘી વિંટાળવી તો પડશે જ.
- મંદિરમાં લાંબી લાઈન હશે માટે ૨–૩ કલાકની ગણતરી સાથે જ જવું.
- મંદિર બહાર એક મ્યુઝિયમ અને તળાવ કાંઠે આવેલી ઘડિયાળ પણ જોવા જેવી છે.



# મેડિસિન કે મેડિટેશન? પસંદગી આપણે કરવાની છે

● ગીતા માણેક

## મેડિટેશન દ્વારા મગજની સંરચનામાં સ્થૂળ તેમ જ સૂક્ષ્મ ફેરફારો કરી શકાય છે એવું વૈજ્ઞાનિકોએ અભ્યાસ અને પ્રયોગો પરથી સિદ્ધ કર્યું છે

આધુનિક દવાઓ ખાઈ-ખાઈને આપણે પોતે જ આપણા શરીરની પત્તર ખાંડી નાખીએ છીએ અને શરીરની સાથે-સાથે આપણા ગજવાંમાં પણ આ દવાઓ કાણાં પાડી દેતી હોય છે. દવાઓનું ઉત્પાદન કરતી એક મલ્ટીનેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર કામ કરતા પરિચિત ભાઈએ અમને માહિતી આપી કે આ કંપની અવારનવાર કેટલાક ડોક્ટરોને પોતાના ખર્ચે ફોરેન ટુર પર લઈ જાય છે અને ડોક્ટરોને મફતમાં ઘણા બધા 'જલસા' કરાવે છે. કહેવાની જરૂર નથી કે આના બદલામાં કંપનીના મહેમાન થયેલા આ ડોક્ટરો દર્દીઓને પોતાની દવા પ્રિસ્ક્રાઇબ કરીને કંપનીના આ ઉપકારનો બદલો વાળે છે!

એક તરફ ડોક્ટરોનો આવો એક વર્ગ છે તો બીજી તરફ મુઠ્ઠીભર ડોક્ટરો અને તબીબી જગત સાથે સંકળાયેલા એવા વૈજ્ઞાનિકો છે જેમને ફક્ત પોતાના ખિસ્સાં ભરવામાં રસ નથી, પરંતુ જેઓ ખરેખર અભ્યાસુ છે અને દર્દીઓનું હિત ઇચ્છે છે.

જોન કેબેટ ઝિન તબીબી ક્ષેત્ર સાથે સંકળાયેલા આવા જ એક અમેરિકન વૈજ્ઞાનિક છે. જેઓ છેલ્લા લગભગ ૩૨ વર્ષથી તેમના પેશન્ટને મેડિસિન નહીં પણ મેડિટેશન પ્રિસ્ક્રાઇબ કરે છે. જોન કેબેટ ઝિન મોલેક્યુલર (નાનામાં



નાનો અંશ) બાયોલોજિસ્ટ છે. તેઓ પોતે ૨૨ વર્ષની ઉંમરના હતા ત્યારે એક ઝેન ગુરુ તેમની કોલેજમાં પ્રવચન આપવા આવ્યા હતા અને તેમની વાતોથી પ્રેરિત થઈને તે બાવીસ વર્ષનો વિદ્યાર્થી જોન મેડિટેશન શીખ્યો. જોન કેબેટ ઝિન પોતે તો ચાર દાયકાથી મેડિટેશન કરે જ છે પણ અમેરિકામાં તેમણે તનાવ ઘટાડવા માટે મદદરૂપ થતું ક્લિનિક શરૂ કર્યું છે જ્યાં તેઓ દર્દીઓનો ઈલાજ એલોપેથીની ગોળીઓ નહીં પણ ધ્યાનની દવા વડે કરે છે. જીવના નાનામાં નાના અંશ વિશે અભ્યાસ કરનાર આ વૈજ્ઞાનિકે અનેક અભ્યાસ અને પ્રયોગો કર્યા છે.

જોન કેબેટ ઝિને આઠ અઠવાડિયા સુધી ૨૫ વ્યક્તિઓના એક જૂથ પાસે નિયમિત ધ્યાન કરાવ્યું અને એ દરમિયાન તેમના મગજમાં કેવા ફેરફાર થાય છે એ અત્યાધુનિક સાધનો વડે નોંધ્યું અને જે તારણો આવ્યા એ અચંબિત કરી મૂકે એવાં હતાં. મગજનો જે હિસ્સો શીખવાની, ગ્રહણ કરવાની અને શીખેલું સાચવવાની મતલબ યાદદાસ્ત તેમ જ સ્વસ્થતાથી નિર્ણય લઈ શકવાની શક્તિ સાથે સંકળાયેલો છે એ આ આઠ અઠવાડિયામાં વધુ ઘટ્ટ થયો. મતલબ કે મગજમાં તેમણે સૂક્ષ્મ જ નહીં પણ સ્થૂળ ફેરફાર પણ જોયો. આ પ્રયોગના પરિણામ જોઈને ખુદ આ વૈજ્ઞાનિકને આશ્ચર્ય થયું કારણ કે નિયમિત આઠ સપ્તાહ સુધી મેડિટેશન કરનારા આ ગ્રુપની વ્યક્તિઓનો એમેગડાલા અથવા પ્રમસ્તિકખંડ (મગજના આગળનો હિસ્સો) બારીક થયો. આ હિસ્સો ડર સાથે સંકળાયેલો છે. સાદા શબ્દોમાં કહીએ તો આ પ્રયોગનું તારણ એવું આવ્યું કે મેડિટેશન કરનારા આ ગ્રુપની શીખવાની, ગ્રહણ કરવાની શક્તિનો વિકાસ થયો અને તેમની યાદદાસ્ત પણ સુધરતી દેખાઈ એટલું જ નહીં પણ ડર અને ઉચાટ સાથે મગજનો જે હિસ્સો સંકળાયેલો છે એમાં રીતસર ફેરફાર નોંધાયા. ઉપરાંત એવું પણ જોવા મળ્યું કે જેમના પર પ્રયોગ કરવામાં આવ્યો હતો એ વ્યક્તિઓમાં પહેલાં મગજના જમણા ભાગમાં વધુ ક્રિયાશીલતા હતી એ ડાબા મગજમાં દેખાવા માંડી. મગજના આગળના ભાગનો જમણો હિસ્સો એન્કઝાઈટી અથવા ઉચાટ, બેચેની, અસુખ તેમ જ વાસ્તવિકતા ન સ્વીકારવી જેવી નકારાત્મક બાબતો સાથે સંકળાયેલો છે જ્યારે મગજની ડાબી બાજુની ક્રિયાશીલતા માટે એક જ શબ્દ વાપરીએ તો એ છે સુખની અનુભૂતિ. ધ્યાન કરવાથી મગજનો ડાબો ભાગ જાગૃત થાય છે અને શાંતિ, સ્વસ્થતાની સાથેસાથે લાગણીઓ પર નિયંત્રણ રાખવું સહજ બને છે. આ અભ્યાસ કર્યા પહેલાં એવું માનવામાં આવતું હતું કે વ્યક્તિની પ્રકૃતિમાં બહુ ફેરફાર શક્ય નથી. જેમ અમુક ઉંમર પછી વ્યક્તિની હાઈટ વધારી શકાતી નથી એમ પુખ્ત વય સુધી પહોંચતામાં અમુક વ્યક્તિઓના મગજનું બંધારણ જ એવું થઈ જાય છે કે તેઓ સતત અજંપો અનુભવતા રહે કે ડર, નિરાશા તેમના વ્યક્તિત્વનો હિસ્સો થઈ ગયો જાય અને એમાં બહુ ફેરફાર લાવી ન શકાય. પરંતુ આ અભ્યાસે એવું સ્પષ્ટ કરી આપ્યું કે મેડિટેશન દ્વારા સ્થૂળ અને સૂક્ષ્મ સ્તર પર પરિવર્તન કરી શકવું સંભવ છે.



આનો સીધોસાદો અર્થ આપણે એ કરી શકીએ કે ધ્યાન દ્વારા આપણે આપણા મસ્તિષ્ક પાસેથી બહુ જ પોઝિટીવ કામ લઈ શકીએ. તનાવને કારણે આપણે જે બધા રોગના ભોગ બનવું પડે છે, એન્ટી–ડિપ્રેશન્ટથી માંડીને અનિદ્રા જેવી તકલીફો માટે ગોળીઓ ગળવી પડે છે અને પરિણામે આપણા શરીરને હાનિ પહોંચાડીએ છીએ એ બધાથી મેડિટેશનના નાના–નાના ડોઝ વડે મુક્તિ પામી શકાય છે. અહીં ખાસ યાદ કરાવી દઈએ કે આવું કોઈ સંત, ગુરુ, બાબા કે સંપ્રદાયના વડા નહીં પણ એક નખશિખ વૈજ્ઞાનિક કહે છે.

તેમણે કરેલો આ અભ્યાસ એન્ક્ઝાઈટી, ડિપ્રેશન તેમ જ અન્ય માનસિક રોગ માટે પણ ઉપયોગી સાબિત થયો છે. માનસચિકિત્સકો અને મનોવૈજ્ઞાનિકો તેમના દર્દીઓને મગજમાં રાસાયણિક ફેરફારો કરવા માટે ટેબ્લેટ્સ ગળાવતા રહે છે, પરંતુ જોન કેબેટ ઝિન જેવા વૈજ્ઞાનિકોએ કરેલા પ્રયોગોએ સિદ્ધ કર્યું છે કે રાસાયણિક કે સ્થૂળ ફેરફાર કરવા માટે મેડિટેશન ઘણી વાર મેડિસિન કરતાં પણ વધુ અકસીર પૂરવાર થાય છે. જેનો એક મોટામાં મોટો લાભ એ છે કે શરીરને સહેજ અમથીય હાનિ પહોંચાડ્યા વિના એ મગજને સાચી દિશામાં દોડતું કરવાને સક્ષમ પૂરવાર

થાય છે.

મેડિટેશનના નિયમિત ડોઝ લેવાથી કંઈ નુકસાન તો થતું જ નથી ઉલટું શરીરની રોગ પ્રતિકારક શક્તિમાં પણ સુધારો થાય છે એવું અન્ય એક અભ્યાસમાં સાબિત થયું છે. ટાઈમ મેગેઝિનમાં આ અભ્યાસ વિશે એક લેખ પ્રસિદ્ધ થયો હતો. આ અભ્યાસ સાથે નોબેલ પારિતોષિક વિજેતા વૈજ્ઞાનિક એલિઝાબેથ બ્લેકબર્ન પણ સંકળાયા હતા. આ પ્રયોગની વાત કરીએ એ પહેલાં જણાવી દઈએ કે એલિઝાબેથ બ્લેકબર્નને ટેલોમરેસ પરના તેમના રિસર્ચ માટે નોબેલ પારિતોષિક મળ્યું હતું, ટેલોમરેસ માનવશરીરમાંના એક પ્રકારના એન્ઝાઈમ હોય છે. સરળ શબ્દોમાં કહેવું હોય તો રંગસૂત્રોના છેવાડે એક બારીક સંરચના હોય છે. જેમ બૂટની દોરીના છેવાડે પ્લાસ્ટિકનું એક કવર જેવું હોય છે જેને કારણે બૂટની દોરીના રૂંછડાં નીકળવા ન માંડે અને દોરી અકબંધ રહે. એ જ રીતે રંગસૂત્રોના છેવાડે એક આવું કવર હોય છે જેને ટેલોમીઅર કહે છે.

ટોન્યા જેકોબ્સ નામની ન્યુરોસાયન્ટિસ્ટે કરેલા એક પ્રયોગમાં 30 વ્યક્તિઓને પહાડ પર આવેલા એક મેડિટેશન સેન્ટર (આશ્રમ)માં લઈ જવામાં આવ્યા અને ત્રણ મહિના સુધી તેમને મેડિટેશન કરાવવામાં આવ્યું. વૈજ્ઞાનિકોની નજર હેઠળ અને સતત તેમના શરીરમાં અને મસ્તિષ્કમાં થતાં સ્થૂળ અને સૂક્ષ્મ ફેરફારો નોંધવામાં આવ્યા. આ આખા પ્રયોગમાં નોબેલ પારિતોષિક વિજેતા એલિઝાબેથ પણ સંકળાયેલી હતી. ત્રણ મહિનાના પ્રયોગના અંતે આ વૈજ્ઞાનિકો એવા તારણ પર પહોંચ્યા કે 30 વ્યક્તિઓના જે જૂથે આ સમય દરમિયાન સાતત્યથી મેડિટેશન કર્યું હતું તેમના ટેલોમરેસમાં 30 ટકા વધુ કાર્યશીલતા જણાઈ હતી. આનો અર્થ એ થયો કે ટેલોમરેસ જે રંગસૂત્રોના છેડા પરના ટેલેમીઅરને રિપેર કરે છે એના કાર્યમાં નોંધપાત્ર વધારો થયો હતો. ટેક્નિકલ કે વૈજ્ઞાનિક શબ્દોને બાજુ પર મૂકીએ તો સાદી બોલીમાં એમ કહી શકાય કે જેમ બૂટની દોરી પરનું એ પ્લાસ્ટિકનું કવર ઘસાય તો કાળક્રમે એની અસર બૂટની દોરી પર પણ થાય એમ રંગસૂત્રોના છેડા પરના કવરને ઘસારો લાગે એટલે એની અસર રંગસૂત્રો પર થાય જેને આપણે એજિંગ પ્રોસેસ અથવા વૃદ્ધ થવું એવું કહીએ છીએ. મેડિટેશન કરનારા આ જૂથના રંગસૂત્રોના છેડાના આ કવરનો ઘસારો અટક્યો હતો એટલું જ નહીં પણ ધ્યાન કરવાને કારણે જે ઘસારો લાગી ચૂક્યો હતો એ રિપેર થઈ રહ્યો હતો! હજુ વધુ સરળ કરીને કહીએ તો ધ્યાન કરનારાઓની યુવાની વધુ લાંબી ટકે અને આવરદા વધે એવા ફેરફારો શારીરિક સ્તરે થતા દેખાઈ રહ્યા હતા!

પશ્ચિમના જગત માટે આ અભ્યાસ પોતાનામાં જ એક મહત્વની સાબિતી છે કે યોગીઓ અને ઋષિઓની ઉંમર વધતી હોવા છતાં તે યુવાન જ કેમ રહેતા હતા અને તેમનું આયુષ્ય લાંબું કઈ રીતે રહેતું હતું. જે બાબતો આજે વિજ્ઞાનની કસોટીઓ પર ખરી ઉતરી રહી છે એની વાત આપણે ત્યાં સદીઓથી કહેવાઈ રહી છે, જીવાઈ રહી છે.


> **આપણે ત્યાં ૫૦૦૦ વર્ષથી પણ પૂર્વેના વિજ્ઞાન ભૈરવ તંત્રમાં ૧૧૨ પ્રકારની ધ્યાનવિધિઓનો ઉલ્લેખ છે. કહેવાય છે કે આ ૧૧૨ ધ્યાન વિધિઓ શંકર ભગવાને તેમની શિષ્યા અને પત્ની પાર્વતીને શીખવી હતી.**

જોન કેબેટ ઝિન નામના જે વૈજ્ઞાનિકની વાત કરી હતી એ તેની પાસે આવતા દર્દીઓને બૌદ્ધ ધ્યાન વિધિમાં થોડોક ફેરફાર કરીને શીખવે છે. ધ્યાનના આ બધા ફાયદાઓ લેવા માટે કંઈ કલાકો સુધી પલાંઠી વાળીને કે પદ્માસન બાંધીને બેસવાની જરૂર હોતી નથી. જોન કેબેટ ઝિન તો શરૂઆતમાં પોતાના દર્દીઓને ૧૫ મિનિટ જ સજાગતપૂર્ણ ધ્યાન કરાવે છે. પછી ધીમે-ધીમે એ સમયગાળો વધારે છે. એક તબક્કે વ્યક્તિ હરતા-ફરતાં, ઉઠતા-બેસતા સજાગ રહીને જીવન જીવે છે એટલે કે ધ્યાન તેના અસ્તિત્વનો હિસ્સો થઈ જાય છે.

આપણે ત્યાં ૫૦૦૦ વર્ષથી પણ પૂર્વેના વિજ્ઞાન ભૈરવ તંત્રમાં ૧૧૨ પ્રકારની ધ્યાનવિધિઓનો ઉલ્લેખ છે. કહેવાય છે કે આ ૧૧૨ ધ્યાન વિધિઓ શંકર ભગવાને તેમની શિષ્યા અને પત્ની પાર્વતીને શીખવી હતી. આમાં વધતા-ઓછા અંશે ફેરફારો કરીને જુદી-જુદી વ્યક્તિઓ દ્વારા અલગ-અલગ મેડિટેશનના નામે એ વિશ્વભરમાં શીખવવામાં આવી રહી છે.

યોગ્ય ગુરુ કે માર્ગદર્શકના માર્ગદર્શનમાં આમાંની પોતાના વ્યક્તિત્વને અનુરૂપ (કઈ ધ્યાન-વિધિ કોના માટે ઉપયોગી પૂરવાર થઈ શકે એ કોઈ જ્ઞાની ગુરુ જ કહી શકે) વિધિ કરીને મેડિસિનથી છૂટકારો મેળવી શકાય છે એટલું જ નહીં વૃદ્ધત્વને પાછું ઠેલી આવરદા પણ વધારી શકાય છે એવું શાસ્ત્રો તો કહેતા જ હતા પણ હવે વૈજ્ઞાનિકો પણ સ્વીકારવા માંડ્યા છે.

# બેસ્ટ સેલરમાં સ્થાન પામેલ પુસ્તક




સારા નરસા પ્રસંગોએ સ્મૃતિભેટ
આપવા માટેનું શ્રેષ્ઠ પુસ્તક

## મારા દાદા શ્રી વિશ્વકર્મા

(સંક્ષિપ્તમાં વિશ્વકર્મા પુરાણ)
પાના - ૮૪, કિંમત રૂા. ૮૦

**૨૫થી વધુ નકલ મંગાવનારને**
**ખાસ કન્સેસન પોસ્ટેજ ફ્રી**

: આજે જ સંપર્ક કરો :

**પ્રવીણ ગજ્જર**
**મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫**

**લેખક : ડો. અનિલ અંબાસણા**

## જયારે જીવનમાં...

મુશ્કેલીઓનો સામનો કરવાનો વખત આવે,
જીવન શંકાના વાદળોથી ઘેરાઈ જાય,
જીનવમાં નિરાશા છવાઈ જાય,
તેવા સમયે વાંચવા જેવું પુસ્તક.
પુસ્તક વાંચો...
જીવનમાં નવી તાજગીનો સળવળાટ અનુભવો






**: પુસ્તક મેળવવા :**

Ramy Publication
૩૨૦, હિરાપન્ના, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૧.
પ્રવીણ ગજ્જર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫




**Dharmesh Sanchania**
Mo. 98980 28899

**Purvesh Sanchania**
Mo. 99255 60607


## Mfg. All Kind of Dies, Moulds & Patterns

## RADHE CAD / CAM SERVICES

Plot No - 7/8-D, Survey No 40/1,
B/h Skoda Showroom, Near Kishan Petrol Pump,
NH-27, Kangashiyali, Rajkot - 360002
Web : www.radhecadcam.com
Email : info@radhecadcam.com

# Economical Solutions for Precision Gear Grinding

Rupkala is proud to feature its New Hofler Rapid 800L Gear Grinder, offering the latest in form grinding technology. DIN class 4 accuracy capabilities, and on board gear inspection. Assuring to meet all design specifications



**Esternal Gears:**

| | |
|---|---|
| Gear Diameter : | 20-1000mm |
| Axial stroke : | 1000mm |
| Helix angle : | -45/+120deg |
| Module range : | 1-35mm |
| Profile Depth : | 80mm |

**With over 55 years of experience, It's easy to see why industry leading manufacturers choose us as their #1 grinding source**

Rüpkala

**Rupkala Engineers Pvt Ltd.**
Plot G-1313, Road-1, Lodhika GIDC, Vill. - Metoda, Dist.:Rajkot-360021
Tel:+91-2827-287998, 287398, Fax: +91-2827-287899
Email: rupkala_ad1@sancharnet.in Website: www.rupkalaengineers.com

## વિશ્વકર્મા વિશ્વના દ્વિદશાબ્દી વર્ષ તથા દીપોત્સવી પર્વ નિમિત્તે


# હાર્દિક શુભકામનાઓ

# શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘ-અમદાવાદ

**શ્રી વિશ્વકર્મા મંદિર, ગીતામંદિર રોડ, ભુલાભાઈ ચાર રસ્તા, અમદાવાદ.**

## : કારોબારી સમિતિ ૨૦૨૨-૨૫ :

પ્રમુખશ્રી - શ્રી ધર્મેન્દ્રભાઈ એન. દેવળીયા
ઉપપ્રમુખશ્રી - શ્રી અશોકભાઈ ડી. દશાડીયા
ઉપપ્રમુખશ્રી - શ્રી ધર્મેન્દ્રભાઈ ડી. કથ્રેચા
માનદ્‌મંત્રીશ્રી - શ્રી વિનોદભાઈ કે. મહિધરીયા
સહમંત્રીશ્રી - શ્રી નીતિનભાઈ પી. પિલોજપરા
સહમંત્રીશ્રી - શ્રી મુકેશભાઈ બી. સંચાણીયા
ખજાનચીશ્રી - શ્રી કલ્પેશભાઈ ડી. બાસોપીયા
શિક્ષણમંત્રીશ્રી - શ્રી અજયભાઈ સી. ઝીંઝુવાડીયા
રાહતમંત્રીશ્રી - શ્રી કૃણાલભાઈ એ. બદ્રકીયા
ઉત્સવમંત્રીશ્રી - શ્રી મનહરભાઈ ડી. અઘેડા
પ્રચારમંત્રીશ્રી - શ્રી સંજયભાઈ ડી. તલસાણિયા



# વિશ્વકર્મા વિશ્વના દ્વિદશાબ્દી વર્ષ તથા દીપોત્સવી પર્વ નિમિત્તે

# હાર્દિક શુભકામનાઓ

## શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ-પોરબંદર

રેલ્વે સ્ટેશન રોડ, પોરબંદર-૩૬૦ ૫૭૫



### : ટ્રસ્ટી મંડળ :

| | | | | |
|---|---|---|---|---|
| પ્રમુખ | - | નિલેશભાઇ વેલજીભાઇ વેકરીયા | - | મો. ૯૪૨૬૨ ૨૬૨૭૨ |
| ઉપપ્રમુખ | - | અનિલભાઇ જેન્તીભાઇ દુધૈયા | - | મો. ૯૮૨૫૮ ૯૬૪૯૪ |
| ખજાનચી | - | જીતેન્દ્રભાઇ તુલસીભાઇ સુરેલીયા | - | મો. ૯૯૨૪૯ ૬૮૩૩૯ |
| મંત્રી | - | નીતીશકુમાર કુમનલાલ બકરાણિયા | - | મો. ૮૯૦૫૦ ૫૩૨૬૮ |
| ટ્રસ્ટી | - | મનુભાઇ પ્રાગજીભાઇ છત્રાલીયા | - | મો. ૯૮૯૮૧ ૭૭૧૦૩ |
| ટ્રસ્ટી | - | પ્રફુલભાઇ જમનભાઇ ઉમરાળીયા | - | મો. ૯૪૨૬૯ ૯૩૩૯૧ |

### : યુવા કારોબારી :

અંકિતભાાઇ યશવંતભાઇ વિરમગામા • તુષારભાઇ કુમનલાલ બકરાણિયા

મયુરભાઇ મનસુખભાઇ વડગામા • સુરજભાઇ મુકેશભાઇ બકરાણિયા

મહેશભાઇ નવનીતભાઇ માંડવીયા

વિશ્વકર્મા વિશ્વના દ્વિદશાબ્દી વર્ષ
તથા દીપોત્સવી પર્વ નિમિત્તે
**હાર્દિક શુભકામના...**

**Arvind R. Gajjar** (Advocate)
+91 94272 07121

**Hiren A. Gajjar** (Advocate)
+91 98248 31234





g4gajjar09@gmail.com

Office No. 502, 5th Floor, Anant The Work Space,
Jaymal Parmar Marg Corner, Kalawad Road,
Rajkot-360005.



## દીપોત્સવી પર્વની સૌ જ્ઞાતિજનોને હાર્દિક શુભકામનાઓ

## શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથ ફોરમ-વાડજ

**પ્રમુખ** - શ્રી શાંતિભાઈ આર. ખોડદિયા • **ઉપપ્રમુખ** - શ્રી રાજેશભાઈ બી. પાનસિણીયા
**મંત્રી** - શ્રી મહેશભાઈ જે. જાદવાણી • **સહમંત્રી** - શ્રી પ્રકાશભાઈ આર. જાદવાણી • **સહમંત્રી** - શ્રી વાડીભાઈ એમ. વડગામા
**ખજાનચી** - શ્રી જીતેન્દ્રભાઈ પી. વડગામા • **ઉત્સવમંત્રી** - શ્રી નરેન્દ્રભાઈ આર. ખોડદિયા
**સ્પોર્ટસમંત્રી** - શ્રી નરેન્દ્રભાઈ એમ. અડિયેચા • **શિક્ષણમંત્રી** - શ્રી અનિલભાઈ ડી. કંસોડા
**સહશિક્ષણમંત્રી** - શ્રી દિનેશભાઈ જે. ઘોરેચા • **પ્રચાર મંત્રી** - શ્રી પ્રવીણભાઈ એ. સંચાણિયા

**: કો.ઓ. સન્માનનીય સદસ્યો :**

શ્રી પ્રકાશભાઈ જે. બોરસાણીયા • શ્રી અરવિંદભાઈ એસ. છનિયારા • શ્રી પંકજભાઈ એસ. છનિયારા
શ્રી ભાવેશભાઈ જે. પંચાસરા • શ્રી ગીરીશભાઈ એલ. પિલોજપરા • શ્રી જયંતીભાઈ કે. વિસરોલીયા
શ્રી ભીખાભાઈ આર. માથાસુરીયા • શ્રી ભરતભાઈ બી. વડગામા • શ્રી તેજસભાઈ જે. અનોવાડીયા
શ્રી મોન્ટુભાઈ જે. છનિયારા • શ્રી વિમલભાઈ એચ. ધોળકીયા

**ઈન્ટરનલ ઓડિટર :** શ્રી પ્રવીણભાઈ ડી. છનિયારા • શ્રી શંકરભાઈ એસ. સોલગામા



# સ્પંદનો(Strokes): સંબંધોમાં સામીપ્યનું સ્થાપન કરતું એક મહત્વનું પરિબળ

• અનિલ અંબાસણા

સ્પંદન(Stroke) એ વ્યક્તિના અસ્તિત્વના હોવાપણાની લોકોએ વિકસાવેલી વ્યક્તિની એક આગવી ઓળખ છે. સ્પંદન વ્યક્તિની સામાજિક સ્વીકૃતિનો એકમ છે. એક સમાજિક પ્રાણી તરીકે સમાજમાં વ્યક્તિની ઓળખનું અસ્તિત્વ હોય છે. એ અસ્તિત્વની ઓળખનો સમાજના સભ્યો દ્વારા સ્વીકાર થવો ખૂબ જરૂરી છે. જો સમાજમાં વ્યક્તિના અસ્તિત્વની ઓળખની સ્વીકૃતિ જ ન હોય તો તે ખૂબ જ ગંભીર બાબત કહેવાય. વ્યક્તિના હોવાપણા કે હાજરીની નોંધ જ લેવાતી ન હોય ત્યારે જીવન જીવવું દુષ્કર બની જાય. આ સંજોગમાં વ્યક્તિ સમુહમાં હોવા છતાં એકલતા અનુભવે છે. તેના જીવવાનો, હોવાનો કશો અર્થ રહેતો નથી એવું તે અનુભવવા લાગે છે. પોતે અયોગ્ય છે, પોતે બરાબર નથી (I am not OK)ની જીવન અવસ્થામાં સરકી પડે છે. વ્યક્તિ શારીરિક અને માનસિક રીતે અસ્વસ્થ થવા માંડે છે. તેમાંથી બચવા માટે તે અજાણતા જ આક્રમક બને છે, પાગલ બને છે, વાતચીતનો વ્યવહાર બંધ કરી દે છે, સુનમુન થઇ જાય છે, એકલા રહેવાનું પસંદ કરે છે કે ક્યારેક ઘર છોડી ચાલી જાય છે અને વિકટ/ અસહ્ય પરિસ્થિતિમાં આત્મહત્યા, આપઘાત કે આત્મવિલોપન પણ કરી બેસે છે.



જેમ અસ્તિત્વ ટકાવી રાખવા માટે વ્યક્તિને પ્રાથમિક જૈવિક જરૂરીયાતો હવા, પાણી, ખોરાક અને યોગ્ય તાપમાનની જરૂર પડે છે, તેવું જ સ્પંદનનોની બાબતમાં પણ હોય છે. સ્પંદનો આપી શકાય છે, સ્પંદનો મેળવી શકાય છે. સ્પંદનો શાબ્દિક, અશાબ્દિક કે બન્નેના મિશ્રણ સ્વરૂપે હોય શકે. સ્પંદનોના ઉદાહરણો જોઈએ તો ...

- નજર મળતા હાથ ઉંચો કરવો,
- કેમ છો, પૂછવું,
- મજામાં, આનંદમાં, ઈશ્વરની દયા છે, પ્રભુ કૃપા છે, એમ પ્રત્યુતર વાળવો,
- હસ્તધૂનન કરવું, આલિંગન આપવું,
- મહાદેવ, જયશ્રી કૃષ્ણ, રામ રામ કહેવું,
- પીઠ થાબડવી,
- તાળી પાડવી, સ્મિત આપવું,
- આભાર માનવો,
- ઋણ સ્વીકાર કરવો,
- ક્ષમાયાચના કરવી,
- ક્ષમાપના કરવી,
- દિલગીરી અભિવ્યક્ત કરવી, ... વગેરે

આવા સ્પંદનોની આપલે કરવાથી વ્યક્તિને સારું લાગે છે, હળવાશ અનુભવે છે, જીવવું ગમે છે. હું બરાબર છું, હું સ્વસ્થ છું જેવી લાગણી અનુભવે છે. આવા સ્પંદનો આંતરવૈયક્તિક (Inter Personal) સંબંધો બાંધવામાં અને જાળવવામાં ઘણા ઉપયોગી સાબિત થાય છે. પ્રત્યેક વ્યક્તિને શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહેવા માટે સ્પંદનોની જરૂર પડે છે; પછી વ્યક્તિ ગમે તે ભૂમિકામાં, ગમે તે હોદા, સ્થાન કે કક્ષા પર કેમ ન હોય. વ્યક્તિ માત્ર સ્પંદનોની ભૂખી હોય છે. સ્પંદનો દ્વારા જ વ્યક્તિનું મનોબળ મજબૂત બનતું હોય છે.

આગળ ઉદાહરણ સ્વરૂપે દર્શાવેલા સ્પંદનો હકારાત્મક

પ્રકારના સ્પંદનો છે. એજ રીતે જે સ્પંદનો વ્યક્તિમાં હતાશા, નિરાશા, વૈફલ્ય, તિરસ્કાર, ધૃણા, દુઃખ, દર્દ, અપમાન, લઘુતા કે હીનતા જેવી લાગણીઓ પેદા કરે છે. આવા સ્પંદનોને નકારાત્મક સ્પંદનો કહે છે. આવા સ્પંદનો વાતચીતના વ્યવહારના સંબંધનો અંત લાવે છે. આ સ્પંદનો હું બરાબર નથી (I am not OK), હું કશા કામનો કે ઉપયોગનો નથી જેવી વૈફલ્યની ભાવના ઉત્પન કરે છે.

જો કોઈ વ્યક્તિને કશું કાર્ય કર્યા પછી સ્પંદન આપવામાં આવે તો તે શરતી સ્પંદન કહેવાય. કારણ કે આ સ્પંદન કરેલા કાર્યની ગુણવતા, કાર્યના પરિણામ, કાર્યની સફળતા, સંતોષ પર નિર્ભર છે, આધારિત છે. જેમ કે ...

- સરસ, આ વખતે તમે ખૂબ જ સમયસર કાર્ય પૂરું કર્યું.
- અભિનંદન, આ વખતનું તારું પરિણામ આગલી પરીક્ષા કરતાં ઘણું સારું આવ્યું છે.
- શું વાત છે, બે પાના અને તે પણ ભૂલ વગર ટાઈપ કરતા જરાય વાર ન લાગી !
- ઈ–મેઈલ ન કર્યા સિવાયનું બાકીનું બધું જ કામ બરાબર થયું છે.
- ઉત્સાહથી સાહેબને ગુડ મોર્નિંગ કહ્યું; પણ સામેથી પ્રતિચાર ન મળ્યો. (હમણાં હમણાં તમને ઓફિસે પહોંચવામાં થોડું મોડું થયા કરે છે).

કોઈ જાતની શરત વગર અપાતા સ્પંદનો ખૂબ જ અસરકારક હોય છે. તે હકારાત્મક કે નકારાત્મક હોય શકે. બિનશરતી હકારાત્મક સ્પંદનો આપવા અને લેવા લોકોને ગમે છે. જયારે બિનશરતી નકારાત્મક સ્પંદનો અતિ અવળી અસર ઉત્પન કરે છે. શક્ય હોય ત્યાં સુધી બિનશરતી નકારાત્મક સ્પંદનો આપવા નહિ. બિનશરતી હકારાત્મક અને નકારાત્મક સ્પંદનો આવા હોય શકે ...

બિનશરતી હકારાત્મક સ્પંદનો

- દોસ્ત, ખબર નહિ કેમ પણ તારી સાથે વાતચીત કરવી ગમે છે.
- એમની વાત જ જવા દો, એમને સંભાળવા એક લાહવો છે.
- બસ, તમે મને ગમો છો.
- આવ, આવ દોસ્ત કહીને ભેટી પડવું.
- સાંજે ઘેર આવતા અને પાછળ મોગરાની વેણી સંતાડતા પત્નીને કહે, પ્રિયે બોલ તારા માટે શું લાવ્યો હોઈશ?
- એમની સાથે કલાકોના કલાકો બેસવું ગમે.

બિનશરતી નકારાત્મક સ્પંદનો

- ચાલ, નીકળ અહીંથી.
- મારે તારી સાથે બીલકુલ વાત કરવી નથી.
- ફરી તારું મોઢું મને બતાવીશ નહિ.
- ખૂબ મોડેથી વર્ગમાં આવતા વિદ્યાર્થીને કટાક્ષયુક્ત રીતે અધ્યાપક કહે; પધારો, આવતા પીરીયડ માટે ખૂબ વહેલા છો.
- હવે પછી મને મળવા આવતા નહિ.
- આપની વાત પૂરી થઈ? આપ જઈ શકો છો.
- એક કામ કરો, મારી જગ્યાએ તમે આવતા રહો.
- શું કરવું, એ તમે મને શીખવશો?
- તમને ઠીક લાગે તે કરો, હું તો આઉટ ડેટેડ છું.

**“જેમ જેમ મોટા થતા જઈએ, વધારે અનુભવો મળતા જાય, કાર્યમાં ફાવટ આવતી જાય, યોગ્ય વર્તનો ટેવોનું, આદતોનું સ્વરૂપ ધારણ કરવા લાગે અને પછી પરિપક્વ થતા જઈએ તેમ સ્પર્શ સ્પંદનોની જરૂરીયાત ઘટતી જાય છે.”**

નિર્જીવ પદાર્થો સિવાય બધાને સ્પંદનોની જરૂર પડે છે. પ્રાણીઓ અને પંખીઓને તાલીમ આપતી વખતે હકારાત્મક સ્પંદનોનો ભરપુર માત્રામાં ઉપયોગ કરવામાં આવે છે. પ્રાણી અને પંખી શીખવાનું દરેક સોપાન સફળતાપૂર્વક પાર કરે ત્યારે ટ્રેનર તેના શરીરને સ્પર્શે છે, પંપાળે છે, થાબડે છે અને શાબ્દિક રીતે બિરદાવે છે. ત્યારબાદ ખાવાનું દે છે. માણસ સામાજિક પ્રાણી છે. માણસને પણ સ્પંદનોની જરૂર પડે.

પ્રારંભમાં અને નાના હોઈએ ત્યારે વધારે હકારાત્મક સ્પંદનોની જરૂર પડે. ખાસ કરીને સ્પર્શ તેમજ પ્રોત્સાહક શાબ્દિક સ્પંદનોની. જેમ જેમ મોટા થતા જઈએ, વધારે અનુભવો મળતા જાય, કાર્યમાં ફાવટ આવતી જાય, યોગ્ય વર્તનો ટેવોનું, આદતોનું સ્વરૂપ ધારણ કરવા લાગે અને પછી પરિપક્વ થતા જઈએ તેમ સ્પર્શ સ્પંદનોની જરૂરીયાત ઘટતી જાય છે. કદર સ્વરૂપે લિખિત અને ભેટ સ્વરૂપે મળતા સ્પંદનોનો પ્રભાવ વ્યક્તિ પર સારો અને લાંબા સમય સુધી અને કયારેક તો જીવનપર્યંત રહે છે. આવા સ્પંદનો સદવર્તનનો માટેનો મુખ્ય સ્રોત બની રહે છે.

અન–ઈચ્છિત, અયોગ્ય વર્તન વ્યવહારના નિયંત્રણ કે સુધાર માટે શરતી નકારાત્મક સ્પંદનો આપી શકાય. હળવા

શરતી નકારાત્મક સ્પંદનો વ્યક્તિ પર ઓછી વિપરીત અસર કરે છે. પરંતુ વ્યક્તિ નકારાત્મક સ્પંદન મળવા પાછળના કારણોથી માહિતગાર થાય છે, સજાગ થાય છે. ભૂતકાળના શરતી નકારાત્મક સ્પંદનની અસર એક પ્રકારની બીક પેદા કરે છે. જે વ્યક્તિને ખોટા, અયોગ્ય, અન-ઈચ્છિત વર્તન વ્યવહાર કરતા રોકે છે. જેમ કે ...

- જો સમયસર કામ થઈ શકે તેમ ન હોય તો તમારો કોન્ટ્રેક ચાલુ રાખવો કે કેમ તે વિચારવું પડે.
- લેશન ન કરો તો વાંધો નહિ, આજે સર્કસમાં જવાનું નથી.
- શાળાએ મોડા આવો એ તમારા જેવા સારા વિદ્યાર્થી માટે યોગ્ય ન કહેવાય.
- પપ્પા, તમે મને ખૂબજ ગમો છો, પણ જયારે માવો ખાવ છો ત્યારે બિલકુલ ગમતા નથી.
- જે મમ્મીનું કહ્યું ન માને, તેની સાથે હું બોલતો નથી.
- જયારે તું ખીચડી ખાતી નથી, ત્યારે મને તું જરાય ગમતી નથી.
- ના દાદુ હું ગુડ ગર્લ છું, હવે એવું નહિ કરૂં બસ.
- કેમ સંભળાતું નથી? એકવાર ના પાડીને, પછી મૂકી દેવાનું.
- જો હવે રાડ પાડી છે ને, તો એક થપ્પડ મારી દઈશ.

**તીવ્ર આક્રમક નકારાત્મક સ્પંદનો જેવા કે ગુસ્સો કરવો, ધમકી આપવી, મોટે મોટેથી બુમબરાડા પાડવા, રાડો પાડી ઉંચેથી બોલવું, હાથમાં રહેલી કે નજીકની વસ્તુનો ઘા કરવો, વગેરે વ્યક્તિ પર ખૂબ જ વિપરીત અસર કરે છે.**

આ ઉદાહરણો શરતી નકારાત્મક સ્પંદનોના છે. તે વ્યક્તિને લેવા, સંભાળવા ગમતા નથી. અણગમો પેદા થાય છે. નારાજગી પેદા કરે છે. અને સામા પક્ષે સોરી, હવે નહિ કરૂં, જેવા પ્રતિચારોની અપેક્ષા રહે છે.

તીવ્ર આક્રમક નકારાત્મક સ્પંદનો જેવા કે ગુસ્સો કરવો, ધમકી આપવી, મોટે મોટેથી બુમબરાડા પાડવા, રાડો પાડી ઉંચેથી બોલવું, હાથમાં રહેલી કે નજીકની વસ્તુનો ઘા કરવો, હાથ પગ પછાડવા, મારામારી કરવી, હાથ ઉપાડવો, અપશબ્દો બોલવા, તોછડાઈ કરવી, બોલવાનું બંધ કરી દેવું, બધી વાતનો ઉલટો જ અર્થ કાઢવો, ભૂતકાળ ઉખેડવો, મહેણા-ટોણા મારવા, વગેરે વ્યક્તિ પર ખૂબ જ વિપરીત અસર કરે છે. આ અસર ઓછી કરવી કે દુર કરવી કેટલીક વાર લગભગ અશક્ય બની જાય છે. અવાર નવાર આવા આક્રમક નકારાત્મક સ્પંદનોથી વ્યક્તિ કાંતો ટેવાય જાય છે છે અને મીંઢાં, રીઢા બની જાય અથવા સ્વ-આદર(Self Esteem) ગુમાવી દે. હું બરાબર નથી (I am not OK)ની લાચારીની લાગણીનો ભોગ બની બેસે છે.

ટૂંકમાં, માણસ માત્રને સ્પંદન, હકારાત્મક સ્પંદનની ભૂખ હોય છે. તે હવા, પાણી અને ખોરાક જેટલી જ પ્રાથમિક જરુરિયાત ધરાવે છે. નકારાત્મક સ્પંદન બને ત્યાં સુધી ન આપવા. અને આપવા જ પડે તો શરતી નકારાત્મક આપવા. કારણ સાથે આપવા.

પારિવારિક કે વ્યવસાયિક સંબંધોમાં હકારાત્મક સ્પંદનો કોને કોને, ક્યારે કયારે આપી શકાય તેની નમુના ૨૫ યાદી આપી છે.

- વહેલું સુવું, વહેલું ઉઠવું,
- પહેરવેશ, દેખાવમાં સુઘડતા દેખાય,
- દ્રઢતા, આત્મવિશ્વાસ, સ્વ-આદર
- કાર્યની પરત્વેની પ્રતિબદ્ધતાઃ કાર્યનો પ્રારંભ કરવાની, કાર્યને ચાલુ રાખવાની, કાર્યમાં એકાગ્રતા જાળવવાની અને કાર્યને પુર્ણતા સુધી લઈ જવાની,
- બૌધિક, માનસિક ક્ષમતા,
- સર્જનશીલતા,
- વિચારોની મૌલિકતા,
- હકારાત્મક વલણ,
- જુથમાં સામેલગીરી,
- જુથમાં કાર્ય કરવાની પહેલ,
- ફરજ પાલન,
- નિષ્ઠા, પ્રામાણિકતા,
- જવાબદારીનો સ્વીકાર,
- નિયમિતતા, શિસ્તના આગ્રહી,
- કાર્યમાં ચોક્કસાઈ, ઉત્સાહ,
- સ્વતંત્ર રીતે નિર્ણય લેવાની ક્ષમતા,
- નેતૃત્વ ક્ષમતા, લોકો પાસેથી કામ લેવાની કુનેહ
- આજ્ઞાંકિતતા,
- વિશ્વાસુ, ભરોસાપાત્રતા, વફાદારી,
- નમ્રતા, વિવેક,
- સફળતાની વહેંચણી, નિષ્ફળતાની જવાબદારી,
- ચારીત્ર, મુલ્યોની જાળવણી,

તો રાહ કોની જુઓ છો? આજથી જ, અત્યારથી જ સંબંધોમાં શરતી કે બિન શરતી હકારાત્મક સ્પંદનો આપવાનું શરુ કરો.

સ્પંદનો આપવાની આદત કેળવો. સ્પંદનો આપશો તો સ્પંદનો મેળવશો. સ્પંદનોના સંગ્રહથી પ્રેમાળ, સ્નેહાળ, સંભાળ-દરકાર ભર્યા, તંદુરસ્ત સંબંધો જાળવો, સંબંધોનું સામીપ્ય માણો અને ભરપુર જીવો, સમૃદ્ધ જીવો.

# ભાતીગળ પહેરવેશની ગઇકાલ અને આજ



● અમૂલ પરમાર

મારે આજે વાત કરવી છે ગુજરાતના ભાતીગળ કપડાની ગઇકાલ અને આજ. ભાત રચનાની એંધાણીઓ જોતા નદીકાંઠાના સંસ્કૃતિના કાળે સિંધ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં સ્ત્રીપુરૂષોના વસ્ત્રમાં ભરતકામ હશે, તેનું અનુમાન 'મુંએ જો ડેરો'માંથી પ્રાપ્ત એક પુરૂષના ઉપવસ્ત્ર' પર ઉપસાયેલી ત્રિપાંખડીની ભાત એ કદાચ ભરત હોવાની શક્યતા જેવું લાગે છે. કારણ કે સૌરાષ્ટ્રનાં લોક ભરતમાં આવી ત્રિપાંખડીની ભાગ હજી ભરાય છે તેને 'તોતીડા ભાત' કહેવાય છે.


ઇ.સુ.ની સાતમી સદીમાં નિર્મિત અજંતાના ભિતચિત્રોમાં ગાદી–તકીયા પર ચિત્રિત 'પાંચ ફોકળ', 'બાવળિયો'એ સૌરાષ્ટ્રો 'કોથપી'અને પંજાબી 'કુલહારી'ની પુરોગામી ભાત છે.

ગુજરાતમાં પંદરમી સદીમાં સુલતાન કાળે તેમજ સોળથી અઢારમી સદીના મુઘલકાળે પુષ્કળ ભરત થયું છે. ઇ.સ. ૧૫૯૦માં ચિત્રિત એક પોથીમાં ભરેલું કાપડું પહેરેલ સ્ત્રીનું આલેખન કરેલ છે. આ સમય દરમ્યાન ઇરાની... કાશ્મીરી,. અફઘાની, ભાત રચનાના અસર ઉપરાંત રંગપુરણીમાં પણ વૈવિધ્ય આવ્યું છે. તેની સાથે બીજા દેશોમાંથી આવેલ લોકો બલુચિસ્તાન, અફઘાનિસ્તાન, સિંધ–કચ્છમાંથી ફરતા ફરતા સૌરાષ્ટ્રમાં આવ્યા છે. આ પ્રજાઓનું ભરતકામ પણ તેમની સાથોસાથ કચ્છ અને સૌરાષ્ટ્રમાં પ્રસર્યું છે. આ લોકો કચ્છ–સૌરાષ્ટ્રમાં સ્થિર રહી જઇ મુળ પ્રજા સાથે હળીમળીને સાંસ્કૃતિક એક્તા સાધી અને અન્યોન્ય રીતે ભરતકામમાં રંગ, ટાંક, ટેભા અને ભાતનું સંમિશ્રણ સાંધ્યુ છે.

સૌરાષ્ટ્ર–કચ્છમાં આ બધુ લોકભરત સ્ત્રીઓ ઘર શણગાર, પશુ શણગાર તેમજ પોતાના બાળકોના માટે જ ભરે છે. સૌરાષ્ટ્રમાં પુરૂષો ભરેલું હોઇ પહેરતા નથી. માત્ર તેઓ અઘવઘડા કણબી ભરેલી કક્કઇ પહેરતા નથી. માત્ર તેઓ અઘવઘડા કણબી ભરેલી માથે ટોપી પહેરે છે તો ભરતકામનાં શોખીન કોળી જુવાન અતલસની બંડી ઉપર શોભન ભાતમાં મોર–પોપટ અને બુટ્ટીઓ ભરાવે છે. ત્યારે જુવાન ભરવાડ કોઇપણ લાલ મઘરશિયાની પાઘડી માથે કાળા પોત ઉપર ભરેલો પટ્ટો કે મોળિયું બાંધે છે.જ્યારે ખેડૂત વરણ તેમજ કાંટિયા વરણ અને ક્ષત્રિય કોમનાં નાના છોકરાને ભરેલું કેડિયું, આંગડી, બંડી, ચોરણી પહેરાવતા તે પણ છોકરો બે થી દસ–બાર વર્ષનો થાય ત્યાં સુધી જ. ખાસ સારા પ્રસંગે માતા આ રીતે છોકરીને પણ શણગારતી. સૌરાષ્ટ્રનાં ગામોમાં મોટેભાગે ખેતીકામ હોવાથી તેની માફ્ઢી સ્ત્રીઓને આવા જાડા લૂગડાં જ પોસાય છે. આ સ્ત્રીઓને મોસમમાં દિ બધો વાડી ખેતરમાં કામ કરવાનું હોવાથી જો ઝીણા પોતના સાદા લુગડા હોય તો ઝાળે









ઝાંખરે ભરાઇને તે જલ્દી ફાટી જાય છે. આ સિવાય ખેડુત સ્ત્રીઓ કપડા પણ ભરે છે. ભરેલા લુંગડા જલ્દી ફાટી જતા નથી. વધારે ટકે છે, ખેતી કરતી કોમોમાં કણબી, કારડીયા, રાજપૂત, સથવારા, ખરક, પલેવાળ, પંચોળી, આયર, મેર, કોળી, ભરવાડ તેમજ વસવાયામાં આ શૈલીનું ભરત ભરાય છે .ખેડુત કોમોમાં જે જાતોમાં ભરેલા પહેરવેશ પહેરવાનો રિવાજ છે. તેમાં ઘાઘરાની શોભન ભાતો બહુ મજાની છે. આ દરેક ભાતના નામ હોય છે જેવા કે, ચીપીયા વેલ, પારસી સાદરા, અરધી કુલવાડી, વીજળીવેલ, કેવડા, બારમોર, આંગળા પોપટ, તીતીડા, કુલથંભા વગેરે... જયારે આધુનિક ભાતોમાં મ્રઘલ્યા, હોડકા–માંછલી, પાંચ થડ, નાગણિયુ, બટમોગરા, કંકાવટી, ગુંથળા, રેડિઓ, કપરકાબી વગેરે છે. આ બધુય ભરતકામ દોરીથી પ્રથમ બંધવે છે. પછી આડા ફાંટિયાથી ભરાય છે. ભરતમાં કાચ ગાજનાં ટાંકાથી ટાંકે છે. ગામડે ગામડે ભરત ઓળખી દેનારી એકથી એક બે જ સ્ત્રીઓ હોય છે. તેઓ હાથમાં સળી લઇને કપડાં પર શાહીથી આળેખ કરે છે. આ ચીતરામણ તે આળેખનારીનું મૌલિક હોય છે. આળેખેલા મૌલિક હોવાથી આધુનિક કલાકારોને આ આકારો ખૂબ ગમે છે. કપડામાં જગ્યા પ્રમાણે ગોઠવણ થાય છે. ભરવામાં સહેલા પડે તે રીતે તેઓ ચિતરે છે.

ઉજળીયાત વર્ણોમાં પણ ૪૦ થી ૪૫ વર્ષો પહેલા ભરત ખુબ જ ભરાતુ તે ભરત વાણિયા, લુવાણા, સોની વગેરેનું હોવાથી તેને મહાજનનું કે ઉજળિયાત વર્ણનું ભરત કહી શકાય. મહાજન સ્ત્રીઓનું ભરત ખુબ જ ચીવટથી અને ઠાંસી ઠાંસીને ભરાયેલુ હોય છે. સૌરાષ્ટ્રનાં લોકભરતમાં હીર, સૂતર તથા ઉનનો ઉપયોગ થયો છે. ખેડુત ભરતમાં ધોળો, પીળો, લાલ, લીલો, ગુલાબી, ભૂરો આટલા રંગ મુખ્ય છે. કાઠી તેમજ મોચી ભરતમાં થોડા વધારે રંગો વપરાય છે. મોટાભાગે સમગ્ર ભારતમાં હીરના ઘેરાનો ઉપયોગ વધારે થાય છે. લોકભરતમાં નાની નાની શોભન કિનારીઓ પણ સુંદર ભરવામાં આવતી જેવી કે, અડદિયો, કાંટા, જવલા, અધાંખડી, કોડવડી, ડોડવા, મોર પગલા, વગેરે...

સને ૧૯૪૭માં સિંધીઓ આવ્યા, તેમણે સિંધી શૈલીના નાકાભરતનો બહોળો પ્રસાર કર્યો'તો. મશીન–ભરતની મોહિનીએ હાથે ભરવાનું છોડવા માંડયું. અરધુ–પરધુ ભણેલી સ્ત્રીઓએ લોકભરતને દેશીગામીણ ગણીને કાઢી નાખવા માંડયા, જયારે જુના દેશીભરતમાં આકરો આળેખ સ્ત્રી કે પુરૂષના હાથે ચીતરીને ભરતાં, તેથી તે ભરતમાં વિવિધતા દેખાતી એક નમુનો બીજાથી જુદો પડતો. જયારે આધુનિક કાળમાં બીબાછાપ ભરતમાંથી વિવિધતા ચાલી ગઇ. આમ જુનુ ભરત ખરેખર કળા, કારીગરી અને સાસ્રદર્યની દ્રષ્ટિએ બહુ જ સુંદર છે. કારણ કે લોકભરત તો નારીના કસબ છે. જે દ્વારા તેની ઉર્મિનું આલકંન કરી શકાય છે. તેથી ભરત દ્વારા જ ગૃહજીવનને રૂપાળુ બનાવી શકાય છે. નારી માત્ર ઘરનો તેમજ ધરતીનો શણગાર તો છે જ, જેણે નવખંડ ધરતીમાં રૂપ સજાવ્યા છે. તેથી લોકગીતમાં ગવાય છે.

નવખંડ ધરતીમાં બાળ બે જણા,
ન્યાં છે નર ને નાર્ય વધાવો રે આવ્યા,
આભે વરસાવ્યા મેવલા,
ધરણીએ દીધા શણગાર વધાવો રે આવ્યા.

જેમ પૃથ્વી ગોળ છે. તેવી જ રીતે જે સારી વસ્તુ છે, તે પણ પાછી ફરીને આવે જ છે. એમ આજે નવરાત્રિ, લગ્ન પ્રસંગ તેમજ સારા પ્રસંગે પહેરાતા કપડાને હવે પરંપરાગત સિવાય છે. તેમાં લોકભરતના જુના ભરેલા કપડાનાં પંચ તેમજ અલગ અલગ રીતે ડિઝાઇન કરીનેતેનો ઉપયોગ ફરી પાછો છેલ્લા બે–ત્રણ દાયકાથી શરૂ થયો છે. બહુજ સારી વાત છે કે આજની પેઢી ફરી લોકભરતને યાદ કરીને તેની કિંમત કરતો થયો છે. પહેલા કરતાં તો હવે બહુ જ ઓછા પ્રમાણમાં લોકભરત મળે છે. માટે બહુ મોંઘુ બજારમાં વેચાય છે તેમના કારણે હવે તેમાંથી બનતા એન્ટીક ડ્રેસોની કિંમત પણ ખુબ જ ઉંચી હોય છે. પણ તેની સામે સસ્તા ડ્રેસ પણ વેચાય છે. જે મશીન ભરતથી ભરેલા હોય છે. પણ તે ભરતકામ પાંખુ પાંખુ હોય છે .જુનું ભરતકામનો ચાહક વર્ગ નવા ભરતકામને સ્વીકારતો નથી. એટલે આજે જુના ભરતનો પણ જમાનો ફરી આવ્યો હોય તેવો માહોલ જોવા મળે છે.



# ‘વાતોનું વિચારવા જેવું વિજ્ઞાન - ૬’ : વાતોના પ્રયોગો

● ડૉ. વિષ્ણુ પ્રજાપતિ

આપણે ગાંધીબાપુના સત્યના પ્રયોગો વિશે સાંભળ્યું છે પણ વાતોના પ્રયોગો વિશે ક્યારેય વિચાર્યું નહી જ હોય. વાતોમાં તો શું કોઇ પ્રયોગો હોય ખરાં ? ખરેખર તો વાતચીતમાં આપણે જાણ્યે અજાણ્યે અનેક પ્રયોગો કરતા આવ્યા છીએ અને કરતા હોઇએ છીએ. આ તમામ પ્રયોગોનો આશય તો આપણને સાંભળી રહેલા સામેના પક્ષના વ્યક્તિને પોતાની વાત ગળે ઉતારવાનો હોય છે. આ ગળે ઉતારવી એ પણ એક વાક્ય પ્રયોગ છે. ખરેખર તો ગળે તો ફક્ત હવા, પાણી અને ખોરાક જ ઉતરે છે પણ લોકબોલીમાં તો વાતને પણ ગળે ઉતારવાની કહેવત છે. વાત ગળે ઉતરવીનો અર્થ તે વાત સમજણમાં આવવી તે થાય છે. કોઇના વાત ગળે ઉતારવી કંઇ સહેલી નથી. આ ગળે ઉતારવા આજે સૌ કોઇ પોતપોતાની રીતે વાતોના અનેક પ્રયોગો કરી રહ્યા હોય છે. નાના બાળકની કાલીઘેલી ભાષા હોય કે કદાવર નેતાના ભાષણો, સ્ત્રીના સંવેદનાસભર શબ્દો હોય કે કોઇ વ્યક્તિની વ્યવસાયિક વાતો, દરેકમાં કોઇને કોઇ પ્રયોગ થતો જ રહેતો હોય છે.




વ્યક્તિને જેમ રૂપ, રંગનું આકર્ષણ હોય છે તેમ વાતોનું પણ એક ગજબનું આકર્ષણ હોય છે. કોઇની મીઠી બોલી, મીઠા ગીતો, મીઠી ભાષા, મીઠા ઉપદેશો વગેરે સાંભળવા તો આજે મોટી મોટી સભાઓ ભરાય છે. આ સભાઓ પણ ખરેખર તો વાતોના આકર્ષણનો જ એક ભાગ છે.

પ્રકૃતિમાં માણસો સિવાય અન્ય કોઇ પશુ પક્ષીમાં તમે ક્યારેય જોયું ખરૂં કે કોઇ એક બોલે અને બીજા કાન માંડીને તેને સાંભળતા હોય ? ખરેખર તો બધા પોતપોતાની મસ્તીમાં પોતાના અવાજો લલકારતા હોય છે. ખરેખર તો માણસોમાં



વાતો સાંભળવાની જે તાલાવેલી છે તેવી તાલાવેલી અન્ય જીવોમાં નથી. આ સાંભળવાની તાલાવેલીએ તો સ્પર્ધા ઉભી કરી છે અને તેના કારણે ઉત્તમ ગાયક, ઉત્તમ વક્તા, ઉત્તમ કથાકાર વગેરેનો ઉદભવ થયો છે.

હવે અહીં જ વાતોના પ્રયોગોનું ઉદગમ સ્થાન શરૂ થાય છે. આજે સૌ કોઈને સાંભળનારાઓની જરૂર છે. જ્ઞાન, ઉપદેશ, વિચાર વગેરેને પીરસવા તો છે પણ સામે ખાનાર તો જોઈએ ને? ખાનાર એટલે કે વાતોનું રસપાન કરનાર. હવે જેના વાતોના પ્રયોગો ઉત્તમ તેને તેમની વાતોના રસપાન કરવાવાળા વધુ મળે છે. રોજબરોજમાં તમે અનુભવ્યું હોય તો કોઇકની વાતો સાંભળવી તમને ગમે છે જ્યારે કોઇકની વાત કરવાની એવી આદત હોય છે કે તેના શબ્દો સાંભળીને આપણે દૂર ભાગવાની તૈયારીઓ કરી લઈએ છીએ.

> **વાતને મથવાથી ખરેખર દુઃખ ઉપજતું હોય તો તેને વહેલામાં વહેલી તકે ટાળી દેવી જોઈએ અને જો આ વલોણામાં કોઈના દુઃખ વલોવાઈને તેમાંથી સુખનો સૂરજ ઉગતો હોય ત્યારે તેના દુઃખનો કીટ્ટ ભાગ નીકળી જાય એટલે તે વલોણું બંધ કરીને સત્વ ભાગની મજા લેવી જોઈએ.**

હું અહીં આ વિશાળ વાતોના સામ્રાજ્યમાંથી આપણી રોજિંદી વાતોની દુનિયામાં આવું છું જ્યાં અનેક લોકો વાતોના પ્રયોગો કરીને કુશળતા મેળવી લેતા હોય છે. તમારી પાસે આવતો કોઈ સેલ્સમેન, હોટલનો રીસેપ્સનીસ્ટ, રેસ્ટોરન્ટનો માસ્ટર, કુશળ ઈન્સ્યોરન્સ એજન્ટ, ચબરાક પુરુષ કે સ્ત્રી બધામાં વાતોના અનેક અવનવા પ્રયોગો જોવા મળે છે.



વાતોનો પ્રયોગ એટલે કોઈ મસ્કા, ચાપલૂસી કે લોકોને ગોળ ગોળ કરી નાંખવા તે નથી. વાતોના પ્રયોગ એટલે વાતોનો શિષ્ટાચાર, વાતોની શિસ્ત અને વાતોનો વ્યવસ્થિત વ્યવહાર છે. વાતોનો પણ અરસપરસ એક વ્યવહાર છે. જેને ઉદાહરણથી કહું તો જ્યારે આપણે કોઈ અપરિચિતનું નામ પૂછીએ ત્યારે જો તે વ્યક્તિને આપણાંમા રસ હશે તો તેનું નામ જણાવશે અને સામે તે તમારુ નામ પણ પૂછી લેશે. આમ વાતોનો એક વ્યવહાર પૂરો થયો. પછી ગામ, વ્યવસાય વગેરે વગેરેનો વ્યવહાર થાય છે. આ વાતોના શિષ્ટાચાર, શિસ્ત અને વ્યવહારમાં આપણે ઘણાં પ્રયોગો કરતા હોઈએ છીએ અને તે જાણવા ખરેખર જરૂરી છે.

વાતોના પ્રયોગોનો આશય સામેના વ્યક્તિનો અભિપ્રાય, જ્ઞાન અને ઉદ્દેશ જાણવાનો હોય છે. વળી, ક્યારેક આપણી વાતને તેને બરાબર સમજાવીને તેને માહિતગાર કરવાનો કે બાટલીમાં ઉતારવાનો પણ ખરો ને...! વાતો એટલે આપણું જીભવગું ઉત્તમ માધ્યમ કે જેના દ્વારા આપણે અનેક ધાર્યા કામ પાર પાડી શકીએ છીએ. આ જીભવગા સાધન દ્વારા થતાં કેટલાક વાતોના પ્રયોગો જોઈએ.

### વાતોનો પ્રયોગ નં -૧ - વાતવાતમાં વલોણું

આપણે વલોણું જાણીએ છીએ કે દહીંને વલોવવા માટે વલોણું વપરાય છે અને તે દહીંને વલોવી માખણ કાઢી આપે છે. કેટલાક લોકોને વલોણાની જેમ વાતોને ગોળ ગોળ ફેરવવાની અને તેને મથવાની આદત ધરાવતા હોય છે. કેટલીક વાતોના જથ્થામાંથી જ્યારે તેનો નીચોડ કે તેનો અર્ક કાઢવાનો હોય ત્યારે આ પ્રયોગ ઉપયોગમાં લેવાય છે. કેટલાક લોકો આ પ્રયોગમાં માહેર હોય છે. તમારી ચર્ચામાં ગમે તેટલી વાત બદલવા ચાહો તો પણ આખરે કોઈપણ રીતે તે વ્યક્તિ તે મુદ્દો ફરી વચ્ચે મુકીને તેનું મંથન કરવા મજબૂર કરી જ દે છે.

આ પ્રયોગની હકારાત્મકતા જોઈએ તો ચર્ચાના અંતે ખરેખર કોઈ ક્યાસ નીકળે છે અને તેનાથી કોઈ ચોક્કસ નિર્ણય લેવાય છે. આ પ્રયોગની નકારાત્મકતા પણ છે, જેમ કે કેટલાક લોકો એવા હોય છે કે જે વાત ખરેખર દુઃખ ઉપજાવે તેવી છે અથવા કોઈ જુની વાત ઉખેળીને મડદાં જ ઉખેળવાના હોય છે ત્યારે આ પ્રયોગથી બધા દુઃખી થાય છે અને વાતચીત કરનારા વચ્ચે ગજગ્રાહ, મતભેદ અને મનભેદ થવા લાગે છે.

આ વાતના પ્રયોગથી કોઈના છુપાયેલા જ્ઞાનને કે કોઈના હૃદયમાં છુપાયેલી વાતને પણ કાઢી શકો છો. જો કે તેના માટે મહારથ હોવી જરૂરી છે.

આ પ્રયોગમાં વાતનું ટોસીંગ અને ટેસ્ટીંગ થયા કરે છે. જેમ કુંભાર ઘડો બનાવતી વખતે પોચી માટીને ખૂબ જ

સાવચેતીપૂર્વક આકાર આપે છે તેમ વાતની પણ માવજત કરીને તેનો રસ જાળવી રાખવો પડે છે. ખાસ કરીને સ્ત્રીઓ જ્યારે આ પ્રયોગનો ઉપયોગ કરે છે ત્યારે તેનો આશય પેલી શું કેતી'તી? અને તેને આમ કેમ કીધું ? જેવા વ્યર્થ વિખવાદોમાં ખેંચાઇ જાય છે.

વાતોનું વલોણું પ્રયોગ જ્ઞાનવર્ધક બને, સર્વહિતકારી બને અને ઠોસ નિર્ણયાત્મક બને ત્યારે કરવો જોઇએ. વાતને મથવાથી ખરેખર દુઃખ ઉપજતું હોય તો તેને વહેલામાં વહેલી તકે ટાળી દેવી જોઇએ અને જો આ વલોણામાં કોઇના દુઃખ વલોવાઇને તેમાંથી સુખનો સૂરજ ઉગતો હોય ત્યારે તેના દુઃખનો કીટ્ટ ભાગ નીકળી જાય એટલે તે વલોણું બંધ કરીને સત્વ ભાગની મજા લેવી જોઇએ.

### વાતોનો પ્રયોગ નં -૨ - ઓહ, એમ વાત છે..!

વાતવાતમાં આ વાક્ય 'ઓહ એમ વાત છે...!' નો પ્રયોગ સૌ કોઇ કરે છે. આ પણ વાતોનો એક પ્રયોગ જ છે. કોઇ વાત સાંભળીને આશ્ચર્ય અનુભવીને આપણે સામેના પક્ષને આગળ વાત કરવા મજબૂર કરીએ છીએ અને જેમ ઉંદર તેનું દર બનાવવા જમીનમાંથી જેમ ધીરે ધીરે માટીને કાઢે છે તેમ વાત કઢાવવા વચ્ચે વચ્ચે આ શબ્દપ્રયોગ કરાય છે.

**વાતોના આ પ્રયોગમાં વાત કાઢવાની કળા છુપાયેલી છે. આજે અનેક લોકો આ કળામાં માહેર છે. આ પ્રયોગથી વાતની નાની નાની હકીકતને જાણી શકાય છે. સામેનો વ્યક્તિ તમારામાં વિશ્વાસ રાખીને કોઇ વાતને વિસ્તારથી જણાવવા ઉચ્છુક છે કે નહી તે જાણી શકાય છે.**

કોઇ નવી વાત હોય અને આ પ્રયોગ કરીએ તે યોગ્ય છે પણ અનેક લોકો બધુ જાણતા હોવા છતાં સાવ અજાણ બનીને પણ 'ઓહ.. મને ખબર જ નથી કે એમ વાત છે...!' એમ કહીને ફરી ફરીને વાતનો ક્યાસ કાઢવાનો પ્રયાસ કરે છે તે પોતાના સાથે જ થતો પ્રપંચ છે.

વાતોના આ પ્રયોગમાં વાત કાઢવાની કળા છુપાયેલી છે. આજે અનેક લોકો આ કળામાં માહેર છે. આ પ્રયોગથી વાતની નાની નાની હકીકતને જાણી શકાય છે. સામેનો વ્યક્તિ તમારામાં વિશ્વાસ રાખીને કોઇ વાતને વિસ્તારથી જણાવવા ઉચ્છુક છે કે નહી તે જાણી શકાય છે. વાતની સત્ય હકીકત, વાતનું મૂળ સ્વરૂપ કે વાતની વાસ્તવિકતા પણ આ પ્રયોગથી આસાનીથી જાણી શકાય છે. 'ઓહ, એમ વાત છે..!' આ પ્રયોગ જ્યારે સામેનો વ્યક્તિ કોઇ વાતની હૃદયથી રજૂઆત કરતો હોય ત્યારે જ કરવો. આ પ્રયોગ વખતે સામેવાળાને દુઃખ ન પહોંચે તેની પણ કાળજી લેવી જોઇએ. ઘણીવાર તે વ્યક્તિ તેના જીવનની કોઇ દુઃખભરી કે વ્યથાભરી વાત પણ કરી રહ્યો હોય ત્યારે તે હકીકતને જાણીને સાંત્વના આપવા તત્પર રહેવું જોઇએ. આ પ્રયોગમાં વાતના વિસ્તાર કરતા વાતનું હાર્દ સમજવું ખૂબ જ જરૂરી છે.

### વાતોનો પ્રયોગ નં -૩ - સો વાતની એક વાત


આપણે વાતવાતમાં આ વાક્ય બોલતા હોઇએ છીએ કે 'સો વાતની એક વાત'. ઘણીબધી વાતો કર્યા પછી કે ઘણીબધી વાતોના ચક્કરો કાપ્યાં પછી આપણે આખરે જે મુખ્ય વાત પર આવવાનું છે અને તે વાત સાથે સામેના પક્ષની સહમતિ ચાહીએ છીએ ત્યારે આ વાક્યપ્રયોગ કરીએ છીએ. આ વાક્યનો અર્થ આપણે જાણીએ છીએ કે આખરે હવે પોતે જે કહી રહ્યો છું તેનો જ સ્વીકાર કરવો તે મારો પક્ષ છે.

'સો વાતની એક વાત' વાક્ય આપણી વાતોમાં અવારનવાર આવે છે. ઘણાંને તો વાતવાતમાં આ વાક્ય કહેવાની આદત પડી ગઇ હોય છે. સો વાત કરીને આખરે એક વાત સાથે સહમતિ સાધવા આ છેલ્લો પ્રયોગ હોય છે. સો વાત એટલે કઇ વાત ? ઘણી લાંબી ચર્ચામાં વહેંચાયેલી કેટલીયે વાતો એટલે સો વાત અને તેમાંથી છેલ્લે આવેલ એક નિચોડ એટલે સો વાતની એક વાત.

આ પ્રયોગ અદાલતના ન્યાયાધિશ જેવો છે. બન્ને તરફના પક્ષકારોની દલીલો સાંભળ્યા પછી છેલ્લે જે હુકમ કરે છે તે પ્રકારનો હુકમ એટલે જ 'સો વાતની એક વાત'. આ પ્રયોગ ઘરનો મોભી, સૌથી વધુ અનુભવી અને ખરેખર હકીકત જાણનારે જ કરવો જોઇએ. આજે પોતાની વાત જ બધા સ્વીકારે તેવી આદત સૌને પડી ગઇ છે. ઘણીવાર ફક્ત દબાણવશ જો બધા આ પ્રયોગને સ્વીકારશે તો આખરે દરેકને નુકશાન ભોગવવું પડે છે.

સો વાતની એક વાત એક પોતાનો હુકમ ન બને તેનું ધ્યાન રાખીને કહેવું જોઇએ. આ વાક્યપ્રયોગમાં ઘણીવાર જ્ઞાન કરતા ગર્વ અને અહંકાર વધારે છલકાતો હોય છે.

વાતોના વલોણાથી આપણે ઓહ એમ વાત છે સમજ્યા અને સો વાતની એક વાત કરી દીધી. વાત ખરેખર સામાન્ય લાગતી પ્રક્રિયા છે પરંતુ જ્યારે તેના ઊંડા ચિંતનમાં ઉતરીએ છીએ ત્યારે ખ્યાલ આવે કે આપણું મન અને બુધ્ધિ આપણને વાતોના માધ્યમથી કેવા કેવા પ્રયોગો કરાવે છે ? આ બુધ્ધિ અને મનના બીજા ખેલો જોઇશું આગળના અંકમાં... ત્યાં સુધી તમે પણ વાતોના પ્રયોગો અજમાવતા રહો.



**Wishes everyone**
**Happy Diwali &**
**Prosperous New Year**

Glory Star

Diamond Manufacturers, Importers & Exporters

Glory Star, 702C - B Wing, Tanvi Diamoda, S. V. Road, Dahisar(East), Mumbai: 400 068.

Copyright Reg. No. A-63597/03

Central®


COPY RIGHT
Reg. No. A-63597/03
Reg. Trademark No. 1009900




સેન્ટ્રલ®

**CENTRAL IS REGISTERED TRADE MARK OF CENTRAL ENGINEERING CORPORATION**




**DESIGNERS, ENGINEERS & MANUFACTURERS OF TURNKEY PROJECTS**

**Pradeep R. Gajjar**

## Central Engineering Exports
## Central Engineering Corporation

Bhaktinagar Station Road, Rajkot-360 002. (INDIA) | Mobile : +91-98258 09929, 72260 09929, 77779 39560
E-mail : centralpr@gmail.com | web site : www.centralrajkot.com


CHHANIARA
Gujarat's only retail display solutions company.
SUPER MARKET SHELVING SYSTEM
GARMENT DISPLAY SYSTEM
ORGANISED RETAIL SYSTEM
we make rooms into showrooms...
CHHANIARA ENGINEERS PVT. LTD.
Chhaniara Building, Opp. S.B.I., Gondal Road, Rajkot.
Ph.: 0281 - 2223783, Mo.: 098250 75023, 097245 02707
E-Mail: info@chhaniara.com, chhaniara1@yahoo.com
Web: www.chhaniara.com
TÜV SÜD
ISO : 9001-2000


Silva
Mfrs. All Types of
Plastic Packaging Machines
Shrink Tunnel
Blister Forming
Twin Head
Liquid Filling
Single Chamber
Vaccum Packing
Automatic
Pouch Packing
Powder
Filling
Continue Bag
Sealing
PACK-WELL ENTERPRISE
17-Bhaktinagar Station Plot, Godown Road,
Nr. Ambika Weigh Bridge, Rajkot-2
Mob. 98242 10321 / 88661 99969
E-mail : packwellenterprise@gmail.com
Website : www.pack-well.com


Ratibhai Mistri
Mo. +91 97276 22202
Hardik Sondagar
Mo. +91 76001 41007
OM
CORPORATION
All types of aluminium door & window hardware
Punit nagar Main Road, B/h. Rajkamal petrol pump,
Near Suvidha Compressor, Rajkot - 360004.
E-mail : om.corporation27@gmail.com


દીપોત્સવી પર્વની
હાર્દિક શુભકામના...
Nitin V. Panchasara
Mo. : 99135 40304
Keval N. Panchasara
Mo. : 98259 40307
गीता
Geeta
Mould Tech
Foundry's Dies, Pattern & CNC/VMC Job
1, Patel Nagar, 80 Feet Road,
Nr. Sorathiyawadi Circle, Rajkot - 360002.
(Gujarat - India),
E-mail : geetamouldtech@gmail.com


॥રામ॥
સર્વેને દીપોત્સવી પર્વનીની હાર્દિક શુભકામના...
મહેશ વિરમગામા - ૯૯૨૫૪ ૦૯૯૪૨
૯૪૨૬૨ ૬૦૦૯૬
સંદિપ
બોડી વર્કસ એન્ડ ફેબ્રીકેશન
અતુલ શકિત થ્રી વ્હીલર્સ,
સ્ટાન્ડર્ડ ડબા, પીયાગો રીક્ષાના સ્પેશ્યાલીસ્ટ
ગોંડલ રોડ, ૮-બી નેશનલ હાઈવે, શાપર ચોકડી,
પરફેકટ હોટલની બાજુમાં, શાપર(વેરાવળ)



# આત્મવિશ્વાસ જીવનઘડતરનો પાયો છે

● નટવર આહલપરા

'આ કામ મારાથી થઇ શકશે નહીં.' એવું તમે સ્વપ્નમાં પણ વિચારશો નહીં. આમ વિચારવાથી તો તમે સફળતાથી દુર ને દુર જતા રહેશો. જો તમારે જીવનમાં સફળ થવું જ હોય, તો તમે તમારી જાતને કહેજો કે, હું કોઇ સામાન્ય આદમી નથી.

હું નિરાધાર નથી, હું નિષ્ફળ જવા સરજાયો નથી. સફળતા મારો જન્મસિદ્ધ અધિકાર છે. કોઇપણ ભોગે તે હું હાંસલ કરીશ જ. જગતની કોઇ તાકાત મારું ધ્યેય હાંસલ કરતાં મને અટકાવી શકે તેમ નથી.

રાષ્ટ્રીય શાયર મેઘાણીજીના બુલંદ શબ્દોને યાદ કરીએ :

ઘટમાં ઘોડા થનગને, આતમ વીંજે પાંખ;
અણદીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ.

મેઘાણીની પંક્તિમાં જુસ્સો છે. યુવાન વયે મનના અતલ ઉંડાણમાં કંઇક મેળવવાના ઘોડા થનગની રહ્યા છે. અજાણી દિશામાં સાહસ કરી આત્મા ઝંખી રહયો છે. કેટલો દૃઢ વિશ્વાસ ?

આત્મવિશ્વાસપૂર્વક ઉચ્ચારાયેલા આ શબ્દો તમને એવા કાર્યો તરફ દોરી જશે કે, જે તમને તમારું ધ્યેય સિદ્ધ કરી આપશે. વિશાળ સાગરમાં એક નાની કાંકરી ફેંકતા જ જબરદસ્ત તરંગો પેદા થાય છે. ઘનઘોર અંધકારથી છવાયેલા આકાશમાં વીજની માત્ર રેખા પ્રકાશનો તેજલિસોટો દોરી જાય છે.

દુર વૃક્ષ પર બેઠેલા પક્ષીની ઝીણી આંખને અર્જુને વીંધી હતી. માટીની મૂર્તિને બનાવીને ભીલકુમાર એકલવ્ય અકલ્પ્ય વિદ્યા શીખ્યો હતો. રામકૃષ્ણ પરમહંસની આંખમાંથી અજબ પ્રકાશની ઝાંખી પ્રાપ્ત કરનાર સ્વામી વિવેકાનંદ માનવમાંથી મહામાનવ બન્યા હતાં. પોરબંદરનો એક બાળક કર્મયોગ, જ્ઞાનયોગ અને ભકિતયોગનો ત્રિમૂર્તિ પુરુષ તરીકે લેખાયો એ ગાંધીને આપણે કેમ ભૂલી શકીએ ?

ઉપરાંત રવીન્દ્રનાથ ટાગોર, સુભાષચંદ્ર બોઝ, વિક્રમ સારાભાઇ, ધીરુભાઇ અંબાણી જેવા માનવોના સંસ્કારમાં આત્મવિશ્વાના બીજ રોપાયા હતાં. આ તો માત્ર ઉલ્લેખ જ હતો.

પરંતુ જગતનો મહાન વિવેચક પ્લેટો કહે છે કે, જેને ઇશ્વરમાં શ્રદ્ધા છે તેને આસ્તિક કહી શકાય, પરંતુ જેને પોતાની વ્રતમાં શ્રદ્ધા નથી અથવા તો આત્મવિશ્વાસ નથી તે તો નાસ્તિક જ છે.મનુષ્યના જીવનઘડતરમાં કેટલીયે બાબતો આંધીની માફક ક્યારેઆવે છે, ક્યારે જાય છે એનો ખ્યાલ સુદ્ધાં પણ રહેતો નથી. ગરીબ માબાપનો એકનો એક પુત્ર શ્રવણ માબાપને એક દિવસ જાત્રા કરાવશે એવી ટેકને પોતાના દૃઢ વિશ્વાસ દ્વારા જ સફળ કરી શક્યો હતો.

પછી ભલે એ તરસ્યા માબાપ માટે પાણી લેવા જતા દશરથના તીરે વિંધાયો. પરંતુ વિંધાયા પહેલા એનું તીર આત્મવિશ્વાસને વિંધી ગયું હતું.

જો વ્યકિત પોતાની જાત પર વિશ્વાસ સંપાદિત કરે તો એનું વ્યકિતત્વ અચુક પ્રભાવશાળી બને જ. દરેક માણસને પોતાની પ્રતિભા ખીલવવાની અભિલાષા હોય એમાં કોઇ સંદેહ નથી. પછી તેના માધ્યમો, પ્રસ્તુતિ ભલે અલગ અલગ હોય પરંતુ આ બધાં જ ફાંટાઓ એક જ જગ્યાએ આવીને મળે છે.

અકબર બાદશાહના કુશાગ્ર સેનાધિપતિ બિરબલના કોયડાઓ બહુ જ બુદ્ધિ માંગી લે તેવા હતાં. તેણે આપેલા કોયડાના ઉત્તરો હંમેશા નિર્ધારિત જ હોય. તેનું સબળ કારણ હતું તેનો 'આત્મવિશ્વાસ'.

ગુરુ દ્રોણને જાણ થતાં ભીલકુમાર એકલવ્યને શિક્ષા આપવાની તેમણે ના પાડી. એકલવ્ય તરીકે ખ્યા થયેલા આ ભીલકુમારે પોતાનામાં આત્મવિશ્વાસનું સંપાદન કરી ગુરુ દ્રોણની માટીની પ્રતિકૃતિ બનાવી અકલ્પ્ય બુદ્ધિ પ્રતિભા હાંસલ કરી. આ શું બતાવે છે ?

પ્રત્યેક માનવી ઇતિહાસમાં બનેલા બનાવો, મહાગ્રંથોમાં સર્જાયેલી ઘટનાઓ કે પછી ધર્મગ્રંથોમાં જુદી જુદી જગ્યાએ સંગ્રહિત થયેલા આત્મવિશ્વાસને ગ્રહણ કરશે તો પોતાની જીવન ઇમારતનો પાથી નક્કર રીતે પુરી શકશે. ચંદ્ર ઉપર ગયા બાદ માનવીને એક વાત સહજ લાગી હશે. પરંતુ એ પહેલાં વિશ્વસનીય નહીં લાગી હોય.


મનુષ્ય પોતાના જીવનમાં એક જ પળ આત્મવિશ્વાસનું સંપાદન કરી તો એ પળ કદાચ સાગરમાં ફેંકેલી કાંકરી દ્વારા ઉત્પન્ન થયેલા તરંગ જેવું હશે. તો વળી, પોતાના જીવનમાં ઘનઘોર આકાશમાં વીજરેખાની માફક ચમકી ઉઠશે. દુર વૃક્ષ પર બેઠેલા પક્ષીની બારિક આંખને વીંધી શકાય તેમ પોતાના જીવનને વીંધી જશે.



# શ્રી વિશ્વકર્મા પ્રભુની અવતાર લીલા અને આધુનિક યુગને સંદેશ

• નટુભાઈ ગજ્જર

આપણા સમાજમાં અનેક દૈવી સ્વરૂપો પ્રગટ થયાં છે અને તેમણે સમાજના ઉત્થાન માટે દિશા સૂચક લીલાઓ કરી છે. આ લીલાઓનું વર્ણન જે તે દેવો માટે લખાયેલ પુરાણમાંથી મળી રહે છે. પુરાણનો સાદો સીધો અર્થ ખાડો પૂરી દઈને સમતળ જગા કરવાનો છે. આધ્યાત્મિક પુરાણો ઋષિમુનિઓએ તેમના અનુભવ અને જ્ઞાનને આધારે તૈયાર કર્યાં છે અને તેમનો મુખ્ય આશય માનવ જીવનમાં જોવા મળતી ઉણપો એટલે કે ખાડાઓને છે સમજ આપી દૂર કરવાનો છે. વિશ્વકર્મા પુરાણ પણ વિશ્વકર્મા દાદાની લીલાઓ ઉજાગર કરી આ દિશામાં વિચાર કરતા કરવા માટેનું એક પુરાણ છે, તેથી દાદાએ કરેલી લીલાઓ જાણવા માટે વિશ્વકર્મા પુરાણનો સઘન અભ્યાસ જરૂરી છે .



પુરાણોમાંથી સુખી અને સરળ જીવન જીવવાનો બોધ મળી રહે છે. માનવીય મુશ્કેલીઓથી ઉભી થતી પરિસ્થિતિનો પરિચય પુરાણ પ્રસંગો દ્વારા કરાવે છે અને આવા સમયે સાવચેત રહેવા માટે લાલબત્તી ધરે છે.

વિશ્વકર્મા દાદાનો અવતાર માનવ જીવનની પાયાની જરૂરિયાતો પૂરી કરવા માટેનો અવતાર છે અને તેથી તેમને સર્જન શક્તિના દેવ માનવામાં આવે છે.

કુટુંબમાં જેમ દાદાનું સ્થાન મહત્વનું છે તેમ દેવોમાં વિશ્વકર્મા દાદા નું સ્થાન મહત્વનું છે. આદિ દેવ તરીકે વિશ્વકર્મા દાદાએ જે લીલાઓ કરી છે તેનો મુખ્ય સંદેશ માયાથી પર રહેવાનો છે અને તેથી જ્યારે શક્તિએ તેમની સાથે લગ્ન કરવાની તૈયારી બતાવી ત્યારે તેમણે તે માટે સ્પષ્ટના પાડી. ત્યારબાદ માયાએ બ્રહ્મા–વિષ્ણુ અને મહેશને જન્મ આપ્યો પરંતુ તેમણે પણ શક્તિને માતા તરીકે સ્વીકારી સૃષ્ટિનો વિકાસ કરવાની બાબતમાં સહકાર ન આપ્યો. પછી લક્ષ્મીજી, પાર્વતીજી અને સરસ્વતીજી નો જન્મ થયો અને સૃષ્ટિનું સર્જન શક્ય બન્યું.

વિશ્વકર્મા પુરાણના આધારે વિચારીએ તો વિશ્વકર્મા પ્રભુનું પ્રથમ કાર્ય પૃથ્વીને સ્થિર કરવાનું છે જે દર્શાવે છે કે સુખી અને સરળ જીવનનો પાયો સ્થિરતા છે અને તેથી જેણે સુખી થવું હોય તેણે સૌ પ્રથમ સ્થિરતા પ્રાપ્ત કરવી જોઈએ.

પૃથ્વીને સ્થિર કર્યા બાદ દાદાએ બ્રહ્મા વિષ્ણુ અને મહેશ માટે સ્થાન નક્કી કર્યાં. આ કામો પૂર્ણ થાય તે પહેલાં વિષ્ણુ અને શિવજીએ પોતાના સ્થાન બાબતે અસંતોષ વ્યક્ત કર્યો અને દાદાના કાર્યમાં વિક્ષેપ કર્યો. કોઈને સોંપેલા કામમાં વિક્ષેપ પાડી અસંતોષ ઉભો કરવાની પરિસ્થિતિને કારણે સહન કરવાનું આવે છે. વિક્ષેપને કારણે સોંપવામાં આવેલ કામગીરીનાં કેવાં માઠાં પરિણામો આવે છે તે દર્શાવવા વિશ્વકર્માજીએ વૈકુંઠ અને કૈલાસ બંને ક્ષતિ યુક્ત કર્યાં જે દર્શાવેછે કે વિશ્વાસ સાથે કોઈને પણ કામ સોંપવામાં આવ્યું હોય ત્યારે અવિશ્વાસને કોઈ સ્થાન ન હોવું જોઈએ. તેમજ કામ પૂરું થાય તે પહેલાં તે માટે નારાજગી વ્યક્ત કરવી જોઈએ નહીં. દાદાએ બ્રહ્માજી માટે બ્રહ્મપુરીની રચના કરી છે તો સમયાંતરે કૃષ્ણ માટે દ્વારિકાની રચના કરી છે .

વિશ્વકર્મા દાદાના જીવનનો પ્રથમ સંદેશ માયાથી પર રહેવાનો છે અને તેથી જ તેમના જીવનના વિવિધ પ્રસંગો આ બાબતે આપણને ચેતવે છે. પુરાણમાં અને જીવનમાં માયા વિવિધ સ્વરૂપે પ્રગટ થાય છે અને ખાસ કરીને આપણો સૌનો અનુભવ છે કે સ્ત્રી કોમળ હૃદયની, માયાળુ અને મમતાથી સભર હોય છે તેથી તેના આ ગુણોનો લાભ લઈ તેના શરીરમાં માયા વિવિધ સ્વરૂપે પ્રગટે છે. આ બાબત દાદાના જીવનમાં આવેલ અનેક સ્ત્રીઓના વર્તન ઉપરથી જણાઈ આવે છે .

માયા સૌંદર્ય સ્વરૂપે સ્ત્રીમાં પ્રગટ થાય છે અને સ્ત્રીનું આ સૌંદર્ય દેવ, દાનવ કે માનવી માટે કેવાં ઘાતક પરિણામો લાવી શકે છે તે બાબત તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. આ બાબત દર્શાવવા લગ્ન વખતે તૈયાર થયેલ પાર્વતીના મોહમાં પડેલા બ્રહ્માજીનું અને પોતાની જ પુત્રીના મોહમાં પડેલા બ્રહ્માજીનું ઉદાહરણ આપી સમજાવાઈ છે. વાસ્તુ જેવી સાદી સીધી વ્યક્તિ પણ નાગ કન્યાને સ્નાન કરતી જોઈ તેના તરફ આકર્ષાય છે અને ભાન ભૂલે છે. આવા પ્રસંગો દર્શાવી પુરાણમાં તેનાં માઠાં પરિણામોના ભોગવવાં પડે માટે માયાથી અળગા રહેવાનો સંદેશ આપવામાં આવ્યો છે. આ બંને પ્રસંગોમાં ભૂલ સમજાતાં બંને માફી માગે છે અને દાદા ભૂલો સુધારવાના ઉપાય બતાવે છે.

બ્રહ્માજીને સૃષ્ટિનું સર્જન કરવાનુ કામ સોંપવામાં આવે છે પરંતુ ખૂબ ટૂંકા સમયમાં દેવોની વધી ગયેલી વસ્તીને કારણે બ્રહ્મપુરી નાની પડે છે ત્યારે બ્રહ્મા પોતાની તકલીફ દાદા પાસે રજૂ કરે છે પરિણામે દાદા સ્વર્ગની રચના કરે છે અને સાથોસાથ સૂર્ય, ચંદ્ર સમુદ્ર વગેરેને પણ યોગ્ય આયોજન કરી તેમનાં સ્થાન નિશ્ચિત કરી આપે છે.

**શુક્રાચાર્યની પુત્રીના અયોગ્ય વર્તનને કારણે કચ જીવન ટૂંકાવવા તૈયાર થાય છે ત્યારે પણ વિશ્વકર્મા પ્રભુ તેને તેમ કરતાં અટકાવે છે અને વૈકુંઠલોકમાં આવેલા સ્તંભને સ્પર્શ કરાવીને કચની આત્મહત્યાની વૃત્તિને વળાંક આપે છે .**

દેવદાનવની લડાઈમાં દાનવોએ તેમના ગુરુ શુક્રાચાર્ય પાસેથી સંજીવની વિદ્યા મેળવી હોવાથી દેવો દાનવો સામે હારી જાય છે ત્યારે તેઓ વિશ્વકર્માજી પાસે જાય છે. દાદા દેવોના ગુરુ બ્રહસ્પતિના પુત્ર કચને શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા શીખવા જવાની સલાહ આપે છે. આ પ્રસંગ એ વાતનો નિર્દેશ કરે છે કે કપરા સંજોગોમાં દુશ્મન સાથે પણ હાથ મિલાવવો જોઈએ .આ પ્રસંગમાં શુક્રાચાર્યની પુત્રીના અયોગ્ય વર્તનને કારણે કચ જીવન ટૂંકાવવા તૈયાર થાય છે ત્યારે પણ વિશ્વકર્મા પ્રભુ તેને તેમ કરતાં અટકાવે છે અને વૈકુંઠલોકમાં આવેલા સ્તંભને સ્પર્શ કરાવીને કચની આત્મહત્યાની વૃત્તિને વળાંક આપે છે .

બીજા એક પ્રસંગમાં શિવજી અને અંધક વચ્ચે યુદ્ધ થાય છે ત્યારે આ બે બળિયાને કારણે ઉભી થયેલી વિપરીત પરિસ્થિતિને હળવી કરવા દાદા વાસ્તુને જન્મ આપે છે અને આમ શેરને માથે સવાશેરનો સિદ્ધાંત અપનાવી એક વિકટ પરિસ્થિતિનો ઉકેલ લાવે છે.

ગાંધી રાજાની પુત્રીના લગ્નમાં ભવ્ય મંડપની રચના કરી દાદા પોતાના ભક્તની અપેક્ષાઓ સંતોષે છે અને શ્રદ્ધાના સ્વરૂપને મહત્વ આપે છે આ શ્રદ્ધાનો જ વિષય વિચારીએ તો માછલીના પેટમાં પહોંચી ગયેલા ઉગ્રસેનને પાછો લાવી દાદા રત્નકલાની શ્રદ્ધા અને ભક્તિને બિરદાવે છે .

ઋષિના શ્રાપને કારણે ઉભી થયેલ પરિસ્થિતિમાંથી પોતાના પતિને બચાવવા અણસોયા પતિવ્રતા વ્રતથી પ્રાપ્ત કરેલ શક્તિથી સૂર્યને અટકાવે છે જેથી રાત પડે નહીં અને તેના પતિનું મૃત્યુ થાય નહીં પરિણામે અંધકાર છવાઈ ગયો અને જીવ માત્ર દુઃખી દુઃખી થઈ ગયા. આ સમયે દાદાએ મધ્યસ્થી કરી પોતાના તપોબળથી અણસોયા અને તેના પતિને યુવાની બક્ષી અને પૃથ્વી પરના લોકોનું દુઃખ દૂર કર્યું .

નાગ કન્યાના શ્રાપથી અંધ બનેલા વાસ્તુને દાદા અષ્ટાવક્ર પાસેથી લોચન મેળવવાનું જણાવી તેનો અંધાપો દૂર કરે છે .

ગીધમુખ બદ ઈરાદાથી ઈલાને ઉપાડી જાય છે. ઈલા સમજપૂર્વક કામ લઈ તેને પોતાનો ભાઈ બનાવે છે. ગીધ મુખને પોતાના કૃત્ય માટે પસ્તાવો થાય છે અને પોતાની આંખો ફોડી નાંખે છે દાદા ઈલાના કહેવાથી તેને દર્શન આપવા આંખો આપે છે આવા જ બીજા પ્રસંગે પોતાની ભૂલને કારણે આલોચ વિદ્યા ગુમાવનાર પોતાના પુત્ર શીલ્પીને દાદા માફ કરતા નથી પરંતુ ઈલા તેમને સમજાવે છે ત્યારે દાદા આ બંને પ્રસંગે એક પિતાના પુત્રી પ્રત્યેના લાગણીભર્યા સંબંધનું દર્શન કરાવે છે.

દાદા ક્ષમાનું પણ સ્વરૂપ છે. બ્રહ્માજીએ કરેલી ભૂલોથી મુક્તિ અપાવવા દાદા તેમની પાસે યજ્ઞ કરાવે છે

અસ્પૃશ્યતા નિવારણના આધુનિક વિચારોને દાદા વેગ આપે છે અને પ્રસ્થાપિત કરે છે કે કોઈ નાનું નથી કોઈ મોટું નથી. આ વાત રજૂ કરવા માટે અત્રિ ઋષિનો પ્રસંગ રજૂ કરવામાં આવ્યો છે. અત્રિ ઋષિ પોતાનાથી નીમ્ન કક્ષાના શુક્રાચાર્યની પુત્રી સાથે લગ્ન કરવાની ના પાડે છે ત્યારે દાદા એવા સંજોગો ઊભા કરે છે કે અત્રિએ માછીમારની દીકરી સાથે લગ્ન કરવું પડે છે અને અત્રિ પોતાની ભૂલ કબૂલ કરે છે.

વક્ટાસુરનો પ્રસંગ માનવીય વૃત્તિનો પરિચય કરાવે છે .પોતાની અપેક્ષા સંતોષવા વક્ટાસુર પાર્વતીજીને સમજાવે છે, તેમનું તપ કરે છે અને તેમની પાસેથી અમરત્વને સમકક્ષ વરદાન મેળવે છે , પરંતુ સ્ત્રીમાં રહેલી મર્યાદાને કારણે તેમજ પોતાનામાં રહેલી માયા વડે વાસ્તુ પાર્વતીજીનો પુત્ર બને છે અને મમત્વ કેળવી વક્ટાસુરની પત્ની અને દાસી પાસેથી વક્ટાસુરના મૃત્યુનું રહસ્ય જાણી લે છે અને ખોટી અપેક્ષાઓનો અંત લાવે છે. આ પ્રસંગથી દાદા સંકેત આપે છે કે મૃત્યુને કોઈ રોકી શકતું નથી.

અભિમાન માનવીનો સૌથી મોટો દુશ્મન છે તે બાબત વિશ્વકર્મા દાદાના જીવનના ઘણા બધા પ્રસંગોને આધારે દર્શાવાયું છે. ખાસ કરીને મનહરચંદા નામની અપ્સરા સ્વર્ગમાં દેવોને રાજી

કરતી હોય છે ત્યારે દુર્વાસા ઋષિ ત્યાં આવી પહોંચે છે. મનહરચંદા ઋષિ તરફ ધ્યાન પણ આપતી નથી અને તેમની ઉપસ્થિતિને અવગણે છે પરિણામે દુર્વાસા તેને શ્રાપ આપે છે. અભિમાનને કારણે મનહરચંદાને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ પ્રસંગ દર્શાવે છે કે મહત્તા ધરાવતી વ્યક્તિઓનું માન જાળવવું જોઈએ નહીં તો દુઃખી થવાનો વારો આવે.

દાદાના જીવનના પ્રસંગોમાં કન્યાદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું છે. પિતાની ઈચ્છા ન હોવા છતાં પાર્વતીજી શીવજી સાથે લગ્ન કરવા તૈયાર થાય છે અને રત્નાકલા પોતાના પતિની પસંદગી જાતે કરે છે આવા પ્રસંગો દર્શાવે છે કે લગ્નની બાબતમાં યુવાન દીકરીની ઈચ્છાને પણ મહત્વ આપવું જોઈએ. આમ છતાં એવો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે કે કન્યા માટે વર શોધવાનું કામ કોઈ અનુભવી અને વિશાળ ક્ષેત્રનો અનુભવ ધરાવતી વ્યક્તિને સોંપવું જોઈએ. આ બાબત ધ્યાનમાં રાખી દાદાની પુત્રી રન્નાદે માટે વર શોધવાનું કામ નારદજીને સોંપવામાં આવ્યું હતું અને નારદજીએ સૂર્યદેવને રન્નાદેના પતિ તરીકે પસંદ કર્યા હતા.

દાદાની દીકરીનાં લગ્નમાં વાસ્તુ દુર્વાસા અને કુબેરને આમંત્રણ આપવાનું ભૂલી જાય છે. કુબેર સમજપૂર્વક પોતાની ફરજ સમજીને આ પ્રસંગે હાજરી આપે છે જ્યારે દુર્વાસા આ પ્રસંગે હાજર રહેવાનું ટાળે છે. કુબેરનું વર્તન કોઈનો પ્રસંગ સમાધાન કરી સાચવી લેવા જણાવે છે તો દુર્વાસાનો ક્રોધ નડતરરૂપ ન બનવા સમજાવે છે. આ પ્રસંગ દ્વારા એ પણ સમજાવવામાં આવ્યું છે કે પ્રસંગનાં કામો ઘરની વ્યક્તિઓ વચ્ચે વહેંચી લેવાવાં જોઈએ. યોગ્ય વ્યક્તિને યોગ્ય જવાબદારી સોંપવી જોઈએ. આવા પ્રસંગનું યોગ્ય પ્લાનિંગ થવું જોઈએ આ પ્રસંગ પરથી તો એમ પણ જણાય છે કે આસુરીપ્રૃતિનો જન્મ અસંતોષની આગમાંથી થાય છે અને પોતાની અપેક્ષા પૂરી ન થતાં વ્યક્તિ વિવેક અને વિનય ભૂલી જાય છે .આવે સમયે સમજપૂર્વક વર્તન કરવાથી આસુરીવૃતિનો લોપ થાય છે.

વાસ્તુ અને નાગ કન્યાનો પ્રસંગ તેમજ બ્રહ્માજીના જીવનના પ્રસંગો મર્યાદાનું મહત્વ સમજાવે છે અને જણાવે છે કે માનવી ભલે ગમે તેટલો મહાન હોય તેણે મર્યાદામાં રહેવું જોઈએ. મર્યાદા ગુમાવવાથી તેનાં માઠાં પરિણામો ભોગવવાં પડે છે.

દાદાના જીવનમાં ઉદ્ભવેલા પ્રસંગો જીવનમાં અનુભવાતા વિવિધ ગુણ દોષ તરફ અંગુલીનિર્દેશ કરી સાવધાની પૂર્વક વર્તવાનું શીખવે છે.

દાદાના સમગ્ર જીવનને આધારે વિચારીએ તો દાદાના આ પૃથ્વી પરના અસ્તિત્વ સુધીનો યુગ એક મંત્ર યુગ હતો. મંત્રના આધારે ધાર્યાં પરિણામો મેળવી શકાતાં હતાં.

જેમ દરેક બાપને પોતાના સંતાનના ભાવિની ચિંતા હોય છે તેવી જ ચિંતા દાદાને તેમના પુત્રો માટે હતી અને તેથી તેમણે આ હેતુથી પોતાના પુત્રોને આલોચ વિદ્યા શીખવી હતી જેથી તેઓ માત્ર કલ્પનાને આધારે ધાર્યાં પરિણામ મેળવી શકે. આ જ્ઞાન આપ્યા પછી તેમણે પોતાના પુત્રોને ઈન્દ્રનું સિંહાસન તૈયાર કરવા મોકલ્યા પરંતુ દાદાનો જ એક પુત્ર શિલ્પી પોતાના બીજા ભાઈઓ સાથે આ કામમાં ન જોડાયો. પોતાના શંકાશીલ વ્યક્તિત્વને પોષવા માટે તેણે પોતાના જ્ઞાનનો અણઘડ ઉપયોગ કર્યો પરિણામે તેણે જે સર્જન કર્યું તેનાથી અનેક જીવ આપત્તિમાં મુકાઈ ગયા. દાદાને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેમણે પોતાના પુત્રો પાસેથી આલોચ વિદ્યા પાછી ખેંચી લીધી. દાદાના અન્ય પુત્રોને આ કારણે પોતાનુ કામ અધૂરૂં મૂકીને પાછા ફરવું પડ્યું તેમણે દાદાને કરગરીને કહ્યું કે અમે તો કોઈ ભૂલ કરી જ નથી તેથી તેની સજા અમને શા માટે થવી જોઈએ. દાદાએ તેમની આ વિનંતી ગ્રાહ્ય રાખી તેમને ભૌતિક સાધનો આપ્યાં અને કહ્યું કે હવે તમે જે કામ કરશો તે માટે તમારે તમારા હાથ અને તમારાં સાધનોનો ઉપયોગ કરવો પડશે અને તેને આધારે તમારો ભવિષ્યમાં નિભાવ થઈ શકશે. પુત્રોની આ કલાને કારણે સુથારી કામ, લુહારી કામ, સુવર્ણકલા વગેરે અસ્તિત્વમાં આવ્યાં અને માનવીના સુખ, સલામતી અને સૌંદર્ય માટેની વર્તમાન સ્થિતિના નિર્માણ માટે આધારરૂપ બન્યાં.

દાદાના જીવના પ્રસંગો આધુનિક જગતને પ્રેરણા આપનારા છે. જે કોઈ શ્રાપિત વ્યક્તિ તેમને શરણે ગઈ છે તેને તેમણે શ્રાપમાંથી મુક્તિ અપાવી છે અને તકલીફમાં આવેલાની તકલીફ દૂર કરીછે. સામાન્ય રીતે આ બાબત દરેક દેવને લાગુ પડે છે પરંતુ વિશ્વકર્માજીના અવતારની વિશેષતા એ છે કે તેમણે કોઈપણ અપેક્ષા વગર સૌનાં સુખ,સગવડ અને સલામતીનો ખ્યાલ રાખ્યો છે.

આમ વિશ્વકર્માજી એ આ પૃથ્વી પરના આદિ દેવ છે. દૈવી અવતારનું એક અદભુત અલૌકિક સ્વરૂપ છે. દાદા પૃથ્વી પરના પ્રથમ ઈજનેર છે. માત્ર દેવોની જ નહીં સમાજની નાનામાં નાની વ્યક્તિની સુખાકારી માટે અને સલામતી માટેનું કામ તેમણે કર્યું છે.

વેદ પ્રમાણે પંચમુખી વિશ્વકર્માનું સ્વરૂપ પણ છે અને તેમને વાસ્તુશાસ્ત્રના પ્રણેતા તેમજ દિવ્ય શક્તિ ધરાવતા વિશ્વ બ્રાહ્મણ તરીકે પણ ઓળખવામાં આવે છે.

કહેવાય છે કે વિચાર સર્વ કાર્યનો રાજા છે. આજનાં આધુનિક ઉપકરણો, હથિયારો એ બધાં બનાવવાના વિચારનો પાયો વિશ્વકર્મા દાદાનું જીવન છે. વિચાર સંકલ્પનું સ્વરૂપ ધારણ કરે છે અને સંકલ્પ સિધ્ધિમાં પરિણમે છે. સંકલ્પ આગળ વધે છે ત્યારે સર્જન થાય છે . પ્રગતિ અને વિકાસ ઝંખતા વર્તમાન સમાજ માટે વિચાર અને સંકલ્પનું પ્રેરણા સ્રોત વિશ્વકર્મા દાદાની જીવનલીલા છે.


જય વિશ્વકર્મા.

# અદ્યતન સાધનોથી સજ્જ 'ધ રોક્સ જીમ' શ્રી અમુભાઇ ભારદીયાએ ખુલ્લુ મુકયુ









THE ROCK'S GYM

ગોંડલ રોડ પર પાણીના ટાકાની સામે બાજુ દિનપ્રતિદિન વિકાસ પામતા નવા ૮૦ ફૂટના રોડ પર અદ્યતન સાધનોથી સજ્જ એવા 'ધ રોક્સ જીમ'નું તાજેતરમાં શ્રી અમુભાઇ ભારદીયા (ચેરમેન, રવિ ટેકનોફોર્જ પ્રા.લી.)ના વરદ્ હસ્તે મંગલ ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

૮૦ ફૂટના રોડ ઉપર મટુકી રેસ્ટોરન્ટની સામે અનંતભૂમિ નામના કોમ્પ્લેક્ષમાં ૧૭૦૦ ફૂટ જેટલી વિશાળ જગ્યામાં આવેલ 'ધ રોક્સ જીમ'માં ટ્રેડ મીલ, ક્રોસ ચેનલ જેવા ઘણા સાધનોથી સજ્જ છે. બોડી બનાવવા જાડાપણું દુર કરવા તથા સારી તંદુરસ્તી જાળવી રાખવા માટે આજના સમયમાં જીમનો વ્યાપ વધતો જાય છે.એવા સમયમાં 'ધ રોક્સ જીમ'નો આ વિસ્તારમાં થયેલ પ્રારંભને સૌએ આવકાર્યો છે. શ્રી વિનુભાઇ ભારદીયાના નેતૃવમાં શરૂ થયેલ આ જીમનું સંચાલન શ્રી ભાવિન ભારદીયા તથા રાજુભાઇ ભટ્ટ સંભાળી રહયા છે.

આ તેમનું બીજું જીમ છે. પ્રથમ જીમ શાપર-વેરાવળ ખાતે 'ધ મસલ્સ ફેક્ટરી ધ જીમ' પ્રગતિ મોલમાં ગત ડિસેમ્બરથી કાર્યરત છે. તે પણ સારા સાધનોથી સજ્જ અને વિશાળ છે. જેનું સંચાલન પણ ભાવિન ભારદીયા કરી રહયા છે.

'ધ રોક્સ જીમ'ના ઉદઘાટન પ્રસંગમાં મગનભાઇ બોરાણીયા સહિતના ઉદ્યોગપતિઓ, સમાજના અગ્રણીઓ, વિશ્વકર્મા વિશ્વના શ્રી પ્રવીણ ગજ્જર ઉપસ્થિત રહયા હતા. તથા પોલીસ અધિકારીશ્રી અને રાજકીય આગેવાનોએ શુભેચ્છા પાઠવી હતી.



# સરળ રીતે બનાવો દિવાળીની અવનવી મિઠાઇઓ

• શુભદા ભટ્ટી

## (૧) કેસર પેંડા

**સામગ્રી :-**

ભુકકો કરેલ માવો – ૨ કપ
કેસર – ૧/૪ નાની ચમચી
દુધ – ૧ ચમચી
એલચી પાવડર – ૧ ચમચી
દળેલી ખાંડ – ૧/૨ કપ

**બનાવવાની રીત :**

એક નાની વાટકીમાં દુધને હુફાળુ ગરમ કરવું. અને તેમાં કેસર એડ કરીને સારી રીતે મિકસ કરી બાજુ પર રાખવું. એક નોનસ્ટીક પેનમાં માવાને ધીમા ગેસે ૫ થી ૭ મિનિટ સુધી સતત હલાવતા રહેવું. પછી આ મિશ્રણને થાળીમાં પાથરો અને ૨૦ થી ૨૫ મિનિટ સુધી ઠંડુ થવા દેવું. પછી તેમાં કેસર, એલચી, ખાંડ એડ કરીને મિકસ કરવું પછી ફ્રીજમાં અડધો કલાક ડીશ ઢાંકીને રાખી દેવું. પછી તેના નાના પેંડા બનાવી લેવા અને તેને ૮ થી ૧૦ કલાક માટે ફ્રીજમાં સેટ કરવા રાખી દેવા ઢાંકીને પછી સવ કરવા.

❖ ❖ ❖ ❖

## (૨) બદામ કતરી :

**સામગ્રી :-**

બદામ – ૩/૪ કપ
દુધ ગાયનું – ૧/૨ કપ
કેસરના રેસા – ચપટી
ઘી – ૨ ચમચી
સાકર – ૨ ચમચી
એલચી પાવડર – ૧/૨ ચમચી

**બનાવવાની રીત :**

એક બાઉલમાં ગરમ પાણીમાં બદામ પલાળવી. જેને ઢાંકીને ૨ થી ૩ કલાક સુધી પલાળવી પછી પાણી નીતારી



લેવું. બદામની છાલ કાઢી લેવી. બદામને દુધ સાથે મિકસરમાં એડ કરીને તેની સ્મૂધ પેસ્ટ બનાવવી. નાની વાટકીમાં હુંફાળા દુધમાં કેસર પલાળવું. નોનસ્ટીક પેનમાં ઘી ગરમ કરી તેમાં બનાવેલ બદામ પેસ્ટ એડ કરવી અને ૩ થી ૪ મિનિટ સતત હલાવવી. પછી તેમાં સાકર, એલચી પાવડર, કેસર એડ કરી ૨ થી ૩ મિનિટ સતત હલાવવું. ઘી ચોપડેલ થાળીમાં મિશ્રણ પાથરી દેવું અને કતરીના શેઇપ આપી કાપી લેવા. કતરીને ઠંડી થવા ફ્રીજમાં ૩૦ મિનિટ રાખવી.

❖ ❖ ❖ ❖

## (૩) કવીક ચોકલેટ બિસ્કીટ

**સામગ્રી :-**

ડાર્ક ચોકલેટ – ૨ કપ
મેરી બિસ્કીટ – ૧૨ થી ૧૫ નંગ
બદામ/પિસ્તા કતરણ – ડેકોરેશન માટે

**બનાવવાની રીત :**

ચોકલેટને ખમણી લો અને એક બાઉલમાં ૩૦ સેકન્ડ સુધી માઇક્રોવેવ કરી સારી રીતે મિકસ કરી લો.

બિસ્કીટને ચોકલેટ સોસમાં ડુબાડીને ફોઈલ પેપર વાળી ટ્રેમાં રાખી દો. અને તેના પર બદામ/પિસ્તા કતરણ એડ કરતા જવી. તે પછી તેને ૧૫ થી ૨૦ મિનિટ માટે ફ્રીજમાં સેટ કરવા રાખવા.

❖ ❖ ❖ ❖

## (૪) નાળીયેર બરફી :

**સામગ્રી :-**

તાજુ ખમણેલુ નાળિયેર – ૨ કપ
સાકર – ૧ ૧/૪ કપ
ઘી – ૧ ચમચી
બદામ કતરણ – ૨ થી ૩ ચમચી
એલચી પાવડર – ૧ નાની ચમચી

**બનાવવાની રીત :**

નોનસ્ટીક પેનમાં ઘી લો તેમાં નાળિયેરનું ખમણ, સાકર એડ રકી સતત ૮ થી ૧૦ મિનિટ હલાવતા રહેવું. મિશ્રણ ધીમે ધીમે ઘટ્ટ થાશે અને તેની ઘી કરેલ ગ્રીસ કરેલા થાળીમાં પાથરવુ અને ઉપરથી બદામ કતરણ છાંટીને હળવા હાથે દબાવો. અડધી કલાક માટે ફ્રીજમાં સેટ કરવા રાખવુ પછી તેના ચોરસ ટુકડા કરવા. બરફીને કઠણ બનાવવા માટે ફ્રીજમાં ૮ થી ૧૦ કલાક સુધી રાખવી.

❖ ❖ ❖ ❖

## (૫) બેસન લાડુ

**સામગ્રી :-**

ચણાનો કરકરો લોટ – ૧ કપ
દળેલી ખાંડ – ૧/૨ કપ
એલચી પાવડર – ૨ ચમચી
કિસમીસ – ડેકોરેશન માટે
ઘી – ૧/૨ કપ

**બનાવવાની રીત :**

એક નોનસ્ટીક પેનમાં ઘી લો. તેમાં ચણાનો લોટ એડ કરવો. આછો ગુલાબી રંગનો થાય ત્યાં સુધી શેકવો. લોટ શેકાઈ જાય પછી તેને એકદમ રૂમ ટેમ્પ્રેચર પર ઠંડો કરવો. પછી તેમાં દળેલી ખાંડ, એલચી પાવડર એડ કરીને બરાબર મિક્સ કરવું. પછી તેમાંથી લાડુ બનાવવા અને લાડુ પર કિસમીસ લગાવીને ડેકોરેશન કરવું.

# ફૂડની વાત મેગેઝીનનો ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ

આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજના યુવાનોને સ્ટાર્ટઅપ દ્વારા કંઇક નાવીન્ય કરવા માટે હંમેશા પ્રેરણા આપે છે. અમે પણ આ જ સ્ટાર્ટઅપના માધ્યમથી અમે 'ફૂડ વાત' મેગેઝીનની શરૂઆત કરેલ. ફૂડની વાત માસિક મેગેઝીનનો પ્રથમ અંક ઓક્ટોબર-૨૦૨૦માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. હવે આ ફૂડની વાત મેગેઝીન ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. આ મેગેઝીનની આવૃતિ ફૂડ ઇન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા વેપારી તથા ઉદ્યોગપતિઓને મોકલવામાં આવે છે. અમારા ડિજીટલ પ્લેટફોર્મ પર આ આવૃત્તિ ફ્રી પ્રકાશિત કરવામાં આવે છે. સાથે જણાવતા આનંદ થાય છે કે અમારા ડિજીટલ પ્લેટફોર્મ પર અનેક ગણો પ્રતિસાદ મળ્યો છે.



www.foodnivaat.com ઉપર દર મહિને નવી આવૃતિ અપલોડ કરવામાં આવે છે જેને કારણે દરેક જગ્યાએ વાંચક વર્ગને પોતાના સમય અનુસાર આ મેગેઝીનનું વાંચન કરી શકે છે. તેમજ આ મેગેઝીનમાં આપવામાં આવેલી માહિતી દ્વારા તેમના વ્યવસાયમાં તેઓને આગળ વધવા માટે આ સામયિક ઉપયોગમાં આવી શકે.

ફૂડની વાત માસિક મેગેઝીન પ્રિન્ટની સાથે સાથે ડિજીટલ પ્લેટફોર્મ દ્વારા આ ઇન્ડસ્ટ્રીઝને હવે ડિજીટલ સાથે જોડાવા ઇચ્છે છે. ફૂડની વાત મેગેઝીન ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજી ત્રણેય ભાષા એક સાથે હોવાથી ગુજરાત બહારના રાજયમાં પણ ઉપયોગી થાય છે. અમારો ઉદ્દેશ એ છે કે ફૂડ ઇન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા વધુમાં વધુ વેપારી મિત્રો અને ઉદ્યોગપતિઓ એમના વ્યવસાયમાં સતત વધારો કરતા રહે તેમજ રાજય બીજા રાજય સાથે વેપાર ઉદ્યોગમાં સંકળાયેલા રહે.

પ્રિન્ટની સાથે સાથે ડિજીટલ હોવાના અનેક ફાયદાઓ પણ મળે છે. ફૂડ પ્રોડક્ટનું તેમજ મશીનરીનું ઉત્પાદન કરતાં ઉદ્યોગપતિ એમની પ્રોડક્ટનું આઉટ સ્ટેટમાં પણ સહેલાયથી પોતાની બ્રાન્ડને વધુ લોકો સુધી પહોંચાડી શકે છે, અને તે પણ ખૂબ જ ઓછી કિંમતમાં, વધુમાં વધુ લોકો ડિજીટલ આવૃતિને વાંચતા રહે તે માટે અલગ અલગ માધ્યમથી અમારા વેબ પોર્ટલ પર વાંચક વર્ગને લાવવાનો પ્રયત્ન અમે કરતાં રહીએ છીએ. આપ આપની અનુકુળતાએ આ મેગેઝીનને વાંચવા માટે www.foodnivaat.com વિઝીટ કરી શકો છો તેમજ ફૂડની વાત મેગેઝીન વિશેષ માહિતી માટે ૭૫૭૫૮ ૩૦૩૦૯ પર સંપર્ક કરવો.

# હાસ્ય વિશ્વ

બીડીના બંધાણીનો એકસરે જોઇ ડોક્ટર : 'તમારા ફેફસામાં કાણું છે.'

બંધાણી : 'કાણું ફેફસામાં નથી, એકસરેમાં બીડી અડી ગઇ છે.

❖ ❖ ❖ ❖

એક મહેસાણાવાળા ભાઇ ચાની લારી પાસે જઇ ચાનો ઓર્ડર આપી બોલ્યા, 'પોણી આલજે.'

લારીવાળાએ સ્પષ્ટતા કરી, 'કાં અડધી આવે, કાં આખી આવે. પોણી ન આવે.'

❖ ❖ ❖ ❖

પતિ : 'ભીંડાના શાકમાં મીઠું થોડું વધારે પડી ગયું છે.'

પત્ની : 'મીઠું બરાબર જ છે, ભીંડા ઓછા પડયા. તમે ભીંડા ઓછા લાવ્યા હતા.'

❖ ❖ ❖ ❖

સવારથી ગાળાગાળી કરતા બંને પાડોશીઓને બે કલાક સમજાવ્યા કે શરીરના ઘા રુઝાઇ જશે પણ શબ્દોના ઘા કયારેય રુઝાતા નથી.

ત્યારે માંડ બંને મારામારી પર આવ્યા.

❖ ❖ ❖ ❖

જાહેર સૂચન : 'મહામારીમાં વાઇરસને ફેલતાં અટકાવો.'

અંગત સૂચના : 'પોતાના પેટને પણ ફેલતાં અટકાવો.'

❖ ❖ ❖ ❖

ભૂરાની બેંક-લોન પાસ થઇ ગઇ. મેનેજરે ભૂરાના હાથમાં ચેક આપ્યો.

ભૂરાએ કૃતજ્ઞતા વયકત કરતાં કહ્યું, 'હું તમારું આ ઋણ કયારેય ચૂકવી નહિ શકું.'

❖ ❖ ❖ ❖

પતિ : 'તું બહાર જાય છે ત્યારે મનમાં ભય લાગ્યા કરે છે.'

પત્ની : 'એમાં શું, હું વહેલી પાછી આવી જઇશ.'

પતિ : 'બસ, એ જ ભય લાગ્યા કરે છે.'

❖ ❖ ❖ ❖

પત્ની : 'મારે તો એક સમજુ પુરુષ સાથે લગ્ન કરવાં હતાં.'

પતિ : 'તારી સાથે કોઇ સમજદાર પુરુષ લગ્ન કરે નહિ.'

પત્ની : 'તમારી સ્વીકાર વૃત્તિ સારી કહેવાય.'

❖ ❖ ❖ ❖

ભિખારી : 'માજી રોટલી આપોને !'

માજી : 'હજી નથી બની, મોડેથી આવજે.'

ભિખારી : 'માજી આ લો મારો નંબર, બને એટલે મિસકોલ મારજો.'

માજી : 'મિસકોલની શી જરૂર છે, હું રોટલી વોટસએપ કરી દઇશ. ડાઉનલોડ કરી લેજે.'

❖ ❖ ❖ ❖


ચિત્રકાર : 'સાહેબ, તમારાં પત્નીનું આબેહૂબ ચિત્ર દોરી આપું. જોઇને તમને થશે કે હમણાં બોલી ઊઠશે.'

પતિ : 'તો રહેવા દે ભાઇ!'

દિવાળી તથા
નૂતન વર્ષનાં સૌને
ખૂબ ખૂબ અભિનંદન



**દિલિપભાઈ સિંહાર**
સિંહાર સ્કૂલ, પંચાયત ચોક, યુનિ. રોડ.
રાજકોટ. મો. ૯૦૯૯૯ ૮૦૭૦૭



# KITCHEN SHUTTER

**4 TYPES of Shutters**
Made from Calibrated Red n Red Water Proof Plywood

Laminate Shutter • Back Painted Glass Shutter
MDF Foil Shutter • Acrylic Shutter

Also Available all Type of Customised
**Modular Furniture | Bed | Wardrobe**
**Dressing | TV Units | Kitchen Carcase**

**ACCURATE®**
*Bedroom - Kitchen - Living - Office*
Godown Road, Nr. Tagore Road,
Beside Shilp Tower, Rajkot - 2.
**Mo. 94282 02697 / 98**

*With Best Compliments...*

Shailesh Khambhayata
Mo. 98242 16122

Sagar Khambhayata
87587 51523

**RAVI**
**GLASS & METAL**



All Type of
Aluminium Section
and Glass Traders

Nana Mava Main Road,
Beside of TVS Madhav
Showroom, Rajkot.
E : rglassmetal@gmail.com

**With Best Compliments....**

Jayesh N. Kharecha
94262 35358

Sanjay N. Kharecha
98248 83840



**KHARECHA**
**INDUSTRIES**
**Plastic Injection Mould, Blow Mould & Pressure Die Casting Die.**

4, Navrangpara, Behind Bhaktinagar Station,
Rajkot 360 004 Tel. +91 281 2371865
Email : kharechaind@yahoo.com


RAJ LAXMI
FLUID POWER CREATIVES
HI-TECH HYDRAULIC HOSE CRIMPING MACHINES
HYDRAULIC, PNEUMATIC, HYDRO POWERED ,
AUTOMATIC, SEMI-AUTOMATIC, MANUAL
4MM TO UPTO 200MM
Model : RLC - 206
Hose Crimping Machine (Vertical)
Upto 2" Cap.
Hand Operated
HoseCrimping Machine
Upto 1" Cap.
Model :RLC - 208
Hose Crimping
Machine
(Horizontal)
Upto 4" Cap.
Model : RLC - 207
Hose Crimping
Machine
(Horizontal)
Up to 2" Cap.
Model: RLC -208
Hose Crimping
Machine
Upto 2"
(Horizontal)
Automatic
Model: CH -215
Hose Crimping Machine
Upto 2" (Horizontal) Automatic
Low Pressure Motorised Hose
Crimping Machine Upto 1"
Hand Operated
Low Pressure Hose
Crimping Machine
Hose Skiving Machine
Hose Testing Machine
Hose Cutting Machine
Roll
MarkingM
achine
Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar :98250 14494
Manufacturer :
RJ
INDUSTRIES
1 - Paresh Estate,
Opp. Jaynath Complex,
Makkam Chowk,Gondal Road,
Rajkot 360 002
Email : r.jgajjar78@gmail.com.
rjinds@yahoo.co.in

# ONE STOP SOLUTION FOR HYDRAULIC HOSES & FITTINGS

Authorised Distributor :
(Saurashtra & Kutch)

Gates USA

POWERING PROGRESS

Manufacturer :

**R.J INDUSTRIES**

THE WORLD'S MOST TRUSTED NAME IN HYDRAULICS HOSES AND FITTINGS

Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar : 98250 14494

1, Paresh Estate, Opp. Jaynath Complex, Makkam Chowk, Gondal Road, Rajkot 360 002. Email : r.jgajjar78@gmail.com / rjinds@yahoo.co.in





MANUFACTURE OF :
HYDROAULIC
HOSES END FITTINGS

Gates POWERRING PROGRESS

HYDROAULIC HOSES, BELTS END FITTINGS

## PRESSURE OR RANGE, NO LIMITS....

- RUBBER BARIDED & SPIRAL HIGH PRESSURE HOSE
- AIR LESS PAINT SPRAY HOSE
- PNEUMATIC TOOL HOSE
- CEMENT GROUTING HOSE
- CHEMICAL HOSE
- WATER SUCTION/DISCHARGE HOSE
- PETROL DISPENSING HOSE
- MOBILE EQUIPMENT & EARTHMOVING HOSE
- OIL GAS ON OFF SHORE HOSE
- PVC BRATDED CLEAR HOSE
- JACK HOSE (MORE SAFE ECONOMICAL)
- TEFLON HIGH TEMPERATURE & PRESSURE HOSE
- STEAM HOSE
- HEAT RESISTANT CARBON FREE CABLE
- COOLANT HOSE
- ASBESTOS STANLESS STEEL CORRUGATED HOSE

FOR CATER PILLER, HITACHI, TEREX, JCB, POCLAN AND ALL TYPES OF EARTHMOVING MACHINERIES.
WE ALSO SUPPLY LOOSE HYDRAULIC HOSE & FITTINGS.

# Wish You Happy Diwali & Prosperous New Year

Vinod Bharadia
Bhavin Bharadia
Deepali Bharadia

## Rockwell Turnomatics
## Rapid Turnomatics

**CNC Turned Components & Machinery Parts**

TÜV SÜD South Asia An ISO 9001 - 2008 COMPANY

Plot No. 4, Survey No. 163/1, S.I.D.C. Main Road, Industrial Area,
Veraval (Shapar) Tal. Kotda Sangani, Dist. Rajkot - 360 024.
E-mail : rockwell.turnomatics@gmail.com

## ચિતરામણ™

Art & Nail Studio

108 Creston Commercial Complex, Nr. Shreenathdham Haveli,
80 Ft. Ambika Township Road, Mota Mava, Rajkot-360005. **Mo. 87581 08214**

MUSCLE FACTORY THE GYM

Hall - 1, Second Floor, Pragati Mall,
Veraval Main Road, Veraval (Shapar)
**Mo. 99244 30980**

THE ROCK'S GYM

2nd floor, Anant bhoomi, Opp. Matuki Hotel,
Near Punitnagar Pani Tako, New 80 Ft. Road,
Khodal Chowk, Rajkot. **Mo. 99138 57689**

# દીપોત્સવી પર્વની હાર્દિક શુભેચ્છા...

**Jagubhai Bharadia**
Managing Director
Mob.: 98250 74693

**Ankit J. Bharadia**
M.Tech. In UK
Director (Technical)
Mob.: 93289 99942

SINCE 1981

## SIFCO ENGINEERING PVT. LTD.

- Specialist in major kiln repair/maintenance, brick lining, commissioning, erection, system retrofit, fabrication & machining
- Service provider to major cement & chemical plants across North-West-Central India & Overseas (Africa & UAE)

SIFCO sealing solutions

## SIFCO ENTERPRISE

- Authorised Distributors of DICHTA Switzerland made oil seals

DICHTA®

**Corporate Office :** 16,17 & 32 Ankur Comm. Centre, Opp. Swaminarayan Gurukul, Gondal Road, Rajkot-360 002.Tele. : (O) 0281-2381464 E-mail : sif567@yahoo.com

TÜV ISO/TS 16949

**ISO 14001:2004, OHSAS 18001:2007 and ISO/TS 16949:2009 Certified**

**Branch Office**

| | | | |
|---|---|---|---|
| Porbander | Kodinar (Ambuja) | Beawer (Raj.) | Dubai (UAE) |
| Jafrabad | Raipur (M.P.) | Pune (MH.) | Nairobi-Kenya (Africa) |

## ELGON CEMENT LTD.


BRAND Hi-Bond CEMENT

**Manufacturers And Supplier Of 43/53 OPC & PPC Grade Cement**

Factory Add. : UASIN GISHU ELDORET
At. Turbo East / Leseru Block 7 (Leseru)/581
P.O. Box 8589,Eldoret-30100 - Kenya. (Africa)
Mob.: +254-797 260991,
E-mail: info@epilkenya.com

Corporate Office : 10, Mogotyo Road,
P.O. Box 43414-00100 Nairobi - Kenya.(Africa)
P.O. Box 8589,Eldoret-30100 - Kenya.(Africa)
E-mail: info@epilkenya.com

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month




VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**